-: વિષય :-
ગુજરાતી 01(G)

S.S.C. બોર્ડ-પરીક્ષાની પૂર્વતૈયારી માટે
Alankar®
PRACTICE PAPER ANSWER KEY

સમય : 3 કલાક
કુલ ગુણ : 80

મિત્રો, વિદ્યાર્થી જીવનમાં ધોરણ-10 એ કારકિર્દીનું સૌથી મહત્ત્વનું અને પાયાનું વર્ષ ગણાય. આથી ધોરણ 10માં ઉત્કૃષ્ટ પરિણામ લાવવા માટે **'Practice (મહાવરો) અનિવાર્ય હોય છે.** અને દરેક વિદ્યાર્થીની ઇચ્છા હોય છે કે મનપસંદ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે યોગ્ય મેરીટ લાવવું.

મહેનત + યોગ્ય દિશા + મહાવરો = જ્વલંત સફળતા

અલંકાર પબ્લિકેશન વિદ્યાર્થીઓની ઇચ્છાને પરિપૂર્ણ કરવા તજજ્ઞ લેખકો દ્વારા બોર્ડની લેટેસ્ટ પેપર-પેટર્ન અનુસાર **4 પ્રશ્નપત્રોનો સેટ, આન્સર-કી** સાથે આપની સમક્ષ મૂકતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

•વિશેષતાઓ તથા પેપર લખવા માટેની કાળજી :

સૂચનાઓ:

- અહેવાલ લેખન ભૂતકાળની ભાષામાં જ કરવું.
- નિબંધલેખનનો પ્રારંભ/ પ્રસ્તાવના આકર્ષક, કાવ્યપંક્તિ કે કહેવતથી કરવો.
- નિબંધલેખનમાં દરેક મુદ્દા વિશે અલગ - અલગ પેરેગ્રાફમાં લખવું.
- દરેક વિભાગ 20 ગુણનો છે.
- લેખન શુદ્ધિ, મૌલિકતા અને ભાષાસજ્જતા ધ્યાનમાં રાખી ગુણ અપાય છે.

ગુણપ્રદાન યોજના

વિભાગ - A (કુલ ગુણ- 20)

1. દરેક સાચા જોડકાં માટે 1 ગુણ (કુલ ગુણ - 4)
2. પ્રત્યેક સાચા ઉત્તર માટે 1 ગુણ (કુલ ગુણ - 2)
3. પ્રત્યેક સાચા ઉત્તર માટે 2 ગુણ (કુલ ગુણ - 6)
(કૃતિ, કર્તા, સાહિત્ય સ્વરૂપ દર્શાવવું.)
4. દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર માટે પ્રત્યેકના 4 ગુણ (કુલ ગુણ - 8)
(કૃતિ, કર્તા, ઉપનામ, સાહિત્ય સ્વરૂપ, સંદર્ભ લખવું.)

વિભાગ - B (કુલ ગુણ - 20)

5. પ્રત્યેક સાચાં જોડકાં માટે 1 ગુણ (કુલ ગુણ 4)
6. પ્રત્યેક સાચા ઉત્તર માટે 2 ગુણ (કુલ ગુણ - 2)
7. પ્રત્યેક સાચા ઉત્તર માટે 2 ગુણ (કુલ ગુણ - 6)
(કૃતિ, કર્તા, સાહિત્ય સ્વરૂપ દર્શાવવું.)
8. દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર માટે પ્રત્યેકના 4 ગુણ (કુલ ગુણ - 8)
(કૃતિ, કર્તા, ઉપનામ, સાહિત્ય સ્વરૂપ, સંદર્ભ લખવું.)

વિભાગ - C (કુલ ગુણ - 20)

9. થી 11. સાચો વિકલ્પ પસંદ કરવા માટે 1 ગુણ.
(દરેકનો કુલ ગુણ - 1)
12. પ્રત્યેક જોડકાં માટે 0.5 ગુણ (કુલ ગુણ -1)
13. સાચા ઉત્તર માટે 1 ગુણ (કુલ ગુણ 1)
14. થી 16. સાચો વિકલ્પ પસંદ કરવા માટે 1 ગુણ
(દરેકનો કુલ ગુણ - 1)
17. થી 20. સાચા ઉત્તર માટે 1 ગુણ(દરેકનો કુલ ગુણ - 1)
21. પ્રત્યેક સાચા ઉત્તર માટે 0.5 ગુણ(કુલ ગુણ 1)
22. થી 28. સાચા ઉત્તર માટે 1 ગુણ(દરેકનો કુલ ગુણ - 1)

વિભાગ -D (કુલ ગુણ - 20)

29. પંક્તિઓના અર્થને સ્પષ્ટ કરી પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરી પંક્તિઓને અનુરૂપ ઉદાહરણ માટે 4 ગુણ (કુલ ગુણ - 4)
30. ભૂતકાળની ભાષામાં અહેવાલ લેખન માટે 4 ગુણ (કુલ ગુણ- 4)
31. આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપીકરણ કરી યોગ્ય શીર્ષક માટે 4 ગુણ (યોગ્ય શીર્ષક 1 ગુણ, સંક્ષેપીકરણ માટે 3 ગુણ)
32. ગમે તે એક વિષય પર આપેલ પ્રત્યેક મુદ્દા આધારિત ફકરો પાડી આશરે 250 શબ્દોમાં સુવાચ્ય અને સુંદર અક્ષરોમાં નિંબધલેખન માટે 8 ગુણ (કુલ ગુણ 8).
(પ્રસ્તાવના અને ઉપસંહાર માટે વિષયને અનુરૂપ પંક્તિઓ લખવી.)

Very unique to learn.....
Alankar® Publication
H/75-A, Akshardeep Complex, Shastrinagar, Bhavnagar 364002
9726437575, 9624829482 alankarpublication@yahoo.com www.alankarpublication.com

No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.

(1) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : [04]

(અ) ગદ્યકૃતિ	(બ) સાહિત્યપ્રકાર
(1) રેસનો ઘોડો	(1) હાસ્ય નિબંધ
(2) ભૂલી ગયા પછી	(2) નવલિકા
(3) વાઈરલ ઈન્ફેક્શન	(3) એકાંકી
(4) છત્રી	(4) નિબંધ

જવાબ :

(1) રેસનો ઘોડો	(2) નવલિકા
(2) ભૂલી ગયા પછી	(3) એકાંકી
(3) વાઈરલ ઈન્ફેક્શન	(4) નિબંધ
(4) છત્રી	(1) હાસ્ય નિબંધ

(2) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો: [02]

(1) શાના માનમાં આદિવાસીઓ ફટાકડાં ફોડતાં હતાં?

જવાબ: (1) મૃત્યુના માનમાં આદિવાસીઓ ફટાકડાં ફોડતાં હતાં.

(2) ઉજ્જડ જમીનમાં જે ધાન પાકતું તેમાં કોનો ભાગ રહેતો?

જવાબ : (2) ઉજ્જડ જમીનમાં રાંકડી પ્રજા થોડુંઘણું ધાન પકવે તેમાં રાજા, અમલદાર, ધગડું, તલાટી, ભૂવો અને શાહુકારનો ભાગ રહેતો.

(3) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : [06]

(1) કાનજી અને દેવજી બાળકને લઈને ક્યાં જતાં હતાં? શા માટે?

જવાબ : (1) કૃતિ : જન્મોત્સવ

કર્તા : સુરેશ જોશી

સાહિત્ય પ્રકાર : નવલિકા

સંદર્ભ : 'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહમાંથી

કાનજી અને દેવજી બાળકને લઈને વેલજી ડોસાના ઘેર જતા હતા. વેલજી ડોસા નવજાત બાળકના ટાંટિયા વાળી આપવાનો ધંધો કરે છે. ટાંટિયા વાળવા એટલે બાળકને આજીવન અપંગ કરી દેવું. કાનજી અને દેવજી બાળકના ટાંટિયા વળાવવા જતાં હતાં, કારણ કે ભીખ માગવા માટે નિર્દોષ બાળકને અપંગ કરવો જરૂરી હતો.

(2) ડુંગરની પત્ની અચાનક અટકીને શા કારણે ઊભી રહી ગઈ?

જવાબ : (2) કૃતિ : ગતિભંગ

કર્તા : મોહનલાલ પટેલ

સાહિત્ય પ્રકાર : લઘુકથા

સંદર્ભ : 'વિકલ્પ' લઘુકથા સંગ્રહમાંથી

ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ, કારણ કે તેણે જમીન પર એક ઘાટીલી પગલીની છાપ જોઈ. એ છાપ જાણે પોતાની મૃત બબલીની પગલીની જ હોય તેવી હતી. મૃત બબલીની સ્મૃતિથી હાલી ઊઠેલી તે અટકી ગઈ. લઘુકથાના અંતે આ કરુણતાસભર ચોટ છે.

(3) અંતે કાળુ અનાજ માટેની મદદ લેવા શા માટે તૈયાર થાય છે?

જવાબ : (3) કૃતિ : ભૂખથીય ભૂંડી ભીખ

કર્તા : પન્નાલાલ પટેલ

સાહિત્ય પ્રકાર : નવલકથા ખંડ

સંદર્ભ : 'માનવીની ભવાઈ'માંથી

કાળુ અનાજ લેતાં અચકાતો હતો. સુંદરજી શેઠે આ જોયું એટલે તેને બોલાવીને કહ્યું કે કુદરત આગળ

આપણે સૌ લાચાર છીએ. તને એમ લાગતું હોય કે આ 'ધર્માદાનું' છે, તને હાથ લાંબો કરતા સંકોચ થતો હોય તો કાલથી તું આ ઓટલા પર આવીને ઝાડુ મારી જજે અને મુખિયાજી પાસેથી ગાદી-તકિયા માગીને અહીં પાથરી દેજે. પછી તને એમ નહીં થાય કે તું ધર્માદાનું ખાય છે. કાળુને સુંદરજી શેઠની મોટાઈ સ્પર્શી ગઈ. આથી અંતે કાળુ અનાજ માટેની મદદ લેવા તૈયાર થાય છે. કુદરતના કોપ સામે ઝઝૂમતા મનુષ્યની મનોવ્યથા અહીં મર્મસ્પર્શી બની છે.

અથવા

(3) શ્રીમદ્ રાજચંદ્રની સ્મરણશક્તિ અસાધારણ હતી એમ શા પરથી કહેશો ?

જવાબ : (3) કૃતિ : વિરલ વિભૂતિ

કર્તા : આત્માર્પિત અપૂર્વજી

સાહિત્ય પ્રકાર : ચરિત્ર નિબંધ

શ્રીમદ્ રાજચંદ્રની બુદ્ધિ સતેજ હોવાને કારણે તેઓ જે વાંચતા, ભણતા, ભણાવતા તે બધું તેમને આપોઆપ યાદ રહી જતું. સામાન્ય વિદ્યાર્થીને સાત ચોપડીનું શિક્ષણ પૂરું કરતા સાત વર્ષ લાગે એ તેમણે માત્ર બે જ વર્ષમાં પૂરું કરી નાખ્યું હતું. આ પરથી કહી શકાય કે શ્રીમદ્ રાજચંદ્રની સ્મરણશક્તિ અસાધારણ હતી.

(4) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો : [08]

(1) પં.જવાહરલાલ નહેરુએ વર્ણવેલું હિમાલયનું સૌંદર્ય તમારા શબ્દોમાં લખો.

જવાબ : (1) કૃતિ : હિમાલયમાં એક સાહસ

કર્તા : જવાહરલાલ નહેરુ

સાહિત્ય પ્રકાર : પ્રવાસ નિબંધ

સંદર્ભ : 'મારી જીવનકથા'માંથી

હિમાચ્છાદિત શિખરો અને હિમનદીઓ વચ્ચેના સાહસિક પ્રવાસનું સરસ વર્ણન પં.નહેરુની આ કૃતિમાં જોવા મળે છે.

ગોજીલા ઘાટની સાંકડી ખીણમાં આગળ વધો તો બંને બાજુ પહાડો ઊભા હતા. તેમનાં શિખરો ઉપર હિમનો મુકુટ ચળકી રહ્યો હતો. હિમના નાના-નાના પ્રપાતો નહેરુજી અને એમની ટુકડીનું સ્વાગત કરવા જાણે અતિ મંદ ગતિએ ઊતરી રહ્યાં હતા. પવન ઠંડો અને આકરો હતો, પણ દિવસે સૂરજનો મધુર તડકો માણવા મળે અને હવા નિર્મળ હતી. આગળ વધો તો હિમાલયની આસપાસનાં વૃક્ષો અને વનસ્પતિ અદૃશ્ય થઈ જાય, પછી માત્ર ખડક, હિમ અને બરફ, ક્યાંક-ક્યાંક પુષ્પો દેખાય. આ જંગલી અને વેરાન પ્રકૃતિમંદિરો જોઈને સંતોષ થાય. સતત ચઢાણ ચઢો તો નજર સામે એક વિશાળ હિમસરોવર દેખાય. હિમાચ્છાદિત શિખરોથી વીંટળાયેલું આ ભવ્ય દૃશ્ય દેવોના મસ્તક ઉપર મુકુટ જેવું લાગતું હતું.

(2) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

જવાબ : (2) કૃતિ : ઘોડીની સ્વામિભક્તિ

કર્તા : જોરાવરસિંહ જાદવ

સાહિત્ય પ્રકાર : લોકકથા

સંદર્ભ : 'લોકસાહિત્યની અશ્વકથાઓ'

આ લોકકથામાં આંબા પટેલનો અશ્વશોખ અને અશ્વ પ્રત્યે સંતાન જેવા વાત્સલ્યનું વર્ણન થયું છે.

આંબા પટેલ ઢેલ ઘોડી પર સવાર થઈને મામાને ત્યાંથી પોતાને ઘેર જવા ઉપડ્યા. ચોમાસાના દિવસો હતા. વરસાદને કારણે શેત્રુંજી

નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. આંબા પટેલ શેત્રુંજી નદી ઓળંગીને સામે પાર કેમ જવું એની વિમાસણમાં હતાં. મામાને ત્યાં પાછા જવાય તેમ નહોતું અને ઘરે પહોંચ્યા વિના છૂટકો નહોતો, એમ વિચારીને આંબા પટેલે કેડ્ય બાંધીને ઘોડીને એડી મારી. ઘોડી છલાંગ મારી શેત્રુંજી નદીમાં ખાબકી; પરંતુ નદીમાં પાણીનું વહેણ પુષ્કળ હતું. ઢેલ ઘોડી તો જેમ તેમ કરીને કાંઠા સુધી પહોંચી ગઈ, પણ ઘોડીને જાણ થઈ કે તેનો માલિક પાણીમાં રહી ગયો છે. એટલે ઘોડી નસકોરાં ફૂલાવતી સહેજ પણ રોકાયા વિના પાણીમાં ખાબકીને ધણીને શોધવા નીકળી. તે વખતે આંબા પટેલ પાણીમાં તણાતા હતા. તરવામાં તેમની એક પણ કારી ફાવતી નહોતી. તેમનામાં હિંમત રહી નહોતી. ત્યાં તો સડસડાટ કરતી ઘોડી આંબા પટેલની નજીક પહોંચી. ઘોડીને જોતાં જ આંબા પટેલમાં હિંમત આવી અને સઘળી તાકાત એકઠી કરીને ઘોડીને વળગી પડ્યાં. ચતુર ઘોડીએ પાણીમાં પંથ કાપવા માંડ્યો. પાણીમાં ફંગોળાતી ફંગોળાતી ઘોડી મહામુસીબતે નદીના કાંઠે આવી. આમ, જાતવાન ઘોડીએ સંકટ સમયે પોતાના ધણીને બચાવીને તેના પ્રત્યેની વફાદારી અને ખાનદાની દર્શાવી.

અથવા

(2) ‘આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે.’ આ વિધાન વિગતે સમજાવો.

જવાબ : (2) કૃતિ : રેસનો ઘોડો

કર્તા : વર્ષા અડાલજા

સાહિત્ય પ્રકાર : નવલિકા

સંદર્ભ : ‘કોઈ વાર થાય કે’માંથી

શિક્ષણનો પાયાનો સિદ્ધાંત આનંદ આપવાનો છે. બાળકને સારો માણસ બનાવવાનો છે. વાલીઓની અપેક્ષાઓને કારણે આજનું શિક્ષણ વધુ સ્પર્ધાત્મક બન્યું છે, પરિણામે નાનપણથી જ વધુ ગુણ પ્રાપ્ત કરવાના ભારણને કારણે તેનું બાળપણ છિનવાઈ જાય છે. એ બાબતે લાલબત્તી ધરતી આ વાર્તા છે.

“આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા બને તે છે.” આ વિધાન અંકિતની ‘મા’ નીનાબહેન કહે છે. નીનાબહેન પોતાનાં બાળક અંકિત પર ભણતરનો વધુ પડતો ભાર મૂકવામાં માનતાં નથી. બાળક માંદું પડે તોપણ દવા ખાઈને પણ કમ્પ્યૂટર ક્લાસ ભરવા જાય તે એમને પસંદ નથી. તેઓ માને છે કે બાળકનું બાળપણ છિનવી લેવું ન જોઈએ. તેને ભણતરની સાથે મુક્તપણે હરવા ફરવાની, બગીચામાં જઈ હીંચકા ખાવા જેવી અનેક બાળસહજ રમતો રમવાની છૂટ આપવી જોઈએ. બાળકને રામાયણ મહાભારતની બાળકથાઓ તેમજ અન્ય બાળકથાઓ વાંચવા આપવી જોઈએ. આવાં વાંચનથી એમનામાં કૌટુંબિક ભાવના, દેશપ્રેમ જેવાં અનેક સંસ્કારોનું સિંચન થાય છે. નીનાબહેન માને છે કે ભણતર જરૂરી છે, પણ તેને માટે બાળકને સતત ટોકતા રહેવું, તેને ઊતારી પાડવો તે યોગ્ય નથી. ભવિષ્યમાં તેને કયા વિષયમાં આગળ વધવુ છે તે એને પસંદ કરવા દેવું જોઈએ. શિક્ષણ કારકિર્દી માટે જરૂરી છે, પણ એથીયે વિશેષ શિક્ષણનું ધ્યેય બાળક સંસ્કારી બને અને એક ઉમદા માણસ બને એ હોવું જોઈએ. નીનાબહેનનું પણ આ જ સપનું હતું અને તેના દીકરા અંકિતે એ પુરવાર કર્યું.

વિભાગ - B

(5) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [04]

(અ)	(બ)
(1) એક બપોરે	(અ) કલાપી
(2) દિવસો જુદાઈના જાય છે.	(બ) જયંત પાઠક
(3) બોલીએ ના કાંઈ	(ક) રાજેન્દ્ર શાહ
(4) વતનથી વિદાય થતાં	(ડ) 'ગની' દહીંવાલા
	(ઈ)રાવજી પટેલ

જવાબ : **(5)**

(અ)	(બ)
(1) એક બપોરે	-રાવજી પટેલ
(2) દિવસો જુદાઈના જાય છે.	-'ગની' દહીંવાલા
(3) બોલીએ ના કાંઈ	-રાજેન્દ્ર શાહ
(4) વતનથી વિદાય થતાં	-જયંત પાઠક

(6) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : [02]

(1) મારગની ધૂળને કવિ હરીન્દ્ર દવે શું પૂછે છે ?

જવાબ : **(1)** કવિ મારગની ધૂળને વાંસળીના સૂર દ્વારા પૂછે છે કે તમે મારા માધવને ક્યાંય દીઠો છે ?

(2) કવિ કલાપીની દૃષ્ટિએ પક્ષી ક્યાં મળશે ?

જવાબ **(2)** કવિ કલાપીની દૃષ્ટિએ પંખીને પામવા માટે તેના પર તીર ચલાવવાનું નથી, પરંતુ ક્યાંક છુપાઈને તેનાં મધુર ગીત (કલરવ) સાંભળવાનાં છે.

(7) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : [06]

(1) સત્યના આયુધની કઈ વિશેષતા છે ?

જવાબ : **(1)** કૃતિ : હું એવો ગુજરાતી
કર્તા : ડૉ. વિનોદ જોશી
સાહિત્ય પ્રકાર : ગીત

ગુજરાતના મહિમાનું વર્ણન કરતા કાવ્યોમાં આ એક વિશિષ્ટ કાવ્ય છે. ગુજરાત એની સમગ્ર વિશેષતાઓ સાથે આ ગીતમાં નિરૂપાયું છે.

અહીં કવિ વિનોદ જોશીએ ગાંધીજીના સત્યને શસ્ત્ર (આયુધ) કહ્યું છે. સમગ્ર વિશ્વમાં અનેક યુદ્ધો જાતજાતનાં આયુધોથી લડાયાં છે અને ભવિષ્યમાં પણ લડાતા રહેશે; પરંતુ આ સત્યરૂપી આયુધની વિશેષતા એ છે કે ગાંધીજીએ એનાથી અંગ્રેજોને ધ્રુજાવ્યા હતા. આપણાં દેશને આ આયુધથી જ આઝાદી મળી હતી. વિશ્વની યુદ્ધકથાઓમાં આ એક અનોખી ઘટના છે.

(2) ગંગાસતી પાનબાઈને કેવી વ્યક્તિની સંગત કરવાનું કહે છે ?

જવાબ : **(2)** કૃતિ : શીલવંત સાધુને
કર્તા : ગંગાસતી
સાહિત્ય પ્રકાર : ભજન
સંદર્ભ : 'ગંગાસંતીની ભજનગંગા'માંથી

ગંગાસતીએ પ્રસ્તુત ભજનમાં એક આદર્શ સંત કેવા હોય એની વાત કરી છે.

જે સંતના મન, વચન અને વાણીમાં એકરૂપતા છે; જે આઠે પ્રહર આનંદમાં રહેતા હોય, પ્રભુમાં જ જેનું મન પરોવાયેલું હોય, જેનું જીવન નિર્મોહી અને હંમેશા ભજનમાં વ્યસ્ત રહેતું હોય. એવી વ્યક્તિની સંગત કરવાનું ગંગાસતી પાનબાઈને કહે છે.

(3) 'પરસ્ત્રી જેને માત રે' - પંક્તિ સમજાવો.

જવાબ : **(3)** કૃતિ : વૈષ્ણવજન
કર્તા : નરસિંહ મહેતા
સાહિત્ય પ્રકાર : પદ
સંદર્ભ : 'નરસિંહ મહેતાનાં શ્રેષ્ઠ પદ'માંથી

'વૈષ્ણવજન' પદ ગાંધીજીને અતિપ્રિય હતું એ કારણે સમગ્ર વિશ્વમાં આ પદ આજે જાણીતું બન્યું છે.

વૈષ્ણવજનની આંખો નિર્મળ હોય છે. તે સૌની તરફ સમભાવ અને સમદષ્ટિ રાખે છે. તે પરસ્ત્રી તરફ કુદૃષ્ટિ કરતો નથી. તે પરસ્ત્રીને માતા ગણે છે.

અથવા

(3) મુરલી ઠાકુરને આંગણું મોટું શા માટે લાગે છે?

જવાબ: (3) કૃતિ : "લઘુકાવ્યો" : હાઈકુ

કર્તા : મુરલી ઠાકુર

સાહિત્ય પ્રકાર : હાઈકુ

સંદર્ભ : સફર અને બીજાં કાવ્યો

કવિ મુરલી ઠાકુરનું ખોરડું નાનું છે. બહાર મજાનું આગણું છે. સૂર્યનો ઉજાસ ચારેબાજુ પથરાય છે. કવિ મુરલી ઠાકુરની ચેતના આ ઉજાસને ઝીલે છે. ચેતના સ્વયં વિસ્તરે છે, તેથી ઓરડા બહારનું આંગણું કવિને મોટું લાગે છે.

(8) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખોઃ [08]

(1) ભક્ત કવિ નરસિંહ મહેતા વૈષ્ણવજનનાં કયાં-કયાં લક્ષણો જણાવે છે?

જવાબ : (1) કૃતિ : વૈષ્ણવજન

કર્તા : નરસિંહ મહેતા

સાહિત્ય પ્રકાર : પદ

સંદર્ભ : 'નરસિંહ મહેતાનાં શ્રેષ્ઠ પદ 'માંથી

આ પદમાં વૈષ્ણવજન (સજ્જન કે ભગવાનનો માણસ)નાં લક્ષણો દર્શાવવામાં આવ્યાંછે.

નરસિંહ મહેતા વૈષ્ણવજનનાં લક્ષણો દર્શાવતાં જણાવે છે કે સાચો વૈષ્ણવજન હંમેશા પારકાનાં દુઃખદર્દને સમજે છે અને તેને દૂર કરીને તેના પર ઉપકાર કરે છે, છતાં મનમાં તેનું સહેજે અભિમાન લાવતો નથી.

સમગ્ર વિશ્વમાં સૌને તે વંદન કરે છે. તે કોઈની નિંદા કરતો નથી. તેનાં મન, વાણી અને ચારિત્ર્યમાં કોઈ ભિન્નતા જોવા મળતી નથી. આવા વૈષ્ણવજનની માતા ધન્યવાદને પાત્ર છે.

સાચા વૈષ્ણવજનની દૃષ્ટિમાં સૌ સમાન છે. તેણે કામનાનો ત્યાગ કર્યો હોય છે. તે પરસ્ત્રીને માતા સમાન ગણે છે. તે ક્યારેય અસત્યનું આચરણ કરતો નથી અને પરાયા ધનને હાથ પણ લગાડતો નથી. એ મોહ-માયાથી પર હોય છે.

તેના હૃદયમાં દૃઢ વૈરાગ્ય ભાવ હોય છે. તેનું ચિત્ત હંમેશા રામનામની ધૂનમાં લીન હોય છે. તે નિર્લોભી, નિષ્કપટ નિર્મળ હોય છે. તેણે કામ-ક્રોધ પર વિજય મેળવ્યો હોય છે. આવો વૈષ્ણવજન સ્વયં તીર્થસ્વરૂપ છે.

(2) દીકરીનો ઉછેર કેવી રીતે થવો જોઈએ ? તે તમારા શબ્દોમાં વર્ણવો.

જવાબ : (2) કૃતિ : દીકરી

કર્તા : અશોક ચાવડા 'બેદિલ'

સાહિત્ય પ્રકાર : ગઝલ

સંદર્ભ : 'પગરવ તળાવમાં'માંથી

દીકરી પારકી થાપણ નથી, દીકરી તો આંગણાનો તુલસીક્યારો છે. જેમ પવિત્ર તુલસીને આપણે જળસિંચન કરીએ છીએ તેમ દીકરીમાં સારા સંસ્કારોનું સિંચન કરવું જોઈએ, જેથી સાસરિયામાં પોતાના સંસ્કારોથી સૌનું દિલ જીતી શકે. દીકરો- દીકરી એક સમાન માની તેના સર્વાંગી વિકાસ માટે તક આપવી જોઈએ. એક સમજદાર,

ગુણિયલ, ખાનદાન, કુટુંબવત્સલ દીકરી પિયર અને સાસરી એમ બંને પરિવારને ઉજાળે એવો એનો ઉછેર કરવો જોઈએ. દીકરીને સુશિક્ષિત અને પગભર બનાવીને માબાપે પોતાની ફરજ પૂર્ણ કરવી જોઈએ.

અથવા

(2) માધવને મેળવવા માટેની સૂરની તીવ્ર ઉત્કંઠા તમારા શબ્દોમાં લખો.

જવાબ : (2) કૃતિ : માધવને દીઠો છે ક્યાંય ?

કર્તા : હરીન્દ્ર દવે

સાહિત્ય પ્રકાર : ઊર્મિગીત

સંદર્ભ : 'વરસાદની મોસમ છે.'માંથી

કૃષ્ણ વિરહનાં કાવ્યોમાં અનોખી ભાત પાડતા આ કાવ્યમાં વાંસળી પોતે જ કૃષ્ણથી વિખૂટી પડી ગઈ છે અને વાંસળીનો સૂર શ્રીકૃષ્ણને શોધે છે.

ગીતના પ્રારંભનો પ્રશ્ન જ માધવને મેળવવા માટેની વાંસળીના સૂરની તીવ્ર ઉત્કંઠા સૂચવે છે. સૂર માધવ સાથે જોડાયેલાં તમામ સજીવ-નિર્જીવ તત્ત્વો પાસે જઈ 'મારા માધવને દીઠો છે ક્યાંય ?' એવો પ્રશ્ન કરે છે. એને ખાતરી છે કે કૃષ્ણ એને ક્યાંકથી તો મળશે જ. સૌપ્રથમ કૃષ્ણની ચરણરજથી પવિત્ર થયેલી મારગની ધૂળને પૂછે છે. ત્યાંથી પ્રત્યુત્તર ન મળતા એ યમુનાના વહેણ પાસે જાય છે. યમુનાના વહેણને મૌન જોઈ, રાધાની આંખને ઉદાસ જોઈ સૂર નિરાશ થાય છે. પવનની લહેરખી એને વ્યાકુળ કરે છે. બહાવરી રાત્રિનાં પગલાંના સ્પર્શથી રાતરાણીને ઝાકળમાં નહાતી જુએ છે, પણ સૂરની ઉત્કંઠા સંતોષાતી નથી. મોરપિચ્છ ઊડતું આવે તો એના સુંવાળા રંગને સાચવવાની એને ઇચ્છા થાય છે. અંતે તેનામાં આશાનું એક કિરણ જાગે છે. સૂરને વાંસળીમાં કૃષ્ણ નામનો ચંદ્ર ઊગતો દેખાય છે. એ ચંદ્રના કિરણોનું તેજ યમુનાના જળમાં રેલાય છે. હવે એને પાતાળમાં કૃષ્ણ દેખાય છે. અહીં સૂરની શોધ સમાપ્ત થાય છે અને માધવનું દર્શન પામે છે.

આમ, કદંબની છાયાથી શરૂ થયેલી સૂરની આ શોધયાત્રા પાતાળમાં પરિણામ પ્રાપ્ત કરે છે.

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.**
  આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો :

(9) નીચેના બે શબ્દોની સાચી જોડણી શોધીને લખો : **[01]**

નીયમીત

(નિયમીત, નિયમિત, નીયમિત)MARCH-2020

વાતસલ્ય

(વાત્સલ્ય, વાલ્સત્ય, વાત્સત્ય) MARCH-2020

જવાબ : નિયમિત, વાત્સલ્ય

(10) પરિ + નામ શબ્દની સંધિ જોડો : **[01]**

(પરીણામ, પરિણામ, પર્યનામ) MARCH-2020

જવાબ : પરિણામ

(11) 'વૈષ્ણવજન' - સમાસ ઓળખાવો. **[01]**

(તત્પુરુષ, મધ્યમપદલોપી, કર્મધારય)MAR.-2020

જવાબ : કર્મધારય

(12) યોગ્ય જોડકું જોડો : **[01]**

(અ)	**(બ)**
(1) કર્તરિ વાક્ય	(અ) સુહાસ તરફથી બધા પ્રયત્નો કરાયા.
(2) કર્મણિ વાક્ય	(બ) મારાથી હોટલમાં રહેવા જવાયું
	(ક) તું શીલાને અન્યાય કરી રહ્યો છે.

જવાબ : (1) કર્તરિ વાક્ય : તું શીલાને અન્યાય કરી રહ્યો છે.

જવાબ : (2) કર્મણિ વાક્યઃ સુહાસ તરફથી બધાં પ્રયત્નો કરાયા.

(13) વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. **[01]**
ગાંધીજી હિંસા અને અસત્યના કટ્ટર વેરી હતા. (શ્લેષ, સજીવારોપણ, વ્યાજસ્તુતિ)

જવાબ : વ્યાજસ્તુતિ

(14) 'નીરોગી' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે? **[01]**
(પૂર્વ પ્રત્યય, પરપ્રત્યય, એકપણ નહીં)

જવાબ : પૂર્વ પ્રત્યય

(15) નીચેના શબ્દોનાં સમાનાર્થી શબ્દ શોધીને લખો: **[01]**
ઉમળકો - (આળસ, ઉમંગ, ઉભરો)
MARCH-2020
પય - (દૂધ, પાયલ, પગ) MARCH-2020

જવાબ : ઉમળકો - ઉમંગ, પય - દૂધ

(16) **'ઋષિકા'** સંજ્ઞાનો આપેલ વિકલ્પોમાંથી સાચો પ્રકાર જણાવો: MARCH-2020 **[01]**
(દ્રવ્યવાચક, ભાવવાચક, વ્યક્તિવાચક)

જવાબ : વ્યક્તિવાચક

● **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો :**

(17) નીચેનાં રૂઢિપ્રયોગનો અર્થ આપો : **[01]**
મોટાઈ માથે ચઢાવવી -

જવાબ : મહાનતાને માન આપવું.

(18) નીચે આપેલા કહેવતનો અર્થ લખો : **[01]**
નહીં ઘરના કે નહીં ઘાટના

જવાબ : ન આ બાજુના કે ન તે બાજુના.

(19) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : **[01]**
કણસલાને ખૂંદીને કે ઝૂડીને અનાજ કાઢવાની જગ્યા -

જવાબ : ખળું

(20) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો : **[01]**
ઉપકાર x

જવાબ : અપકાર

(21) બન્ને શબ્દોના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો : **[01]**
સુર - સૂર

જવાબ : સુર : દેવ સૂર : સ્વર

(22) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો : **[01]**
મસાણ

જવાબ : સ્મશાન

(23) નીચેનાં વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : **[01]**
રાત્રે સપ્તર્ષિ તારાઓ જોવા મળે છે.

જવાબ : સપ્તર્ષિ

(24) નીચેનાં વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો : **[01]**
ન માગે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે.

જવાબ : ન, દોડતું

(25) 'તૃપ્તિ' શબ્દના ધ્વનિ ઘટક (સ્વર-વ્યંજન) છૂટા પાડો. **[01]**

જવાબ : ત્ + ઋ + પ્ + ત્ + ઈ

(26) નીચેના વાક્યની પ્રેરક વાક્યરચના બનાવો : **[01]**
ભગવાન કૃષ્ણ ગોકુળ પહોંચ્યા.

જવાબ : વસુદેવે ભગવાન કૃષ્ણને ગોકુળ પહોચાડ્યા.

(27) નીચેની પંક્તિનો છંદ ઓળખાવો : **[01]**
વળાવી બા આવી, નિજ સકલ સંતાન ક્રમશઃ

જવાબ : શિખરિણી

(28) 'ચોપાઈ' છંદનું બંધારણ જણાવો **[01]**

જવાબ : ચાર ચરણ અને પ્રત્યેક ચરણમાં 15 માત્રા

વિભાગ - D

(29) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યમાં અર્થવિસ્તાર કરો. [04]

આવ નહીં, આદર નહીં, નહીં નયનોમાં નેહ;
તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ.

જવાબ : પ્રસ્તુત પંક્તિમાં કવિ કહે છે કે જે આંગણું આપણને આવકાર આપે નહીં, આદર આપે નહીં અને જેમની આંખોમાં આપણા માટે પ્રેમ ન હોય તે આંગણામાં સોનાનો વરસાદ વરસતો હોય તોપણ આપણે ન જવું જોઈએ.

દરેકને પોતાનું સ્વમાન વહાલું હોય છે. એવા ધનવાનના ઘેર ન જવું જોઈએ, જ્યાં આપણું સન્માન ન જળવાતું હોય. પ્રેમ વગરના પકવાન કરતાં સ્નેહના સૂકા રોટલામાં વધારે મીઠાશ રહેલી છે. ભગવાન શ્રીકૃષ્ણે પણ દુર્યોધનના મહેલના મેવા-મીઠાઈના બદલે વિદુરના ઘેર જઈ ત્યાં ભાજી આરોગવાનું પસંદ કર્યું હતું.

આત્મસન્માન જાળવવા માટે આત્મપીડન કરવું પડે તોપણ કરવું જોઈએ પરંતુ આત્મસન્માનના ભોગે મહારાજાના આતિથ્યને પણ સ્વીકારવું જોઈએ નહીં. આત્મસન્માન જાળવીએ અને અન્યના આત્મસન્માનને ઠેસ પણ ન પહોંચાડીએ. સંત કવિ તુલસીદાસજીએ કહ્યું છે કે,

''आव नहीं, आदर नहीं, नहीं नैनन में स्नेह;
तुलसी वहाँ न जाइए, चाहे कंचन बरसे मेह।''

અથવા

(29) કદમ અસ્થિર હોય એને કદી રસ્તો નથી જડતો;
અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.

જવાબ : પ્રસ્તુત પંક્તિઓમાં કવિએ દૃઢ મનોબળનું મહત્ત્વ સમજાવ્યું છે. કવિ કહેવા માગે છે જેના પગ પહેલેથી જ ઢીલા હોય, મન ઢચુપચુ હોય તેને મંજિલ પ્રાપ્ત થતી નથી. તે રસ્તામાં જ અટવાયા કરે છે અને ભાંગી પડે છે. પરંતુ જેનું મનોબળ દૃઢ હોય, જે પોતાનું લક્ષ્યાંક સિદ્ધ કરવા બરાબર કમર કસી લે છે તેને હિમાલય પણ નડતો નથી. તેના રસ્તામાં આવતી ગમે તેવી આફતો પણ તેને મૂંઝવી શકતી નથી.

'મન હોય તો માળવે જવાય' કે 'રોતો જાય તે મુઆના સમાચાર લાવે.' આ કહેવતો પણ પ્રસ્તુત પંકિતઓના હાર્દને સમર્થન કરે છે. જે થવાનું હોય તે થાય, એવી ખુમારીથી જીવનારો મનુષ્ય જ જીવનમાં ઈચ્છિત પ્રગતિ કરે છે. તે તો ખુમારીપૂર્વક કહેશે કે,

'અમને નાખો જિંદગીની આગમાં,
આગને પણ ફેરવીશું બાગમાં.'

જીવન પોતે જ એક સંઘર્ષ છે. મુશ્કેલી કે કંટકો વગરનો માર્ગ ક્યાંય જતો નથી.

(30) તમારી શાળામાં યોજાયેલા સ્વચ્છતા અભિયાનનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો : [04]

તા. 2/10/19

જવાબ : મહાત્મા ગાંધીની 150મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે તેમજ સમગ્ર ગુજરાતની પ્રજાને રોગમુકત કરવા અને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવવા માટે 'નિર્મળ ગુજરાત' અભિયાનની શરૂઆત થઈ. તે અંતર્ગત શાળા, કોલેજો, સામાજિક સંસ્થાઓએ આ અભિયાનને સહર્ષ વધાવી લીધું. નાનાં-મોટાં સૌ કોઈ આ અભિયાનમાં જોડાઈ ગયાં. આ કાર્યક્રમ અંતર્ગત અમારી શાળા શ્રી મહાત્મા ગાંધી વિદ્યાસંકુલ પણ આ અભિયાનમાં જોડાઈ. અમારી શાળાનાં આચાર્ય, શિક્ષકો, તેમજ વિદ્યાર્થી ભાઈ - બહેનો પણ આ અભિયાનમાં જોડાયાં અને સ્વચ્છતાના

શપથ લીધા.

અમારી શાળામાં 20-20 વિદ્યાર્થીઓની ટુકડીઓ પાડવામાં આવી. દરેક ટુકડીને સફાઈની જવાબદારી સોંપવામાં આવી. બધાં જ વિદ્યાર્થીઓ સવારે શાળામાં પાવડાં, કોદાળી, સાવરણાં, તગારાં વગેરે સાધનો લઈને મેદાનમાં આવ્યાં હતાં. શાળાનાં પ્રાંગણની સફાઈનો આરંભ અમારી શાળાના આચાર્યશ્રીના હસ્તે કરવામાં આવ્યો હતો.

આમ,સ્વચ્છતા અભિયાનની શરૂઆત થઈ હતી.વિદ્યાર્થીઓ દ્વારા શાળાસફાઈ, ગ્રામસફાઈ અને બગીચાની સફાઈ કરવામાં આવી હતી. અંતમાં આચાર્યશ્રીએ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓની સુંદર કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવીને જીવનમાં સ્વચ્છતા અને સહકારનું મહત્ત્વ સમજાવ્યું હતું. આમ, સવારે શરૂ થયેલો સ્વચ્છતાનો કાર્યક્રમ સાંજે પૂર્ણ થયો હતો.

(31) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો: [04]

"કુદરતમાં ફરતી વખતે માણસને કેવો આનંદ આવે છે એના ઉપરથી એનામાં સુખી થવાની ક્ષમતા કેટલી છે, તે જાણી શકાય છે. માણસ મૂળભૂત રીતે એક પ્રાણી છે અને પ્રાણીઓનું સાચું સ્થાન કુદરતમાં છે. પાંજરામાં રહેલું પક્ષી સલામત જરૂર છે, પરંતુ એનાં જેવાં જ કુદરતમાં ઊડતાં બીજાં પક્ષીઓ જેવું સુખી નથી હોતું. જે વ્યક્તિ ઊગતાં કે આથમતાં સૂર્યનું સૌંદર્ય, ચાંદની રાતની શીતળતા, સૂમસામ રાતનું સંગીત, ઊંચા પર્વતોની ભવ્યતા, વહેતાં ઝરણાંનો કલરવ, હવાનો મધુર સ્પર્શ કે ભીની માટીની સોડમ માણી શકે નહીં, તે એટલા પ્રમાણમાં સુખી થવાની ક્ષમતા ગુમાવી દે છે. સુખી સ્વભાવની વ્યક્તિ ધનવાન હોય કે નિર્ધન, કુદરતના સૌંદર્ય અને ભવ્યતાને જોઈને આનંદવિભોર થઈ જાય છે."

- મોહમ્મદ માંકડ

જવાબ : શીર્ષક : **કુદરતનો મહિમા**

કુદરતપ્રેમી વ્યકિત સુખી વ્યકિત છે. પાંજરામાં પૂરાયેલાં પક્ષી કરતાં સ્વતંત્રતાનો લ્હાવો લેતાં પક્ષીઓ વધુ સુખી છે. જે વ્યકિત કુદરતના સૌંદર્યને માણી શકતો નથી તે વ્યકિત વધારે દુઃખી છે. જે કુદરતના મહિમાને નથી જાણતો તે ધનવાન છતાં નિર્ધન છે.

(32) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો : [08]

(1) લોકશાહીનો આધાર સ્તંભ : ચૂંટણી

પ્રસ્તાવના - ચૂંટણીઓ - શાસકો - શાસિતો - અવરોધક પરિબળો - ઉપસંહાર

- **પ્રસ્તાવના :**

'Goverment of the people, by the people, for the people.' અબ્રાહમ લિંકને આપેલી વ્યાખ્યા પ્રમાણે 'લોકોનું, લોકો માટે, લોકો દ્વારા ચાલતું રાજ્ય એટલે લોકશાહી." 'Democracy' શબ્દ મૂળ ગ્રીક શબ્દ Demos (લોકો) અને Kratos (સત્તા)માંથી ઊતરી આવ્યો છે. રાજ્યસત્તા અમુક વ્યક્તિઓના હાથમાં નિરંકુશ રીતે સ્થાપિત થયેલી નથી; પરંતુ લોકોના હાથમાં છે. લોકશાહી એવી રાજ્યવ્યવસ્થા છે કે જેમાં દેશમાં લોકો સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મેળવી શકતા હોય અને રાજ્યવ્યવસ્થામાં ભાગ લેવાનો અધિકાર ધરાવતા હોય.

- **ચૂંટણીઓ**

ભારતના બંધારણમાં સાર્વત્રિક પુખ્તવય મતાધિકારના ધોરણે મતદારોએ ચૂંટેલા પોતાના

પ્રતિનિધિઓ દ્વારા રચાતી કારોબારી (પ્રધાનમંડળ અને વહીવટી તંત્ર) લોકસભાને જવાબદાર હોય છે. કારોબારીને અબાધિત સત્તા નથી. તેને નિયત મર્યાદા સુધી જ સત્તાનું સુકાન સોપાય છે. તે જ પ્રમાણે રાજ્ય અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કાર્ય કરે છે. આપણા દેશમાં લગભગ દર પાંચ વર્ષે સામાન્ય ચૂંટણીઓ યોજાય છે. ગ્રામપંચાયતથી માંડીને લોકસભા કે રાષ્ટ્રપતિ પદ માટે યોજાતી ચૂંટણી બહુમતી મત ઝંખે છે.

- **શાસકો અને શાસિતો :**

શાસકપક્ષના જે નેતાઓ પોતાને જનતાના સેવક ગણીને પ્રજાકલ્યાણનાં કાર્યો કરે છે, તેઓ લોકપ્રિય બને છે, જ્યારે કેટલાંક નેતાઓ ચૂંટાયા પછી પોતાની જાતને જનતાના માલિક ગણવા માંડે છે. લોકોના પૈસે તાગડધિન્ના કરતા, ગાડી-બંગલાઓમાં જ રહેતાં, પ્રજાવિમુખ બની પ્રજાનાં પ્રશ્નોને વાચા આપવાનું ટાળે છે. ભ્રષ્ટાચારથી અઢળક સંપત્તિ એકઠી કરી આ સંપત્તિના જોરે ફરી ચૂંટાઈ જાય છે. લોકશાહીનું સાચું બળ જનતા જ છે. જનતા જેટલી જાગૃત હશે તેટલી જ લોકશાહી સફળ થશે. અશિક્ષિત, જ્ઞાતિવાદી-કોમવાદી માનસ ધરાવતી ગરીબ જનતા પોતાનો કીમતી મત વેડફી નાખે છે. પરિણામે અયોગ્ય શાસક ચૂંટાઈ આવે છે અને દેશની પ્રગતિને ધક્કો લાગે છે.

- **અવરોધક પરિબળો :**

લોકશાહીમાં જનજાગૃતિનું ઘણું મહત્ત્વ છે. ધર્મ, જાતિ, કોમ, પ્રદેશ, ભાષા વગેરેને ધ્યાનમાં લીધા વિના 100% મતદાન કરવું જરૂરી છે. નિરક્ષરતા એ સૌથી મોટું અવરોધક પરિબળ છે. તેના કારણે જ ગરીબી, જ્ઞાતિવાદ, કોમવાદ, પ્રદેશવાદ, સગાવાદ વધે છે. ધર્મના નામ પર ખેલાતું રાજકારણ મતોનું ધ્રુવીકરણ કરે છે, જેનાથી બહુમતી સમાજના જ ઉમેદવારો ચૂંટાઈ આવે છે. લોકશાહીના અસ્તિત્વ સામે આ સૌથી મોટો ખતરો છે.

- **ઉપસંહાર :**

લોકોમાં રાષ્ટ્રભાવનાનો વિકાસ થાય એ માટે સમતોલ વિકાસ કરવો પડશે. પ્રસાર માધ્યમો દ્વારા લોકમતનું ઘડતર કરી કોમવાદને ડામવો પડશે. ખાસ તો દરેક રાષ્ટ્રીય પક્ષોએ પક્ષીય હિતોનો ત્યાગ કરી દેશહિતમાં કાર્ય કરવું પડશે. 100% સાક્ષરતા અને ગરીબીનાબૂદી દરેક રાજકીય પક્ષોનો એજન્ડા બનવો જોઈએ. ચૂંટણી પ્રથાનાં કેટલાંક દૂષણો હોવા છતાં એકંદરે તેમાં પ્રજાનો અવાજ સરકાર સુધી પહોંચે છે. લોકશાહી વધારે મજબૂત અને તંદુરસ્ત બને એ માટેના ઉપાયો કરવા જોઈએ.

''ऊँची हुई मशाल हमारी आगे कठिन डगर है,

शत्रु तो हट गए मगर उसकी छायाओं का अभी डर है।''

(2) ભ્રષ્ટાચાર : રાષ્ટ્રવ્યાપી કેન્સર

પ્રસ્તાવના - ભ્રષ્ટાચારનાં ક્ષેત્રો - ભ્રષ્ટાચારીઓ અને તેમના અધમકૃત્યો - ભ્રષ્ટાચારનાં કારણો - ભ્રષ્ટાચાર દૂર કરવાના ઉપાયો - ઉપસંહાર.

- **પ્રસ્તાવનાઃ**

''हो गई है पीर पर्वत सी, पिघलनी चाहिए;

इस हिमालय से कोई गंगा निकलनी चाहिए।''

ભ્રષ્ટ + આચાર = ભ્રષ્ટાચાર. ભ્રષ્ટાચાર એટલે એવો આચાર જેનાથી વ્યકિત, સમાજ અને રાષ્ટ્રને નુકસાન થાય છે. સમગ્ર વિશ્વમાં એવું એક પણ ક્ષેત્ર જોવા નથી મળતું જયાં ભ્રષ્ટાચાર વ્યાપેલો ન હોય. ભ્રષ્ટાચાર કોરોનાની જેમ સર્વવ્યાપી બન્યો છે. ભ્રષ્ટાચાર રાષ્ટ્રવ્યાપી કેન્સર બન્યો છે ત્યારે તેમાંથી મુકત થવું અનિવાર્ય છે. આ કાર્ય

કપરું છે, પરંતુ અશક્ય નથી.

- **ભ્રષ્ટાચારનાં ક્ષેત્રોઃ**

ભ્રષ્ટાચાર આજે રસોડાથી લઈને રાજકારણ અને સંસદથી લઈને સડક સુધી વ્યાપી ગયો છે. લાંચરિશ્વતથી માંડીને લાગવગ, મામકાવાદથી લઈને મારા-તારાના ભેદભાવો, વસ્તુના ઉત્પાદનથી માંડીને ઉપયોગ સુધી ભ્રષ્ટાચાર જોવા મળે છે. આજે મહેસૂલ, પોલીસ, કોર્ટ, શિક્ષણ, આરોગ્ય વગેરે દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર જોવા મળે છે.

- **ભ્રષ્ટાચારીઓ અને તેમનાં અધમકૃત્યોઃ**

બિલ્ડરો, જમીનમાફિયાઓ અને અધિકારીઓ, બૂટલેગરો અને પોલીસતંત્ર, શાળા સંચાલકો અને રાજકારણીઓ, ડૉક્ટરો અને મેડિકલ સ્ટોર્સ - આ બધાની સાંઠગાંઠના કારણે ભ્રષ્ટાચાર થાય છે. હલકી ગુણવત્તાવાળાં અને બિનજરૂરી શસ્ત્રોની મોંઘી ખરીદીના કારણે રાષ્ટ્રની સુરક્ષા જોખમાય છે. મધ્યાહ્ન ભોજન, આંગણવાડી, રેશનશોપમાં થતો ભ્રષ્ટાચાર ભાવિ પેઢીનું આરોગ્ય જોખમમાં મૂકે છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં થતો ભ્રષ્ટાચાર રાષ્ટ્રને પછાત રાખે છે. ભ્રષ્ટાચાર નામની આ ઊધઈ સમગ્ર રાષ્ટ્રને કોરી ખાય છે. આ ચેપી રોગથી હવે એકપણ ક્ષેત્ર બચ્યું નથી.

- **ભ્રષ્ટાચારનાં કારણોઃ**

ભ્રષ્ટાચાર વધવાના ઘણાંબધાં કારણો છે. ફાસ્ટ ફૂડના આ ફાસ્ટ યુગમાં ભૌતિક સુખો સહેલાઈથી પ્રાપ્ત કરવાની દોટ જ ભ્રષ્ટાચારનું મુખ્ય કારણ છે. ઈર્ષા, દેખાદેખી પણ એટલાં જ જવાબદાર છે. ભ્રષ્ટાચારનો જન્મ આપણાં ઘરમાં જ થાય છે. મોબાઈલ પર ખોટું બોલીને આપણે ભ્રષ્ટ આચાર ઊભો કરીએ છીએ. જે ભાવિ પેઢી જોઈને અનુકરણ કરે છે. કોઈની સાથે અન્યાય કે ભેદભાવ કરવો એ પણ ભ્રષ્ટાચાર છે. ઝડપથી સફળતા મેળવવા માટે પણ લોકો ભ્રષ્ટાચાર કરે છે.

- **ભ્રષ્ટાચાર દૂર કરવાનાં ઉપાયોઃ**

ભ્રષ્ટાચાર દૂર કરવાની શરૂઆત આપણાં ઘરઆંગણેથી થવી જોઈએ. પ્રત્યેક વ્યક્તિ મળીને સમગ્ર સમાજ કે વિશ્વમાંથી ભ્રષ્ટાચારને નાબૂદ કરી શકે. 'સંતોષી નર સદા સુખી' એ કહેવત પ્રમાણે લાલચનો ત્યાગ કરી "वसुधैव कुटुम्बकम्" એ ભાવનાને ચરિતાર્થ કરવાની કોશિશ કરીએ તો ભ્રષ્ટાચારને દૂર કરી શકાય. ભ્રષ્ટ આચાર નિર્મૂલ કરવાનું કાર્ય કઠિન છે. સદ્ આચાર ઊભો કરવાનું કાર્ય આચાર્યનું છે. આમ, આદર્શ શિક્ષણવ્યવસ્થા દ્વારા લાંબાગાળે ભ્રષ્ટાચારને નાથી શકાય. ભ્રષ્ટાચાર નિવારણ માટે કડક કાયદા - કાનૂનથી થોડાઘણા અંશે સફળતા મળે ખરી, પરંતુ લોકો દ્વારા જ સ્વયંભૂ સદાચરણ કરાય તો ભ્રષ્ટાચારને મિટાવી શકાય. બાકી દેશને ખોખલો કરી દેતો, વિકાસના ફળ ચાખવા ન દેતો આ ભ્રષ્ટાચારનો ભોરિંગ નાથવો જરૂરી જ નહીં, અનિવાર્ય છે.

"सिर्फ हंगामा खड़ा करना मेरा मकसद नहीं,

मेरी कोशिश है कि यह सूरत बदलनी चाहिए।

– दुष्यंत कुमार

- **આતંકવાદ : ભારતનો સળગતો પ્રશ્ન**
- **પ્રસ્તાવનાઃ**

" હર એક હિંદી હિંદ છે, હર એક હિંદી હિંદની છે જિંદગી"

-ઉમાશંકર જોશી

ભાષા, કોમ, ધર્મ, સંપ્રદાય, પ્રાંતવાદ, અન્યાય, સામાજિક ભેદભાવ, આર્થિક વિષમતા, શોષણ વગેરે આતંકવાદને જન્મ આપે છે. આતંકવાદ માનવજાત સામે આચરવામાં આવતો

મોટામાં મોટો અપરાધ છે. આપણે કોઈને નવજીવન ન આપી શકીએ તો કોઈનું જીવન હણી લેવાનો આપણને શો અધિકાર છે? નિર્દોષ, નિઃશસ્ત્ર અને અહિંસક લોકોને હણી નાખવા એ ભારોભાર કાયરતા છે.

- **આતંકવાદ: વિશ્વવ્યાપી સમસ્યા:**

આપણો દેશ વર્ષોથી આતંકવાદનો શિકાર બન્યો છે. આતંકવાદની આગમાં આપણાં બબ્બે વડાપ્રધાનો હોમાયા છે.આજે આતંકવાદનું દૂષણ વિશ્વવ્યાપી બની ચૂક્યું છે. વિશ્વની મહાસત્તાઓ અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ વગેરે આતંકવાદનો ભોગ બની ચૂકયાં છે. વર્લ્ડ ટ્રેડ સેન્ટરની ઘટના, બોમ્બે પરના બોમ્બધડાકાઓ, સંસદ પર હુમલો, અક્ષરધામ પરનો એટેક વગેરે ઘટનાઓ આતંકવાદનું ભયંકર પરિણામ છે.

આઈ. એસ, તાલિબાનો L.T.T.E. વગેરે આતંકવાદી સંસ્થાઓએ વિશ્વભરમાં કાળો કેર વર્તાવ્યો છે. પાકિસ્તાન પ્રેરિત આતંકવાદી ધરુવાડિયા દ્વારા આતંકવાદીઓને ઉછેર, ટ્રેનિંગ, શસ્ત્રો અને નાણાં પૂરાં પાડી ભારતમાં આતંકવાદ ફેલાવાઈ રહ્યો છે. તો બીજી તરફ ચીન દ્વારા નક્સલવાદને પ્રોત્સાહન પૂરું પડાઈ રહ્યું છે. સર્જિકલ સ્ટ્રાઈક દ્વારા ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે કશ્મીરમાં લશ્કરને છૂટો દોર આપી ‘ઓપરેશન ઓલઆઉટ’ હાથ ધરવામાં આવ્યું છે. નોટબંધી દ્વારા નકલી નોટો પર અંકુશ લાવી પથ્થરબાજોના હાથ બાંધી દેવામાં આવ્યા છે.

આજે દેશનો ખૂણેખૂણો આતંકવાદી પ્રવૃતિઓથી સળગી રહ્યો છે. રોજ કેટલાંય નિર્દોષ નાગરિકો તેનો ભોગ બની રહ્યાં છે. એકાદ મોટો નરસંહાર થાય ત્યારે આપણે સફાળા જાગીએ છીએ અને કડક પગલાંઓ ભરવાની ઘોષણાઓ કરીએ છીએ. વિરોધ પ્રદર્શનો, પૂતળાદહનો, સભાઓ, ભાષણો, આવેદનપત્રોનો દોર ચલાવીએ છીએ. સમય જતાં આ બધું શાંત પડી જાય છે.

આતંકવાદ જુદી-જુદી પ્રજાઓ વચ્ચે અવિશ્વાસ અને વૈમનસ્યનું વાતાવરણ સર્જે છે. આતંકવાદીઓનો કોઈ ધર્મ હોતો નથી, પરંતુ મોટા ભાગના આતંકવાદીઓ ઈસ્લામિક છે. આતંકવાદનો ભોગ મોટાભાગે ગરીબ, મજૂર અને સામાન્ય પ્રજાજનો બને છે. આપણા દેશમાં ગરીબી, બેકારી, વસ્તીવધારો, નિરક્ષરતા જેવી અનેક વિકરાળ સમસ્યાઓ છે, પરંતુ આપણી મોટાભાગની શકિત આતંકવાદ સામે લડવામાં જ ખર્ચાઈ જાય છે.

આતંકવાદનો સામનો કરવો કઈ રીતે ? - આ પ્રશ્નનો એક જ જવાબ છે. - ‘ઈઝરાયલ કરે છે એ રીતે’ આતંકવાદ ઉછેરકેન્દ્રો મોટાભાગે પાકિસ્તાનમાં આવેલાં છે ત્યાં તેમનાં ઘરોમાં ઘૂસીને તેમનો સફાયો કરવો એ જ એકમાત્ર ઉકેલ છે. પાકિસ્તાન વિશ્વનો સૌથી મોટો આતંકવાદનો ઉત્પાદક અને નિકાસકર્તા દેશ છે. અમેરિકા અને યુરોપીય સંઘનો સાથ લઈ તેના પર આર્થિક પ્રતિબંધો મૂકાય તો જ પાકિસ્તાનની સાન ઠેકાણે આવશે.

ઘરઆંગણાના ગરીબી, બેકારી, નિરક્ષરતા, વસ્તીવધારો જેવા પ્રશ્નો પણ આતંકવાદને પરોક્ષ પ્રોત્સાહન પૂરું પાડે છે. આઈ.એસ.આઈના સ્લીપર સેલ વીણી - વીણીને સાફ કરવા જરૂરી છે. આતંકવાદીઓ જ માનવ અધિકારોનું હનન કરે છે ત્યારે આતંકવાદીના જીવવાના અધિકારને સમાપ્ત કરી દેવાય એ ખૂબ જરૂરી છે. આ શસ્ત્રક્રિયા મીડિયાને દૂર રાખી સરળતાથી કરી શકાય. રાજકીય લાભો ખાટવાથી દૂર રહી દરેક પક્ષોએ કરવા જેવું આ દેશસેવાનું મોટું કાર્ય છે. પ્રજા આવા પક્ષોની મતપેટીઓ છલકાવી દેવા આતુર છે. રાજકીય પક્ષોની ઈચ્છાશક્તિ ખરી?

(1) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો :[04]

(અ) ગદ્યકૃતિ	(બ) સાહિત્ય પ્રકાર
(1) ચોપડાની ઈન્દ્રજાળ	(અ) એકાંકી
(2) વાઈરલ ઈન્ફેક્શન	(બ) નવલિકા
(3) ભૂલી ગયાં પછી	(ક) આત્મકથાખંડ
(4) જન્મોત્સવ	(ડ) લઘુકથા
	(ઇ) નિબંધ

જવાબ :

ગદ્યકૃતિ	સાહિત્ય પ્રકાર
(1) ચોપડાની ઈન્દ્રજાળ	(ક) આત્મકથાખંડ
(2) વાઈરલ ઈન્ફેક્શન	(ઇ) નિબંધ
(3) ભૂલી ગયાં પછી	(અ) એકાંકી
(4) જન્મોત્સવ	(બ) નવલિકા

(2) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખોઃ [02]

(1) નીના બહેને પોતાના પતિ સંજય પાસે શું માગ્યું ?

જવાબ : **(1)** નીના બહેને તેમના પતિ સંજય પાસે અંકિતનું શૈશવ માગ્યું.

(2) દેવજી અને કાનજી નવજાત બાળકને કોની પાસે લઈ ગયાં ?

જવાબ : **(2)** દેવજી અને કાનજી નવજાત બાળકને વેલજી ડોસા પાસે લઈ ગયા.

(3) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. [06]

(1) ડાંગના આદિવાસીઓની મરણને ઉજવવાની રીત લેખકને કેવી લાગે છે ?

જવાબ : **(1)**
કૃતિ : ડાંગવનો અને....
કર્તા : મહેન્દ્રસિંહ પરમાર
સાહિત્ય સ્વરૂપ : નિબંધ
સંદર્ભ : રખડુનો કાગળ

ડાંગના આદિવાસીઓ કોઈનું મૃત્યુ થાય તો મોટું સરઘસ કાઢે છે. તેઓ મૃત્યુના માનમાં રસ્તામાં ફટાકડા ફોડે છે. લગ્નયાત્રાની જેમ તેઓ મરણયાત્રા ઊજવે છે. તેમની મરણને ઊજવવાની રીત લેખકને અદ્ભુત લાગે છે. આ ભોળી પ્રજાને આવું જીવન સત્ય કેમનું લાધ્યું હશે ?

(2) શ્રીમદ્‌ની જીવદયા એ કરુણા કયા પ્રસંગમાંથી પ્રગટ થાય છે ?

જવાબ : **(2)** કૃતિ : વિરલ વિભૂતિ
કર્તા : આત્માર્પિત અપૂર્વજી
સાહિત્ય સ્વરૂપ : ચરિત્ર નિબંધ

શ્રીમદ્ નાના હતા ત્યારે તેમનાં માતા દેવમાએ તેમને શાક સમારવા આપ્યું. લીલાં શાકભાજીમાં રહેલા જીવો જોતાં તેમની આંખો ભરાઈ આવી. તેમનામાં જીવદયા અને કરુણા હતાં એ આ પ્રસંગમાંથી પ્રગટ થાય છે.

(3) લેખક અને તેમની ટુકડીએ હિમનદી ઓળંગવા માટે શું કર્યું ?

જવાબ : **(3)**
કૃતિ : હિમાલયમાં એક સાહસ
કર્તા : જવાહરલાલ નહેરુ
સાહિત્ય સ્વરૂપ : પ્રવાસ નિબંધ
સંદર્ભ : 'મારી જીવનકથા'માંથી

લેખક અને તેમની ટુકડીએ હિમનદી ઓળંગવા બધાંએ ભેગા મળીને દોરડાની સાંકળ બનાવી. પછી એ દોરડાની સાંકળેથી એકબીજા સાથે સંકળાઈને અનેક હિમનદી ઓળંગવા લાગ્યાં.

અથવા

(3) ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ, કારણ કે...

જવાબ : (3) કૃતિ : ગતિભંગ

કર્તા : મોહનલાલ પટેલ

સાહિત્ય સ્વરૂપ : લઘુકથા

સંદર્ભ : 'વિકલ્પ'માંથી

ડુંગર અને તેની પત્ની રાજપુર સ્ટેશને જતાં હતાં ત્યારે તેની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ, કારણ કે તેને ધૂળમાં કેટલીક પગલીઓ દેખાય છે. એ પગલી જાણે તેની મૃત દીકરી બબલીની જ હોય તેવી હતી. મૃત સંતાનની સ્મૃતિથી અચાનક અટકીને તે ઊભી રહી જાય છે.

(4) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો. [08]

(1) રાતો ચોપડો ફાડી નાખવા પાછળ લેખકનું મનોમંથન કેવું હતું ?

જવાબ : (1) કૃતિ : ચોપડાની ઈન્દ્રજાળ

કર્તા : ચંદ્રકાન્ત પંડ્યા

સાહિત્ય સ્વરૂપ : આત્મકથા - ખંડ

સંદર્ભ : 'બાનો ભીખુ'માંથી

જીવલાને ત્યાંથી પાછા ફરતા લેખકે તેની પાસે થેલી માગી ત્યારે જીવલાએ કહ્યું, 'બોડીને ત્યાં વળી કાહકી કેવી ?' આ શબ્દો સાંભળીને લેખકને રાત્રે મોડે સુધી ઊંઘ ન આવી. જીવલો રાત-દિવસ કાળી મજૂરી કરે તોય એના છોકરાં ભૂખે મરે છે. લેખકે મનોમંથન કર્યું. આ ગરીબ જીવલાનાં છોકરાંનાં મોંમાંથી પોતે કોળિયો ઝૂટવ્યો હોય એવું લાગ્યું. આટલું ઓછું હોય તેમ બે થેલી ભરીને શાકભાજી લઈ આવ્યાં. આ દૃશ્ય જોઈને લેખકનું હૃદય દ્રવી ઊઠે છે. મુદ્દલ કરતાં તો કેટલુંય વધારે તે આપી ચૂક્યો હતો, છતાં શાહુકારના રાતા ચોપડામાં દેવું પાંચગણું બોલતું હતું. જીવલો તો શું એની સાત પેઢી પણ આ દેવું ચૂકવી શકે એવી ચોપડાંની ઈન્દ્રજાળ હતી. લેખકને ગાંધીવાદી જીવનના ખ્યાલો દંભી જેવાં લાગે છે. અંતે જીવલાની કરુણ દશાથી દ્રવિત થયેલા શાહુકારો જીવલાને લેણાંમાંથી હંમેશા માટે છૂટો કરે છે.

(2) 'ભૂખથીયે ભૂંડી ભીખ' વાર્તાના આધારે દુષ્કાળની ભયાનકતા તમારા શબ્દોમાં લખો.

જવાબ : (2) કૃતિ : ભૂખથીય ભૂંડી ભૂખ

કર્તા : પન્નાલાલ પટેલ

સાહિત્ય સ્વરૂપ : નવલકથા - ખંડ

સંદર્ભ : 'માનવીની ભવાઈ'માંથી

'માનવીની ભવાઈ'માં છપ્પનિયા દુષ્કાળનું દારુણ ચિત્રણ કરવામાં આવ્યું છે. છેલ્લા બાર-બાર મહિનાથી વરસાદ વરસ્યો નથી. પરિણામે ચારે બાજુ વનમાં, ખેતરોમાં, બજારમાં, શેરીઓમાં જ્યાં જુઓ ત્યાં માનવીના મૃતદેહો પડ્યા હતા. તેમનાં સ્વજનોની આંખોમાં સ્વજન ગુમાવ્યાની ભીનાશ હતી. પાછળ રહેલાં તો સંબંધીને આગળ કર્યાની રાહત અનુભવતાં હતાં. ન ગણવા રહ્યાં, ન દેખવાં ન દાઝવાં. ભૂખે માનવીઓનાં હાડમાંસ ગાળી નાખ્યાં હતાં.

સુંદરજી શેઠ અને મહાજનોએ સદાવ્રત આપવાનું શરૂ કર્યું. શરૂઆતમાં ધરમાદુ ખાનારા ઓછાં હતાં, પણ આખરે લાચારીથી માણસ ટેક છોડીને ધાન ખાવા આવે છે. કાળુ જેવા મોતને વ્હાલું કરવા તૈયાર છે, પણ ધર્માદાનું ખાવા તૈયાર નથી. એટલા માટે તો તે કહે છે, "ભૂંડામાં ભૂંડી ભૂખ નહીં, પણ ભૂખથીય ભૂંડી ભીખ છે !"

જગતનો તાત જે અનાજ પકાવીને સૌને જીવાડે છે. તે જ ખેડૂતને પોતે પકવેલું અનાજ ભીખમાં માગવા ઊભા રહેવું પડે છે તે ખરેખર દુષ્કાળની પરિસ્થિતિનો કરુણ ચિતાર આપે છે.

અથવા

(2) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

જવાબ : (2) કૃતિ : ઘોડીની સ્વામીભક્તિ

કર્તા : જોરાવરસિંહ જાદવ

સાહિત્ય સ્વરૂપ : લોકકથા

સંદર્ભ : 'લોકસાહિત્યની અશ્વકથાઓ'માંથી

ઢેલ ઘોડી નાની હતી ત્યારે જ આંબા પટેલ પોતાના ઘરે લઈ આવે છે તેને પોતાની દીકરાની જેમ ઉછેરે છે. આંબા પટેલ ઢેલ ઘોડી પર સવાર થઈને મામાને ત્યાંથી ઘેર જવા ઉપડ્યા હતા. ચોમાસામાં વરસાદને કારણે શેત્રુંજી નદીમાં ઘોડાપૂર આવતા, તેવો ઘોડીના ભરોસે પૂરમાં ખાબકે છે. ઘોડી તો પગના સેલારાથી નદીનો પટ કાપતી હતી. પૂરમાં પડ્યા પછી આંબા પટેલને પસ્તાવો થયો કે પોતે પાણીમાં ન પડ્યા હોત તો સારું થાત. પરંતુ ઘોડી તો જેમ- તેમ કરીને છલાંગ મારતી કિનારે પહોંચી ગઈ, પણ જાતવાન ઘોડીને જાણ થઈ કે તેનો માલિક પાણીમાં રહી ગયો છે; એટલે નસકોરા ફૂલાવતી સહેજ પણ રોકાયા વિના પાણીમાં ખાબકીને પોતાના માલિકને શોધવા લાગી. આંબા પટેલ ઘોડીને જોતા સઘળી તાકાત એકઠી કરીને ઘોડીને વળગી પડ્યાં અને ચતુર ઘોડીએ પાણીમાં રસ્તો કાપવા માંડ્યો. પાણીમાં ફંગોળાતી - ફંગોળાતી મહામુસીબતે ઘોડી નદીના કાંઠે આવી. આમ, જાતવાન ઘોડી પોતાના જીવના જોખમે ધણીનો જીવ બચાવી પોતાની ખાનદાની અને વફાદારી બતાવે છે.

વિભાગ - B

(5) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : [04]

	(અ) પદ્યકૃતિ	(બ) કર્તા
(1)	વતનથી વિદાય થતાં	(અ) રાવજી પટેલ
(2)	માધવને દીઠો છે ક્યાંય?	(બ) અશોક ચાવડા 'બેદિલ'
(3)	દીકરી	(ક) હરીન્દ્ર દવે
(4)	એક બપોરે	(ડ) જયંત પાઠક
		(ઈ) 'ગની' દહીંવાલા

જવાબ : (5)

	(અ) પદ્યકૃતિ	(બ) કર્તા
(1)	વતનથી વિદાય થતાં	(ડ) જયંત પાઠક
(2)	માધવને દીઠો છે ક્યાંય?	(ક) હરીન્દ્ર દવે
(3)	દીકરી	(બ) અશોક ચાવડા 'બેદિલ'
(4)	એક બપોરે	(અ) રાવજી પટેલ

(6) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : [02]

(1) સકળ લોકમાં કોણ તીર્થ સ્વરૂપે છે?

જવાબ : (1) સકળ લોકમાં વૈષ્ણવજન તીર્થ સ્વરૂપે છે.

(2) મારગની ધૂળને કવિ શું પૂછે છે?

જવાબ : (2) મારગની ધૂળને કવિ પૂછે છે તમે મારા માધવને ક્યાંય દીઠો છે?

(7) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : [06]

(1) 'ઉછરે છે રોજ કાયમથી ફડકમાં દીકરી' એમ કવિ શા માટે કહે છે?

જવાબ : (1) કૃતિ : દીકરી

કર્તા : અશોક ચાવડા 'બેદિલ'

સાહિત્ય સ્વરૂપ : ગઝલ

સંદર્ભ : 'પગરવ તળાવમાં'માંથી

આપણી સંસ્કૃતિમાં દીકરી બાપને ત્યાં ઉછરે છે, ત્યારે એનાં ઉછેરમાં કેટલાંક સામાજિક બંધનો હોય છે. દીકરીને દીકરા જેટલી સ્વતંત્રતા આપવામાં આવતી નથી. તે ભય અને બંધનોથી ડરતાં-ડરતાં જીવે છે. તે મુક્ત બનીને લાજ, મર્યાદા, શરમ છોડી શકતી નથી. તેને સતત સમાજનો ડર રાખીને જીવવું પડે છે. તેથી કવિ કહે છે કે દીકરી ફડકમાં ઉછરે છે.

(2) 'બોલીએ ના કંઈ' કાવ્યમાં કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે?

જવાબ : (2) કૃતિ : બોલીએ ના કંઈ

કર્તા : રાજેન્દ્ર શાહ

સાહિત્ય સ્વરૂપ : ગીત

સંદર્ભ : 'શ્રુતિ'માંથી

કવિ વ્યથાને સહન કરવાની અને ક્યારેય પોતાની વ્યથાની કોઈને પણ ફરિયાદ ન કરવા કહે છે. હૈયામાં ગમે તેટલી વ્યથાનો અગ્નિ સળગતો હોય, પણ બહારથી શીતળતા રાખવાની છે, કેમકે વ્યથામાંથી બહાર નીકળવાનો માર્ગ આપણે જાતે જ શોધવાનો છે.

(3) 'ચાંદલિયો લોકગીતમાં કાવ્યનાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે?

જવાબ : (3) કૃતિ : ચાંદલિયો

કર્તા : - -

સાહિત્ય સ્વરૂપ : લોકગીત

સંદર્ભ : 'રઢિયાળી રાત'માંથી

કાવ્યનાયિકા પોતાની સખીને કહે છે કે મારી સગી નણંદનો વીર એવો મારો પરણ્યો. એમાં પતિ પ્રત્યેનો પ્રેમ, અધિકાર તેમજ ગૌરવ પ્રગટ થાય છે. નવરંગી પાઘડીમાં તે ખૂબ સુંદર દેખાય છે. આમ, નાયિકાના પતિના સૌંદર્ય અને મિજાજ તથા ભાઈ-બહેનના મધુર સંબંધની પ્રશંસા કરી છે.

અથવા

(3) 'હું મારી માટીનો જાયો, હું ગુર્જર અવતાર; મારે શિર ભારતમાતાની આશિષનો વિસ્તાર' કાવ્યની આ પંક્તિઓનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

જવાબ : (3) કૃતિ : હું એવો ગુજરાતી

કર્તા : વિનોદ જોશી

સાહિત્ય સ્વરૂપ : ગીત

સંદર્ભ :

પ્રસ્તુત કાવ્યપંક્તિમાં ગુજરાતી પોતે ગુજરાતી હોવાનું ગૌરવ અનુભવે છે. કવિ કહે છે કે હું ભારતમાતાનો પુત્ર છું, ભલે જન્મે ગુજરાતી છું પણ હું ગુર્જર ભારતવાસી છું. મારી નસોમાં ભારતમાતાનું લોહી વહે છે. મારા માથે ભારતમાતાના શુભાશિષ છે.

(8) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો. [08]

(1) 'શીલવંત સાધુ' તમે કોને કહેશો ? તે કાવ્યના આધારે જણાવો.

જવાબ : (1) કૃતિ : શીલવંત સાધુને

કર્તા : ગંગાસતી

સાહિત્ય સ્વરૂપ : ભજન

સંદર્ભ : 'ગંગાસતીની ભજનગંગા'માંથી

'શીલવંત સાધુને' ભજનમાં ગંગાસતીએ પાનબાઈને ચારિત્ર્યવાન સાધુનાં લક્ષણો જણાવ્યાં

છે. શીલવંત સાધુની વૃત્તિ હંમેશા નિર્મળ અને પવિત્ર હોય છે. આથી જ પરમાત્માની એમના પર કૃપા હોય છે. તેને કોઈ શત્રુ નથી હોતો કે કોઈ મિત્ર નથી હોતો. તેના માટે દરેક વ્યક્તિ સમાન હોય છે. એમનું લક્ષ્ય તો કેવળ પરમાર્થ કરવાનું જ હોય છે. તેનાં મન, વચન અને વાણીમાં કોઈ ભેદભાવ નથી હોતો. એ આઠેય પહોર દિવ્યાનંદમાં રહે છે. તે નામ અને રૂપને મિથ્યા કરી જાણે છે. આવાં સાચાં સંતોની સંગત કરવાથી માણસ ભવપાર ઉતરી જાય છે. તેમનાં વર્તન (આચરણ) બદલાતાં નથી. તેમની સમજણ શક્તિનો ઉદય થઈ ગયો હોય છે.

(2) 'શિકારીને' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

જવાબ : (2) કૃતિ : શિકારીને

કર્તા : સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'

સાહિત્ય : ઊર્મિકાવ્ય

સંદર્ભ : 'કલાપીનો કેકારવ'માંથી

'શિકારીને' કાવ્યમાં કવિ કલાપીએ 'સુંદરતા પામવા માટે પહેલાં આપણે સુંદર બનવું પડે.' એવી વાત કરી છે. આ સમગ્ર જગત સુંદરતાથી ભરેલું છે. કવિ યુવાનને ક્રૂર ન બનવા સલાહ આપે છે. બધામાં ઈશ્વર રહેલો છે. પક્ષીનો સંહાર કરવાથી તેનું મૃત શરીર જ મળે છે. પક્ષીનો સંહાર એ ઈશ્વરના સંહાર બરાબર છે. આ જગત એ તો સંતનો પવિત્ર આશ્રમ છે, માટે તું દરેક પ્રત્યે કરુણા રાખજે. પરમાત્માએ સર્જેલી સૃષ્ટિમાં પંખીઓ, ફૂલો, લતા, તરણાં, વૃક્ષો વગેરે જેવાં પ્રકૃતિના સુંદર તત્ત્વો આવેલાં છે. ઈશ્વરે સર્જેલી સૃષ્ટિમાં રહેલાં સૌંદર્યને માણવાથી આપણે ઈશ્વર સાથે જોડાઈએ છીએ.

સૌંદર્યનું જતન કરવાથી પરમાત્માનો આનંદ માણી શકાય છે. આપણે સૌ એકબીજાની સાથે હળમળીને રહીએ તો અનેરો આનંદ છે.

અથવા

(2) 'દિવસો જુદાઈના જાય છે' ગઝલમાં કવિની મનોસ્થિતિ તમારા શબ્દોમાં વર્ણવો.

જવાબ : (2) કૃતિ : દિવસો જુદાઈના જાય છે.

કર્તા : 'ગની' દહીંવાલા

સાહિત્ય સ્વરૂપ : ગઝલ

સંદર્ભ 'મહેક'માંથી

'દિવસો જુદાઈનાં જાય છે.' ગઝલમાં કવિ પ્રેમની ગંભીર ઉદાત્તતાને સુંદર રીતે રજૂ કરે છે. ગઝલના આરંભના શેરમાં જ કવિ વિયોગની મનઃસ્થિતિને વ્યક્ત કરે છે. તેમ છતાં તેમને આશા છે કે જુદાઈ જ મિલન સુધી લઈ જશે. જે આજે શત્રુ છે. એવાં માણસો જ પોતાનો હાથ ઝાલીને સ્વજન પાસે લઈ જશે. કવિને ધરતી સુધી કે ગગન સુધી જવામાં રસ નથી. તેમને તો એકબીજાના દિલ સુધી પહોંચવું છે. કવિ ઈશ્વરને પ્રાર્થના કરે છે કે તમે રાંકના રતન સમાન છો. એમનાં આંસુ વ્યર્થ ન જાય એ તમારે જોવાનું રહ્યું. તમે ખૂબ કીમતી છો માટે ધૂળમાં ન ભળો પણ હૃદયના દ્વારેથી આંખો સુધી પહોંચો. ઈશ્વર તો રાજરાણીના વસ્ત્ર જેવાં છે અને પોતે ગરીબ નારીની ચૂંદડી સમાન છે. એમ કહીને કવિ પોતે થોડા સમય નહીં પણ છેક કફન સુધી એટલે કે મૃત્યુ સુધી સાથે રહેવાની વાત કરે છે.

આમ, સમગ્ર ગઝલમાં કવિએ જુદાઈની પીડાને હૃદયસ્પર્શી વાચા આપી છે.

વિભાગ - C

● **માગ્યા પ્રમાણે ઉત્તર લખો :**
આપેલાં વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો :

(9) નીચેનામાંથી બે શબ્દોની સાચી જોડણી શોધીને લખો : **[01]**

કલ્પનામુર્તિ

(કલ્પનામૂર્તી, કલ્પનામૂર્તિ, કલ્પનાર્મૂતિ)

ધુમ્રપાન (ધૂમ્રપાન, ધૂમપાન, ધુમપાન)

જવાબ : કલ્પનામૂર્તિ

ધૂમ્રપાન

(10) રવિ + ઈન્દ્ર શબ્દની સંધિ જોડો : **[01]**

(રવિન્દ્ર, રવીન્દ્ર, રવેન્દ્ર)

જવાબ : રવીન્દ્ર

(11) ‘લોકગીત’ - શબ્દનો સમાસ ઓળખાવો : **[01]**

(કર્મધારય, મધ્યમપદલોપી, ઉપપદ)

જવાબ : મધ્યમપદલોપી

(12) યોગ્ય જોડકું જોડો : **[01]**

(અ)	(બ)
(1) કર્તરિ વાક્ય	(અ) મારાથી એ કામ છોડી દેવાયું.
(2) કર્મણિ વાક્ય	(બ) મયૂરને હસવું આવ્યું.
	(ક) હું એ દિવસોનાં સ્વપ્નાં જોઉં છું.

જવાબ :

(1) કર્તરિ વાક્ય	(ક) હું એ દિવસોનાં સ્વપ્નાં જોઉં છું.
(2) કર્મણિ વાક્ય	(અ) મારાથી એ કામ છોડી દેવાયું.

(13) ‘વિશ્વરાજે ફરીથી ઊંચે જોયું, એક હાસ્યબાણ છોડ્યું.’ - વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. **[01]**

જવાબ : રૂપક અલંકાર

(14) ‘પાલનહાર’ શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? **[01]**

(પૂર્વ પ્રત્યય, પર-પ્રત્યય, એકપણ પ્રત્યય નહીં)

જવાબ : પર-પ્રત્યય

(15) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો: **[01]**

મયંક (મયૂર, માતંગ, ચંદ્ર)

ઘરોબો (નિકટતા, ઘરેલું, ઘરેડ)

જવાબ : (1) ચંદ્ર

(2) નિકટતા

(16) ‘પોયરો’ સંજ્ઞાનો આપેલ વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. **[01]**

(દ્રવ્યવાચક, વ્યક્તિવાચક, જાતિવાચક)

જવાબ : જાતિવાચક

● નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો :

(17) નીચેનાં રૂઢિપ્રયોગનો અર્થ આપો : **[01]**

હળવા ફૂલ થઈ જવું -

જવાબ : ચિંતામુક્ત થઈ જવું

(18) નીચે આપેલી કહેવતનો અર્થ લખો : **[01]**

ઉતાવળે આંબા ન પાકે

જવાબ : દરેક કામ ધીરજથી અને શાંતિથી જ સારું થાય છે.

(19) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : **[01]**

જન્મદિવસ નિમિત્તે ઉજવાતો ઉત્સવ

જવાબ : જન્મોત્સવ

(20) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો : **[01]**

ભય x

જવાબ : નિર્ભય

(21) બન્ને શબ્દોના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો : **[01]**

ઉપહાર - ઉપાહાર

જવાબ : ઉપહાર - ભેટ, ઉપાહાર - નાસ્તો

(22) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો : **[01]**

વાળું

જવાબ : રાત્રિનું ભોજન

(23) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : **[01]**

એ નાજુક કન્યાનું નામ રાધા હતું.

જવાબ : એ - સાર્વનામિક, નાજુક - ગુણવાચક

(24) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો : **[01]**

સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે.

જવાબ : પહેલાં - સમયવાચક ક્રિયા વિશેષણ

(25) 'દેવિકા' શબ્દના ધ્વનિ ઘટક (સ્વર-વ્યંજન) છૂટા પાડો. **[01]**

જવાબ : દ્ + એ + વ્ + ઇ + ક્ + આ

(26) નીચેના વાક્યની પ્રેરક વાક્ય રચના બનાવો : **[01]**

મયૂર પૂજા કરે છે.

જવાબ : બા મયૂર પાસે પૂજા કરાવે છે.

(27) નીચેની પંક્તિઓનો છંદ ઓળખાવો : **[01]**

દીપકના બે દીકરા, કાજળ ને અજવાસ;
એક કપૂત કાળું કરે, બીજો દિયે પ્રકાશ.

જવાબ : દોહરો છંદ

(28) 'શિખરિણી' છંદનું બંધારણ જણાવો. **[01]**

જવાબ : અક્ષર - 17, બંધારણ - યમનસભલગા
યતિ - 6, 12મા અક્ષરે.

વિભાગ - D

(29) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યમાં અર્થવિસ્તાર કરો : [04]

મારા થકી જ મોલ, એવું વાવને હું પદ આવિયું;
પણ બોલ્યા વિના જ વેણ, ઓલ્યાં વાદળ વરસે, વાવમાં.

જવાબ : પ્રસ્તુત પંક્તિઓમાં કવિએ નમ્ર અને ઘમંડી માણસના ગુણદોષ બતાવ્યા છે. કવિએ ઘમંડી માણસની મૂર્ખતાનો ખ્યાલ આપવા અહીં વાવ અને વરસાદનું સરસ ઉદાહરણ આપ્યું છે. ખેડૂત સિંચાઈ દ્વારા પાકનું જતન કરે છે. વાવને એ સમયે અભિમાન થાય છે કે ખેડૂતની જિંદગીનો આધાર પોતે છે. પણ એ મૂર્ખ છે, વાવની સમૃદ્ધિનો આધાર વાદળ છે. પરંતુ વાદળને આ વાતનું જરાય અભિમાન નથી.

સમાજમાં રહેલા દંભી માણસો પણ આવા જ હોય છે.તેઓ મિથ્યાભિમાનમાં રચ્યાં-પચ્યાં રહે છે. બીજી બાજુ સદાચારી માણસો સદ્કાર્યો કરી આત્મસંતોષ અનુભવતાં હોય છે.

આમ, કવિ નિઃસ્વાર્થભાવે પરોપકાર કરતા રહેવાની સલાહ આપે છે.

અથવા

(29) કામધેનુને મળે ના એક સૂકું તણખલું;
ને લીલાંછમ ખેતરો આખલા ચરી જાય છે.

જવાબ : પ્રસ્તુત કાવ્યપંક્તિ કવિશ્રી કરશનદાસ માણેકના જગવિખ્યાત કાવ્ય 'મને એ સમજાતું નથી કે'માંથી લેવામાં આવી છે. કવિએ સમાજમાં પ્રવર્તી રહેલી વિષમતાઓનો ચિતાર આપ્યો છે.

આ બાબતને સમજાવવા માટે કવિએ કામધેનુ અને આખલાનું ઉદાહરણ આપ્યું છે. ગાય આપણને અનેક રીતે ઉપયોગી છે, આથી તે કામધેનુ સમાન

છે. આખલાનો ખેતીકામમાં ઉપયોગી નહીંવત્ છે. કામધેનુ સમાન ગાયને એક સૂકું તણખલું પણ નસીબમાં નથી હોતું. તે ખેતરમાં ચરવા જાય તો ખેડૂત તેને હાંકી કાઢે છે. જ્યારે આખલો બળજબરીથી લીલાંછમ ખેતરો ચરી જાય છે.

આપણા દેશમાં ભોજન મળવા બાબતે ગરીબો આવી જ વિષમતાને સહી રહ્યા છે. ગરીબ લોકોને એક ટંકનું ભોજન નથી મળતું, બીજી તરફ ભ્રષ્ટાચારીઓ દેશના અબજો રૂપિયા ચાઉં કરી વિદેશમાં લીલા-લહેર કરે છે.

આમ કવિ દેશની આર્થિક અસમાનતાનું દારુણ ચિત્રણ રજૂ કરે છે.

(30) તમારી શાળામાં યોજાયેલ સ્વચ્છતા અભિયાનનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો : [04]

જવાબ : તા.03/10/2019

મહાત્મા ગાંધીની 150મી જન્મજંયતીની ઉજવણીના ભાગરૂપે તેમજ સમગ્ર ગુજરાતની પ્રજાને રોગમુક્ત કરવા અને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવવા માટે 'નિર્મળ ગુજરાત' અભિયાનની શરૂઆત થઈ તે અંતર્ગત શાળા, કૉલેજ, સામાજિક સંસ્થાઓએ આ અભિયાનને સહર્ષ વધાવી લીધું. નાનાં-મોટાં સૌ કોઈ આ અભિયાનમાં જોડાઈ ગયાં. આ કાર્યક્રમ અંતર્ગત અમારી શાળા શ્રી વિવેકાનંદ વિદ્યાલય પણ આ અભિયાનમાં જોડાઈ. અમારી શાળાના આચાર્યશ્રી, શિક્ષકશ્રીઓ તેમજ વિદ્યાર્થી ભાઈ-બહેનો પણ આ અભિયાનમાં જોડાયાં અને સ્વચ્છતાના શપથ લીધાં.

અમારી શાળામાં 20-20 વિદ્યાર્થીઓની ટુકડીઓ પાડવામાં આવી. દરેક ટુકડીને સફાઈની જવાબદારી સોંપવામાં આવી. બધા જ વિદ્યાર્થીઓ શાળામાં પાવડા, કોદાળી, સાવરણા, તગારાં વગેરે સાધનો લઈને મેદાનમાં આવ્યાં હતાં. શાળાના પ્રાંગણની સફાઈનો આરંભ અમારી શાળાના આચાર્યશ્રીના હસ્તે કરવામાં આવ્યો હતો. આમ સ્વચ્છતા અભિયાનની શરૂઆત થઈ હતી. વિદ્યાર્થીઓ દ્વારા શાળાસફાઈ, મેદાનસફાઈ, ગ્રામસફાઈ અને બગીચામાં સફાઈ કરવામાં આવી હતી. આચાર્યશ્રીએ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકશ્રીઓની સુંદર કામગીરીને બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. જીવનમાં સ્વચ્છતા અને સહકારનું મહત્ત્વ સમજાવ્યું હતું.

આમ, સવારે શરૂ થયેલો સ્વચ્છતાનો કાર્યક્રમ સાંજે પૂર્ણ થયો.

(31) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [04]

સ્ત્રી અને પુરુષ આ મુસાફરી જેવા જીવનમાં એકસાથે મુસાફરી કરતા માણસો છે. ગીત ગાનાર અને વાજિંત્ર વગાડનારમાં જો સુમેળ ન હોય, તો એ તાલબદ્ધ અને કર્ણપ્રિય હોતું નથી. એમ પતિ-પત્નીમાં સુમેળ ન હોય, તો જીવન સંવાદી હોતું નથી. બન્ને પરસ્પર વર્તન અને વ્યવહારની બાબતમાં તદ્દન ચોખ્ખાપણું ઈચ્છે છે; પરંતુ જો પતિ પત્નીને વફાદાર રહેવા તૈયાર ન હોય તો પત્ની પણ કંઈ પતિને વફાદાર રહેવા બંધાયેલી નથી. જગતનો નિયમ છે કે કોઈ વ્યક્તિ જે રીતે વર્તે એ જ રીતે તે જોઈને બીજી વ્યક્તિ પણ વર્તતી હોય છે. અલબત, પતિ અને પત્ની પોતપોતાની ઈચ્છા પ્રમાણે સ્વચ્છંદ આચરણ કરનારાં ન બને, પણ પોતાનાં પગ ઉપર જ ઊભાં રહેનારાં અને સામાના આચરણ, વિચારોને યોગ્ય આદરથી સ્વીકારનારાં બને. આમ નથી થતું તેથી જ પતિ અને પત્નીના જીવનમાં નાની વાતોને બહુ મોટું રૂપ આપી મોટા

ઝઘડા અને સંઘર્ષો થાય છે.

જવાબ : શિર્ષક : સંવાદી જીવન

સ્ત્રી અને પુરુષ જીવનમાં એક સાથે મુસાફરી કરનારા માણસો છે. આથી જો પતિ અને પત્ની વચ્ચે સુમેળ ન હોય તો જીવન સંવાદી નથી બનતું. જીવનમાં ઝઘડા અને સંઘર્ષોને નિવારવા બન્નેએ એકબીજાના આચાર-વિચારને આદરપૂર્વક સ્વીકારવા જોઈએ.

(32) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો : [08]

(1) રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા

મુદ્દાઃ- પ્રસ્તાવના - ભારતમાં એકતાનું રૂપ - પ્રાંતવાદનું ઝેર - એકતાનું મહત્ત્વ - વિદેશી આક્રમણો અને રાષ્ટ્રીય એકતા - એકતા માટે જરૂરી પ્રયાસો - દેશવાસીઓની સમજદારી - ઉપસંહાર

''जहाँ डाल – डाल पर सोने की चिडियाँ करती है बसेरा,
वह भारत देश है मेरा, वह भारत देश है मेरा।''

આર્યાવર્ત કે ભારતવર્ષ કહેવાતો આપણો દેશ ઉત્તરમાં ગાંધાર સુધી, પૂર્વમાં જાવા, સુમાત્રા સુધી વિસ્તરેલો વિશાળ ભરતખંડ હતો. કાલાન્તરે ટુકડાઓ થતા-થતા આજે વિશ્વનો સાતમા સ્થાનનો દેશ રહ્યો છે.

પ્રાચીનકાળથી જ ભારત એક વિશાળ અનેક અખંડિત દેશ હતો. જેમાં નાનાં - મોટાં અને રાજયો કે રજવાડાંઓ હતાં. દરેક રાજય કે રાજા પોતાને શકિતશાળી અને સ્વતંત્ર માનતાં હતાં. આમ છતાં, ભારતમાં વિવિધતામાં એકતા જોવા મળે છે. આજે ભારત વિશ્વનો સૌથી મોટો ધર્મ નિરપેક્ષ, લોકતાંત્રિક દેશ છે. વિવિધ ધર્મો પાળતી, વિવિધ ભાષાઓ, રીતરિવાજો, શિક્ષિત - અશિક્ષિત, શહેરી-ગ્રામીણ, અમીર-ગરીબ, વિકસિત - અવિકસિત, વિવિધ પોશાક, ખાનપાન ધરાવતી પ્રજામાં ઐક્ય જોવા મળે છે.

ભાષાના ધોરણે રાજયોની રચનાએ ભાષાવાદ અને પ્રાંતવાદનું ઝેર રેડાયું છે. ઉત્તર ભારતીયોને દક્ષિણ ભારતીય લોકો સ્વીકારી શકતા નથી તો નોર્થ ઈસ્ટના લોકો દિલ્હીમાં નફરતનો ભોગ બની રહ્યાં છે. દક્ષિણ ભારતીયો હિન્દીના વિરોધમાં હિન્દીભાષીઓનો પણ વિરોધ કરે છે. પ્રાંતવાદનું આ ઝેર રાષ્ટ્રીય એકતા માટે ખતરનાક છે.

જેમ લાકડીની ભારીને એક સાથે તોડી શકાતી નથી. પરંતુ તેને છૂટી પાડીને એક-એક લાકડીને આસાનીથી તોડી શકાય છે તેમ આપણી એકતામાં જ આપણી શક્તિ છે. આપણા પ્રાણતરસ્યા પાડોશીઓ આપણી એકતા તોડવા ભૂતકાળમાં આસામ, પંજાબ, જમ્મુ-કશ્મીર વગેરે રાજ્યોમાં પ્રયાસ કરી ચૂક્યાં છે. કુદરતી કે માનવસર્જિત આફતોમાં રાજયો પરસ્પરને ટેકો આપે તો આફતોને અવરોધી શકાય.

ભારતખંડ પર પ્રાચીન કાળથી આક્રમણો થતાં રહ્યાં છે. શકો, હૂણો, યવનો, પઠાણો, મુઘલો, અંગ્રેજોએ સમય-સમય પર આર્યાવર્ત પર આક્રમણો કરી ભારતને લૂટ્યું જ નથી, પરંતુ ભારત પર પોતાની સત્તા પણ સ્થાપી હતી. વિદેશી આક્રમણો સામે દેશી રજવાડાંઓ એક ન થઈ શક્યાં, એ ભારતની સૌથી મોટી કમજોરી હતી. ભારતની ઉત્તર સરહદની રખેવાળીની જવાબદારી ઉત્તરનાં રાજયોની જ નહીં, સમગ્ર દેશની હતી. આજે પણ ભારતની ઉત્તર સરહદ સુરક્ષિત નથી. પાકિસ્તાન ભારતની અખંડિતતાને ખંડિત કરવા આતંકવાદ ઉછેર કેન્દ્રો ચલાવે છે.

રાષ્ટ્રીય એકતાના સંરક્ષણ માટે દેશના

યુવાનોનું સાંસ્કૃતિક આદાન - પ્રદાન થવું જોઈએ. રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવા માટે યુનિવર્સિટીઓએ યુથ એક્સ્ચેઈન્જ પ્રોગ્રામ બનાવવો જોઈએ. હોટલો રેસ્ટોરન્ટોએ પંજાબી અને સાઉથ ઈન્ડિયન જ નહીં બંગાળી મીઠાઈઓને પણ મહત્ત્વ આપવું જોઈએ. રાષ્ટ્રભાષા તરીકે હિન્દીને અપનાવી વિદેશી ભાષાને જાકારો આપવો જોઈએ.

અંતે તો દેશવાસીઓની સમજદારી જ રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને ટકાવી રાખશે. Nation first આ સિદ્ધાંત આપણે ઈઝરાયલ અને જાપાન પાસેથી શીખવા જેવો છે. સ્વદેશી અભિયાન અને આત્મનિર્ભરતા રાષ્ટ્રને ટકાવી રાખવા માટે ખૂબ જ જરૂરી છે.

પાકિસ્તાન, ચીન, બાંગ્લાદેશ જેવા કૃતઘ્ન પાડોશી ધરાવતા આપણા દેશમાં આજે સૌથી મહત્ત્વપૂર્ણ જરૂરિયાત શિક્ષણ, રોજગારી અને આરોગ્યની સવલતો વધારવાની છે. થોડા પૈસા માટે સ્લીપર સેલ બની જતાં લોકોને આ દેશ પોતાનો છે એવું લાગવું જરૂરી છે. દેશદાઝ કેવળ રાષ્ટ્રધ્વજ ફરકાવવાથી કે વંદેમાતરમ્ ગાવાથી નથી જન્મતી. દેશના કાયદા-કાનૂનનું પાલન કરવું એ પણ રાષ્ટ્રસેવા છે.

''ऊँची हुई मशाल हमारी, आगे कठीन डगर है;

शत्रु तो हट गए लेकिन उसकी छायाओं का अभी डर है।''

(2) વૃક્ષ વાવો પર્યાવરણ બચાવોઃ

મુદ્દાઃ- પ્રસ્તાવના - વૃક્ષોની ઉપયોગિતા - વસ્તી વધારા સાથે ઊભા થયેલા પ્રદૂષણના પ્રશ્નો - પ્રદૂષણનાં પ્રશ્નોનો ઉકેલ - ઉપસંહાર.

''साँसें हो रही हैं कम,

आओं पेड़ लगाएँ हम।''

5 જૂન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીમાં આપણે ફક્ત વૃક્ષારોપણ જ કરીએ છીએ. ખરેખર તો વૃક્ષ વાવીને તેનો સંપૂર્ણ ઉછેર થાય તેની જવાબદારી ઉપાડવી જોઈએ. કાગળ પર બતાવાતાં જંગલો કરતાં રોજ કપાતાં વૃક્ષોની સંખ્યા ઘણી મોટી છે.

દરેક વૃક્ષ ખરેખર કલ્પવૃક્ષ જ છે. છાંયડો, ફળો અને લાકડું, તો વૃક્ષ આપે જ છે, પરંતુ પ્રત્યેક વૃક્ષ ઘણાબધા જીવોનું આશ્રયસ્થાન હોય છે. વૃક્ષ દવાઓ ઔષધિઓ જ નહીં, દરેક સજીવ માટે જરૂરી પ્રાણવાયુ પણ પૂરો પાડે છે વૃક્ષ બીજા અનેક જીવોને જીવાડે છે. પ્રત્યેક વૃક્ષ હવાનું શુદ્ધીકરણ કરતું કુદરતી એકમ છે. જમીનનું ધોવાણ અટકાવવામાં વૃક્ષનો ફાળો અનન્ય છે. લાખ, મધ જેવી ઔષધિઓ મેળવીને આદિવાસીઓ રોજગારી પણ જંગલોમાંથી મેળવે છે.

જે ઝડપે વસ્તી વધે છે તે જ ઝડપે જંગલો કપાઈ રહ્યાં છે. સિમેન્ટ કોંક્રિટનાં જંગલો ઊભાં કરવાં કે રસ્તાઓ, રેલ્વે લાઈનો, ઉદ્યોગો માટે જમીન મેળવવા, સિંચાઈ માટે મોટા બંધો બાંધવા વૃક્ષો જ નહીં સંપૂર્ણ જંગલો કપાય છે. વસ્તી વધતાં અનાજની જરૂરિયાત વધે છે. આથી જંગલો સાફ કરી ખેતી કરવામાં આવે છે. ખેતી માટે જ જંગલોના ભોગે મોટા બંધો બંધાઈ રહ્યા છે. આમ, વસ્તી વધારો જ પ્રદૂષણનું મુખ્ય કારણ છે.

વિશ્વ પર્યાવરણ દિને વાહનોને થોડો વિરામ આપી વૃક્ષબીજ વિતરણ પદયાત્રાઓ કાઢવી જોઈએ. આ પદયાત્રાઓમાં જોડાયેલા લોકોના હાથમાં કાર્ડબોર્ડ નહીં, પરંતુ રોપાઓ અને વૃક્ષબીજ હોવાં જોઈએ. વસ્તીવધારાને કાબૂમાં લેવામાં આવે તો પર્યાવરણની જ નહીં, દેશની અનેક સમસ્યાઓ નાબૂદ કરી શકાય. પ્લાસ્ટિક પર

સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાથી ધરતીનો શ્વાસ રુંધાતો અટકાવી શકાય અને ધરતીમાતાની તરસ બૂઝાવી શકાય. સૌર ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરવાથી પણ વૃક્ષોને બચાવી શકાય. ગામે-ગામના સ્મશાનોને નિર્ધૂમ બનાવવાથી પણ મૃતઆત્માઓને શાંતિ મળશે.

વૈશ્વિક તાપમાન વધતું અટકાવવા અને હવામાં ઓકિસજનનું પ્રમાણ જાળવી રાખવા વૃક્ષો અનિવાર્ય છે. વૃક્ષ માનવજાત માટે જ નહીં સમગ્ર પર્યાવરણને બચાવવા માટે પણ જરૂરી છે. પર્યાવરણની સમતુલા ખોરવાશે તો વિકાસ વિનાશ વેરશે. માણસ પોતાના પગ પર જ કુહાડો મારી રહ્યો છે ત્યારે પર્યાવરણના પાઠો પાઠયપુસ્તકમાં જ નહીં, પરંતુ પ્રાયોગિક રીતે આપણે ભણવા પડશે. ઝાડમાં જીવ છે અને છોડમાં રણછોડ છે એ વાત યાદ રાખવાની આજે તાતી જરૂર છે.

(3) પ્રવાસનું જીવનઘડતરમાં સ્થાન :

મુદ્દાઃ- પ્રસ્તાવના - જીવનઘડતરમાં પ્રવાસનું સ્થાન - પ્રવાસના ફાયદા - પ્રવાસ પ્રત્યક્ષ જ્ઞાનનો ખજાનો - સૌંદર્ય દ્દષ્ટિનો વિકાસ - વિશાળ જનસંપર્ક - સાહસિક વૃત્તિનો વિકાસ - એકાગ્રતા, સહનશીલતાની કેળવણીની ખીલવણી - આધ્યાત્મિક મૂલ્ય - ઉપસંહાર

" હું ક્યાં મારું કે તારું એકેય કામ કરવા આવ્યો છું;
હું તો બસ ફરવા આવ્યો છું."

- નિરંજન ભગત

'ફરે તે ચરે, બાંધ્યો ભૂખ્યો મરે' એ કહેવત પ્રમાણે પ્રવાસ દ્વારા પરોક્ષ રીતે આપણે ઘણું બધું પ્રાપ્ત કરીએ છીએ. પ્રાચીનકાળથી જ માણસની પ્રકૃતિ ભ્રમણ કરવાની રહી છે. વાહનવ્યવહારના આધુનિક સાધનો ન હતાં ત્યારે પણ ચીની મુસાફરો ભારતમાં આવી જ્ઞાન મેળવતા હતા. ભગવાન શ્રી રામે પણ 14 વર્ષના વનભ્રમણ દ્વારા અનેક મહાન ઋષિમુનિઓનો સત્સંગ પ્રાપ્ત કર્યો. પદયાત્રા દ્વારા સમગ્ર ભારતનું ભ્રમણ કરી સંત શ્રી વિનોબા ભાવેએ ભૂદાન યજ્ઞ કરેલો.

'ઘટમાં ઘોડા થનગને' એ કવિતા પ્રમાણે અણદીઠી ભોમ પર આંખ માંડવાથી ઘણો લાભ થાય છે. ભૂલા પડવાનો એક ફાયદો એ છે કે અનેક નવા રસ્તાઓથી પરિચિત થવાય છે. જુદા - જુદા લોકો તેમની સંસ્કૃતિ, રીત - રિવાજ, પહેરવેશ, બોલી - ભાષા વગેરેથી અવગત થવાય છે. 'બાર ગાઉ એ બોલી બદલાય' એ કહેવત પ્રમાણે એક જ ભાષાની અલગ - અલગ બોલીઓનો પરિચય પ્રાપ્ત થાય છે. ગુજરાતી પ્રજા વેપારી પ્રજા બની તેની પાછળ, આ ભ્રમણવૃત્તિ જ જવાબદાર છે આજ પણ સમગ્ર ભારતમાં પ્રવાસીઓ તરીકે ગુજરાતી જાણીતા છે.

ઈન્ટરનેટના આ યુગમાં વિશ્વ જયારે એક ગામડું બન્યું છે ત્યારે ઓડિયો વિઝયુઅલ સાધનો દ્વારા ઘરે બેઠા જ વિશ્વદર્શન થઈ શકે છે. 'જયાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી' એ કહેવત પ્રમાણે અનુભવ દ્વારા પ્રાપ્ત, કરેલું જ્ઞાન જ શાશ્વત રહે છે. પ્રવાસ દ્વારા પ્રત્યક્ષ જ્ઞાનનો લાભ મળે છે, જે પાઠયપુસ્તકો કે વીડિઓમાં નથી મળતો.

તાજમહેલનો ઈતિહાસ વાચવો અને તાજને પ્રત્યક્ષ જોવા એ બન્ને અલગ બાબત છે. ધરતી પરનું સ્વર્ગ કહેવાતું કશ્મીર ખરેખર સ્વર્ગ છે એવો પ્રત્યક્ષ અનુભવ કશ્મીર ગયા પછી જ થાય છે. કૂલુ - મનાલી - સિમલાના સ્નોફોલનો અનુભવ મોબાઈલમાં ન મળી શકે. પ્રકૃતિને પ્રત્યક્ષ પામવાથી આપણી સૌંદર્ય દ્દષ્ટિનો વિકાસ થાય છે.

પ્રવાસ દ્વારા સારાં - નરસાં અનુભવો જ નહીં. સારાં - નરસાં માણસોનો પણ પરિચય થાય છે.

બસ, ટ્રેન કે વિમાનમાં સહપ્રવાસીઓ સાથે વાતચીત દ્વારા સંબંધ સ્થપાય છે. આવાં સંપર્કો દ્વારા ઘણી ઉપયોગી માહિતી મળે છે જે આપણા વિકાસમાં ઉપયોગી છે.

પ્રવાસમાં આપણે આયોજન તો કરીએ છીએ છતાં પ્રવાસમાં બધું પૂર્વનિર્ધારિત નથી બનતું. પૂર્વ આયોજિત પ્રવાસમાં એ મજા નથી, જે અણદીઠેલી ભોમ પર આંખ માંડવામાં છે. 'મુશ્કેલી ન આવે તે માર્ગ ક્યાંય જતો નથી.' એ પ્રમાણે સંઘર્ષ દ્વારા જ સફળતા મળે છે. પ્રવાસ દ્વારા આપણી સાહસિકવૃત્તિનો વિકાસ થાય છે. 'જોખમ ન લેવું એ પણ એક જોખમ છે.' એ કહેવત પ્રમાણે સીધાં - સરળ રસ્તાઓ કરતાં દુર્ગમ માર્ગ પસંદ કરવાથી કંઈક અલગ પ્રપ્તિ થાય છે.

પ્રવાસ દ્વારા આપણી એકાગ્રતા, સહનશીલતાનો પણ વિકાસ થાય છે. જીવનમાં જરૂરી આ ગુણો પ્રવાસ દ્વારા સારી રીતે વિકસે છે.

વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે જે જ્ઞાન ન મળે તે કુદરતના સાંન્નિધ્યમાં પ્રાપ્ત થાયે છે, હૃદયની વિશાળતા કે ઉદારતાનો ગુણ કુદરત પાસેથી જ પ્રાપ્ત થાય છે.

યાત્રા - પ્રવાસનું આધ્યાત્મિક મહત્ત્વ અનન્ય છે. ધાર્મિક સ્થાનો જ નહીં, પરંતુ કેટલાક અલૌકિક અને કુદરતી સૌંદર્યથી ભરપૂર સ્થાનો આપણો આધ્યાત્મિક વિકાસ સાધવામાં સહાયરૂપ થાય છે. શહેરી ભીડભાડ, કારખાનાંઓ કે વાહનોનાં કોલાહલથી દૂર આધ્યાત્મિક શાંતિ, પ્રાપ્ત કરવા માટે ભારતમાં એવાં અનેક સ્થાનો છે, જ્યાં વિશ્વભરમાંથી સહેલાણીઓ આવે છે.

''राही बढ़े चलो निज पथ पर,

यदि चलते- चलते गिर जाओं, पैरों में काँटे चुभ जाए, फिर भी चलना काम तुम्हारा, राही बढ़े चलो निज पथ पर।''

(1) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : [04]

(અ) ઉક્તિ	(બ) પાત્ર
(1) બહુ આનંદ થયો તને આમ ખડતલ જોઈને	(અ) સંત
(2) પણ તાવમાં તો હું તને નહીં જ મોકલું	(બ) નરેન
(3) છોકરાઓ, હું પૂછું તેનો જવાબ આપશો ?'	(ક) નીના બહેન
(4) 'આ બે છોકરાંય ભલે ભેગાં મરી જતાં.'	(ડ) કાળુ
	(ઇ) રાજુ

જવાબઃ (1)

(અ) ઉક્તિ	(બ) પાત્ર
(1) બહુ આનંદ થયો તને આમ ખડતલ જોઈને	(બ) નરેન
(2) પણ તાવમાં તો હું તને નહીં જ મોકલું	(ક) નીના બહેન
(3) છોકરાઓ, હું પૂછું તેનો જવાબ આપશો ?'	(અ) સંત
(4) 'આ બે છોકરાંય ભલે ભેગાં મરી જતાં.'	(ઇ) રાજુ

(2) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખોઃ [02]

(1) લેખકે તાણને કોની સાથે સરખાવી છે ?

જવાબ : (1) લેખકે તાણને વાંસા વગરની ચુડેલ સાથે સરખાવી છે.

(2) સલોની ફોટા ઉપરની મૂળ વસ્તુ કોને કહે છે ?

જવાબ : (2) સલોની ફોટા ઉપરની મૂળ વસ્તુ મનીષાને કહે છે.

(3) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. [06]

(1) અસિતે કૃષ્ણજન્મની કઈ તરકીબ રચી હતી, તે જણાવો.

જવાબ : (1) કૃતિઃ જન્મોત્સવ

કર્તાઃ સુરેશ જોશી

સાહિત્ય સ્વરૂપઃ નવલિકા

સંદર્ભઃ 'ગૃહપ્રવેશ' માંથી

અસિતે કૃષ્ણજન્મ માટે સૌને આશ્ચર્યચક્તિ કરી દે તેવી વીજળીની તરકીબ રચી હતી. એમાં કારાગૃહમાં કૃષ્ણનો જન્મ, વર્ષાની ધારા, વસુદેવ, કૃષ્ણને લઈને જમુના ઓળંગીને જાય છે, આ દશ્યો પોતાના ટેકનોલોજીના જ્ઞાનથી આબેહૂબ તૈયાર કર્યા હતાં.

(2) લેખકે રક્તવર્ણા શાહુકારી ચોપડાનાં પાનાં કેમ ફાડી નાખ્યાં ?

જવાબ : (2) કૃતિઃ ચોપડાંની ઈન્દ્રજાળ

કર્તાઃ ચંદ્રકાન્ત પંડ્યા

સાહિત્ય સ્વરૂપઃ આત્મકથા - ખંડ

સંદર્ભઃ 'બાનો ભીખુ' માંથી

જીવલાનું જીવન કરુણાથી ભરેલું હતું. એ કરુણ જીવન જોઈને લેખકનું હૃદય દ્રવી ઊઠ્યું લેખક પાસે ઉઘરાણીનો જે ચોપડો હતો એમાં જીવલાનું દેવું પાંચ ગણું વધી ગયું હતું. દેવાનો આટલો બોજ

જીવલાની સાત પેઢી પણ ચૂકવી શકે તેમ ન હતી. દેવાના ડુંગર નીચે દબાયેલા જીવલાને દેવામાંથી કાયમ માટે મુકત કરવા, લેખકે રક્તવર્ણા ચોપડાંનાં બધાં પાનાં ફાડી નાખ્યાં.

(3) રાજકોટ છત્રી લેવા જવાની વાત સૌને મૂર્ખામીભરી લાગતી હતી, કારણ કે...

જવાબ : (3) કૃતિઃ છત્રી

કર્તાઃ રતિલાલ બોરીસાગર

સાહિત્ય સ્વરૂપઃ હાસ્ય નિબંધ

સંદર્ભઃ ' ૐ હાસ્યમ્' માંથી

અમદાવાદથી છેક રાજકોટ જવાના બસ ભાડાના ઓછામાં ઓછા બસો પચાસ રૂપિયા થાય તેમ હતા. ઉપરાંત રિક્ષાભાડા તેમજ ચા - પાણી - નાસ્તા વગેરેનો વધારાનો ખર્ચ ઉમેરીએ તો ત્રણસો - સાડા ત્રણસો રૂપિયા થઈ જાય. આથી રાજકોટ છત્રી લેવા જવાની વાત સૌને મૂર્ખામીભરી લાગતી હતી.

અથવા

(3) ખોભાણમાં પગ લપસ્યા છતાં લેખક કેવી રીતે બચ્યા ?

જવાબ : (3) કૃતિઃ હિમાલયમાં એક સાહસ

કર્તાઃ જવાહરલાલ નહેરુ

સાહિત્ય સ્વરૂપઃ પ્રવાસ નિબંધ

સંદર્ભઃ ' મારી જીવનકથા' માંથી

ખોભાણમાં લેખકનો પગ લપસ્યો; પરંતુ સૌ બીજા એક દોરડાની સાંકળથી સંકળાયેલાં હતાં. આથી દોરડાએ તેમને પકડી રાખ્યા. લેખક ખોભાણની એક બાજુને વળગી રહ્યા એટલે સૌએ મળીને એમને ખેંચી કાઢ્યા. આ રીતે તેઓ બચી ગયા.

(4) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો. [08]

(1) 'રેસનો ઘોડો' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

જવાબ : (1) કૃતિઃ રેસનો ખોડો

કર્તાઃ વર્ષા અડાલજા

સાહિત્ય સ્વરૂપઃ નવલિકા

સંદર્ભઃ 'કોઈ વાર થાય કે' માંથી

'રેસનો ઘોડો' શીર્ષક સમગ્ર વાર્તાના હાર્દને યથાર્થ સ્વરુપે રજૂ કરે છે. વિનુકાકા એ વાર્તાનું મહત્ત્વનું પાત્ર છે. પોતાનાં સંતાનોને પરીક્ષાલક્ષી સ્પર્ધાત્મક હોડમાં, રેસના ઘોડાની જેમ જોતરીને, પોતાના વિચારો એમનાં ઉપર લાદી દેનારાં મા-બાપનું વિનુકાકા પ્રતિનિધિત્વ કરે છે. સૌરભ અહીં રેસનો ઘોડો છે. વિનુકાકા મરજી પ્રમાણે એને દોડાવે છે. સૌરભ મોટી ડિગ્રી મેળવે, ચંદ્રકો જીતે, અખબારોમાં એનું નામ ચમકે, ફોટા છપાય એવું વિનુકાકા ઈચ્છે છે. એમાં સૌરભ ઊણો ઊતરે કે ઓછા માર્ક્સ આવે તો વિનુકાકા એને ટોકતા કે ઊતારી પાડતા. એમાં તેમની મહેનત સફળ થઈ. સૌરભ રેસના ઘોડાની જેમ પ્રથમ આવ્યો. તે અમેરિકામાં ડૉક્ટર થયો અને ત્યાંની મોટી હોસ્પિટલમાં કામે લાગી ગયો. એની નામના વધી. વિશાળ બંગલો, કાર જેવી અનેક ભૌતિક સંપત્તિ મેળવી, પરંતુ જીવન જીવવા માટે જરૂરી સંવેદના ગુમાવી. મા-બાપ સાથે વાત કરવાનો એમને સમજવાનો કે સહારો થવાનો એની પાસે સમય નહોતો. આમ, સૌરભ શિક્ષણક્ષેત્રે 'રેસનો ઘોડો' જીતી ગયો, પણ સંસ્કારક્ષેત્રે તે હારી ગયો. આ દૃષ્ટિએ 'રેસનો ઘોડો' શીર્ષક સર્વથા ઉચિત છે.

(2) રાતના સમયે ખીણને રસ્તે જતાં લેખક શા માટે સ્તબ્ધ થઈ જાય છે ?

જવાબ : (2) કૃતિઃ ડાંગવનો અને.....

કર્તાઃ મહેન્દ્રસિંહ પરમાર

સાહિત્યસ્વરૂપઃ નિબંધ

સંદર્ભઃ ' રખડુનો કાગળ' માંથી

રાતના સમયે ખીણના રસ્તે જતાં ચારેબાજુ આગિયા ઊડતા હતા. આ આગિયાઓએ જાણે સાગના ઝાડને રાતોરાત શણગારી લીધા હતા ! ઉપર આકાશ તારાખચિત અને નીચે આગિયાઓની ઊડાઊડ, કવિ રાજેન્દ્ર શુક્લના શબ્દોમાં...

''મુઠ્ઠી ચણા કે ધાણી, ઝરણાનું પાણી,
ઘેઘૂરની ઘટામાં આઠે પ્રહર ઉજાણી !''

કેવળ સ્થાનનો જ ફરક હતો. મૂળમાં તો અજવાળું હતું. શિખર તારલાઓથી શોભતું હતું ને તળેટીમાં આગિયા ઝમગમતા હતા. અહીં-તહીં ઊડાઊડ કરતા આગિયાઓએ અંધકારને શણગારીને એક મોઝેઈક બનાવી આપ્યું હોય એવું એ દૃશ્ય હતું. લેખક રાતના સમયે ખીણને રસ્તેથી પસાર થાય છે ત્યારે આ દૃશ્ય જોઈને સ્તબ્ધ થઈ જાય છે.

અથવા

(2) જીવલાનું પાત્રાલેખન તમારા શબ્દોમાં કરો.

જવાબ : (2) કૃતિઃ ચોપડાંની ઈન્દ્રજાળ

કર્તાઃ ચંદ્રકાન્ત પંડયા

સાહિત્યસ્વરૂપઃ આત્મકથા - ખંડ

સંદર્ભઃ 'બાનો ભીખુ' માંથી

અભણ જીવલાએ ખેતર વેચાતું લેવા લેખકના પિતા પાસેથી ત્રણસો રૂપિયા વ્યાજે લીધેલા. તે પ્રામાણિક અને દાનતનો શુદ્ધ હતો. ગમે તેવાં માઠાં વર્ષ ગયાં હોય અને સારો પાક ઊતર્યો ન હોય તોપણ શાહુકારના છોકરાને આપદા ન પડવી જોઈએ, એટલે જેટલા પૈસા મળે તેટલા ચૂકવતો. ઉપરાંત દર વર્ષે લાકડાં, ડાંગર, કઠોળ, ગોળ, કેરી, શાકભાજી, બોર, જાંબુ, શેરડી વગેરે શાહુકારને ત્યાં જઈ આપી આવતો. તેની પત્નીનાં મૃત્યુ પછી તેનું બારમુ કરવા બીજા શાહુકાર પાસેથી કરજ લીધેલું. લેખક જીવલાને ત્યાં ઉઘરાણી કરવા જતા તો તેને જીવલો ઋતુઋતુનાં ફળ, ચણાનો ઓળો, શેરડી, બોર, કેરી વગેરે ખાવા આપતો અને સાથે ઘેર લઈ જવા પણ બાંધી આપતો. લેખક ભાતું લીધાં વિના આવ્યા હોય તો તેમને ભાવતો શીરો જમાડતો. લેખકને વાલોળ, રીંગણા બાંધી આપવા માટે તેની પાસે એકાદ થેલી પણ ન હતી. જુવાનીમાં જીવલો તદ્દન કૃશ થઈ ગયો હતો. તેના પુત્રની અર્ધનગ્ન દશા દરિદ્રતાને શરમાવે તેવી હતી. લેણદારના પૈસા દૂધે ધોઈને આપવા માટે જીવલો રાત દિવસ કાળી મજૂરી કરતો તોપણ તેનાં છોકરાં ભૂખે મરતાં. જીવલાની શુદ્ધ દાનત, પ્રામાણિકતા અને તેના કુટુંબની અત્યંત કરુણ દશા જોઈને લેખકે તેને ચોપડાંની ઈન્દ્રજાળમાંથી મુક્ત કર્યો.

વિભાગ - B

(5) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. **[04]**

(અ) પદ્યકૃતિ	(બ) સાહિત્યપ્રકાર
(1) વૈષ્ણવજન	(અ) ગીત
(2) એક બપોરે	(બ) ગઝલ
(3) દીકરી	(ક) ઊર્મિકાવ્ય
(4) હું એવો ગુજરાતી	(ડ) પદ
	(ઈ) દુહા

જવાબ : (5)

(અ) પદ્યકૃતિ	(બ) સાહિત્ય પ્રકાર
(1) વૈષ્ણવજન	(ડ) પદ
(2) એક બપોરે	(ક) ઊર્મિકાવ્ય
(3) દીકરી	(બ) ગઝલ
(4) હું એવો ગુજરાતી	(અ)ગીત

(6) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : [02]

(1) કવિની દૃષ્ટિએ ભારવાળો મુગટ એટલે શું ?

જવાબ : (1) કવિની દૃષ્ટિએ ભારવાળો મુગટ એટલે જવાબદારી કે સત્તા.

(2) 'ચાંદલિયો' કાવ્યમાં કઈ ઋતુની વાત કરવામાં આવી છે ?

જવાબ: (2) 'ચાંદલિયો' કાવ્યમાં શરદઋતુની વાત કરવામાં આવી છે.

(7) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : [06]

(1) 'શીલવંત સાધુને' કાવ્યની કવયિત્રી વારંવાર નમવાનું શા માટે કહે છે ?

જવાબ : (1) કૃતિ : શીલવંત સાધુને

કર્તા : ગંગાસતી

સાહિત્ય સ્વરુપ : ભજન

સંદર્ભ : 'ગંગાસતીની ભજનગંગા'માંથી

શીલવંત સાધુમાં આદર્શ સંતના તમામ ગુણો હોય છે. એના ચિત્તની વૃત્તિ પરમાત્મામાં લીન હોય છે. ગમે તેવી પરિસ્થિતિમાં પણ એના વર્તનમાં કોઈ ફેર પડતો નથી. આવા સંત પર જ પરમાત્માની કૃપા વરસે છે. આથી ગંગાસતી શીલવંત સાધુને વારંવાર નમવાનું કહે છે.

(2) યમુનાનાં જળમાં કોનું તેજ રેલાઈ રહ્યું છે ?

જવાબ : (2) કૃતિ : માધવને દીઠો છે ક્યાંય ?

કર્તા : હરીન્દ્ર દવે

સાહિત્ય સ્વરુપ : ઊર્મિગીત

સંદર્ભ : 'વરસાદની મોસમ છે'માંથી

સૂરને પોતાની મોરલીના આભમાં કૃષ્ણ નામનો ચંદ્ર ઊગતો દેખાય છે એ ચંદ્રનાં કિરણોનું તેજ યમુનાના જળમાં રેલાય છે. યમુના સાથે કૃષ્ણનો નાતો જાણીતો છે. કવિ કહે છે કે યમુનાના જળમાં હરિવર સંતાયા છે. પાતાળે સંતાયેલા હરિવરનું તેજ જળની સપાટી પર રેલાઈ રહ્યું છે.

(3) 'ચાલો જીવ, જવાનું આગળ....' દ્વારા કવિ શું સૂચવે છે ?

જવાબ : (3) કૃતિ : વતનથી વિદાય થતાં

કર્તા : જયંત પાઠક

સાહિત્ય સ્વરુપ : સોનેટ

સંદર્ભ : 'અંતરિક્ષ'માંથી

'ચાલો જીવ, જવાનું આગળ નહીં આ કાળના વ્હેણમાં' પંક્તિમાં 'ચાલો જીવ' શબ્દ સૂચવે છે કે કવિએ સમાધાન કરી લીધું છે. હકીકત એ છે કે ભાવિ જીવન માટે વતન છોડવું જરૂરી છે. એટલે વતનની યાદોને જ અમૂલ્ય સંભારણું ગણીને હૃદયમાં સાચવી રાખવું જોઈએ, કારણ કે વહી ગયેલો સમય ફરી આવવાનો નથી. આથી કવિએ 'ચાલો જીવ' એમ કહીને જીવને આગળ વધવા માટે પોતાની જાતને તૈયાર કરી લીધી છે. વાસ્તવમાં સ્વીકારી લીધી છે.

અથવા

(3) "સૌંદર્યો વેડફી દેતાં ના ના સુંદરતા મળે,
સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે."
- કાવ્યની આ પંક્તિઓનો માત્ર ભાવાર્થ સ્પષ્ટ કરો.

જવાબ : (3) કૃતિ : શિકારીને
કર્તા : સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'
સાહિત્ય સ્વરુપ : ઊર્મિકાવ્ય
સંદર્ભ : 'કલાપીનો કેકારવ'માંથી

સમગ્ર વિશ્વમાં ઠેર-ઠેર સૌંદર્ય પથરાયેલું છે. એ સૌંદર્યનો નાશ કરવાથી એમાં રહેલી સુંદરતાને આપણે નષ્ટ કરીએ છીએ. એને આપણે પામી શકતાં નથી. ખરેખર સૌંદર્યને માણવું હોય તો સૌથી પહેલાં આપણે સૌંદર્ય દૃષ્ટિ કેળવવી પડે. આ માત્ર શરીરની સુંદરતાની વાત નથી, પરંતુ સમગ્ર વ્યક્તિત્વની સુંદરતાની વાત છે.

(8) નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો. [08]

(1) પ્રથમ મુક્તકમાં કવિ કઈ-કઈ વાતની ચેતવણી આપે છે તે વિસ્તારથી સમજાવો.

જવાબ : (1) કૃતિ : લઘુ કાવ્યો : દુહા-મુક્તક-હાઈકુ
કર્તા : રઈશ મણિયાર
સાહિત્ય સ્વરૂપ : મુક્તક
સંદર્ભ :

પ્રથમ મુક્તકમાં કવિ રઈશ મણિયાર એ વાતની ચેતવણી આપે છે કે જગતમાં કદી હાર-જીત, સુખ-દુઃખ ન હોય એમ માનવું નહીં. માનવીનું જીવન એક ગતિશીલ ચક્ર જેવું છે. એની સાથે હાર અને જીત તથા સુખ અને દુઃખ સંકળાયેલાં છે. જગતમાં કોઈ એવો મુગટ બન્યો જ નથી જેને માથા પર મૂકતાં એનો ભાર ન લાગે. એટલે કે જેના માથે મુગટ હોય તેના માથે અનેકગણી જવાબદારીઓ હોય છે. એ જવાબદારી એણે નિભાવવી જ પડે છે. મુગટ કાંઈ માત્ર શોભા માટે નથી. આનંદથી ભારને વહન કરવાનો ભાવ આ મુક્તકમાં છે.

(2) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિએ ગુજરાતના મહિમાગાન માટે પ્રયોજેલા વિવિધ સંદર્ભો સ્પષ્ટ કરો.

જવાબ : (2) કૃતિ : હું એવો ગુજરાતી
કર્તા : વિનોદ જોશી
સાહિત્ય સ્વરુપ : ગીત
સંદર્ભ :

ગુજરાતના મહિમાનું વર્ણન કરતા કાવ્યોમાં આ એક વિશિષ્ટ કાવ્ય છે. કવિ વિનોદ જોશીએ ગુજરાતી હોવાના ગૌરવથી ગીતરચનાની શરૂઆત કરી છે.

ગુજરાતની ભૂમિનું પ્રાકૃતિક સૌંદર્ય નર્મદા, મહીસાગર વગેરે નદીઓ, અરવલ્લી, શૈત્રુંજય, ગિરનાર વગેરે પર્વતો અને રત્નાકરને કારણે ખીલી ઊઠ્યું છે. ગીરના સિંહો તો વિશ્વવિખ્યાત છે. નવરાત્રિમાં ગરબાની ફરતે ગવાતા રાસ-ગરબાની રમઝટથી વાતાવરણ ભક્તિમય બની જાય છે. સૂર્યમંદિરનો મહિમા અનન્ય છે. દ્વારકાના શ્રીકૃષ્ણ સૌને પ્રેમરૂપી અમૃતનું પાન કરાવે છે. આ ભૂમિએ ભારત દેશને ગાંધીજી અને સરદાર પટેલ જેવાં મહાપુરુષોની ભેટ આપી છે. ગાંધીજીએ સત્યરૂપી શસ્ત્રથી બ્રિટીશરોને ઝૂકાવ્યા અને દેશને આઝાદી અપાવી. સરદારની એક હાકથી ખેડૂતો સંગઠિત થયા અને અન્યાયી કાયદાનો વિરોધ કર્યો. નરસિંહ

મહેતાનાં પ્રભાતિયાં અને મીરાંબાઈનો તાનપુરો, પ્રેમાનંદની માણ, વિજાણંદનું વાજિંત્ર, પરમાત્માનું એકાગ્રચિત્તે ધ્યાન ધરતા ભગવાધારી સંતો વગેરે ગુજરાતની આધ્યાત્મિક સમૃદ્ધિ છે. ગુજરાતની ભૂમિ સંતો-શૂરવીરોની ભૂમિ છે. ગુજરાતની અસ્મિતા અને સંસ્કૃતિનું રક્ષણ કરવામાં એમનું મોટું યોગદાન છે. ગુજરાત એની સમગ્ર વિશેષતાઓ સાથે આ ગીતમાં નિરૂપાયું છે.

અથવા

(2) 'દીકરી' ગઝલ દ્વારા પિતા તરીકે કવિએ દીકરી પ્રત્યેનાં મનોભાવો કઈ રીતે વ્યક્ત કર્યા છે.

જવાબ : (2) કૃતિ : દીકરી

કર્તા : અશોક ચાવડા 'બેદિલ'

સાહિત્ય પ્રકાર : ગઝલ

સંદર્ભ : 'પગરવ તળાવમાં'માંથી

પિતાની નજરે આલેખાયેલું દીકરીનું વત્સલ અને મધુર વ્યક્તિત્વ અને માતાપિતાનાં મનોભાવને 'દીકરી' ગઝલમાં કવિ અશોક ચાવડાએ સુંદર વાચા આપી છે.

કવિને સ્વર્ગની પ્રત્યેક દેવીમાં દીકરીની ઝલક દેખાય છે. દીકરી સુખડ-ચંદન જેવી સુગંધ અને શીતળતા આપે છે. કુમકુમના તિલકમાં દીકરીનું સૌંદર્ય વસ્યું છે. દીકરીનાં હૈયામાં સ્નેહનું ઝરણું વહે છે. એટલે જ દીકરી મીઠડી લાગે છે. કોઈ વરસો સુધી ખડકમાંથી સુંદર શિલ્પ કોતરે એવી નકશીદાર દીકરી છે. લાજ, મર્યાદા, શરમ, ગૌરીવ્રત જેવી પરંપરાઓમાં દીકરી હંમેશા ફડકમાં ઊછરતી રહી છે. જેના માથે હાથ મૂકી આશીર્વાદ આપેલા એ જ દીકરી આજે હાથ દે છે એટલે કે સહારો બની છે. આવી વહાલી દીકરીને કેમ ભૂલાય ? જ્યારે શરણાઈના સૂર સાંભળું છું ત્યારે સગાં - સંબંધીઓની ભીડમાં પણ મારી આંખો ભીની થઈ જાય છે. અને એ ભીની પલકોમાં દીકરી દેખાય છે. આમ, વહાલી અને મીઠડી દીકરીનાં ગૌરવભર્યાં સ્થાન અને માન હંમેશા પિતાના હૃદયમાં રહેવાનાં.

વિભાગ - C

● **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.**
આપેલાં વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો :

(9) નીચેનામાંથી બે શબ્દોની સાચી જોડણી શોધીને લખો : **[01]**

(1) ક્ષિતિજ (ક્ષીતીજ, ક્ષિતિજ, ક્ષિતીજ)

જવાબ : ક્ષિતિજ

(2) સહનૂભુતિ (સહાનુભૂતિ, સહાનૂભુતિ, સહાનુભુતી)

જવાબ : સહાનુભૂતિ

(10) 'આજ્ઞા + અંકિત' શબ્દની સંધિ જોડો : **[01]**
(આજ્ઞાકિંત, આજ્ઞાંકિત, આંજ્ઞાકિત)

જવાબ : આજ્ઞાંકિત

(11) 'પ્રભુભજન' - શબ્દનો સમાસ ઓળખાવો : **[01]**
(તત્પુરુષ, દ્વન્દ્વ, ઉપપદ)

જવાબ : તત્પુરુષ

(12) યોગ્ય જોડકાં જોડો : **[01]**

(અ)	**(બ)**
(1) કર્તરિ વાક્યરચના	(અ) કૃષ્ણ ભગવાનને માથે નાગની છાયા કરાઈ.
(2) કર્મણિ વાક્ય રચના	(બ) જશોદા મૈયાએ કૃષ્ણ કુંવરને શણગાર્યા.
	(ક) માણેક કણસે છે.

જવાબ :

(અ)	(બ)
(1) કર્તરિ વાક્યરચના	(ક) માણેક કણસે છે.
(2) કર્મણિ વાક્યરચના	(અ) કૃષ્ણ ભગવાનને માથે નાગની છાયા કરાઈ.

(13) 'દેરાણી ચાંપલિયા કેરી પાંદડી' - વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. **[01]**
(ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા)

જવાબ : રૂપક અલંકાર

(14) 'શારીરિક' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? **[01]**
(પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એકપણ પ્રત્યય નહીં)

જવાબ : પર પ્રત્યય

(15) નીચેના શબ્દોનાં સમાનાર્થી શબ્દ શોધીને લખો: **[01]**
(1) પુંજ (ધન, પુંજી, ઢગલો)

જવાબ : ઢગલો

(2) તાદશ (આબેહૂબ, ચિત્ર, દશ્ય)

જવાબ : આબેહૂબ

(16) 'સુંદરતા' સંજ્ઞાનો સાચો પ્રકાર લખો. **[01]**
(સમૂહવાચક, ભાવવાચક, દ્રવ્યવાચક)

જવાબ : ભાવવાચક

● **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો :**

(17) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો : **[01]**
તરણા તોલે હોવું -

જવાબ : તદ્દન તુચ્છ હોવું/ વિસાત વિનાના હોવું

(18) નીચે આપેલી કહેવતનો અર્થ લખો : **[01]**
દેખવુંય નહીં ને દાઝવુંય નહીં.

જવાબ : જોવું પણ નહીં ને એથી એની ચિંતા પણ ન થવી.

(19) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : **[01]**
એક સાથે સો વસ્તુઓ, ભૂલ વિના, ક્રમમાં યાદ રાખવાની શક્તિ -

જવાબ : શતાવધાની શક્તિ

(20) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો : **[01]**
આસકત x

જવાબ : અનાસકત

(21) બન્ને શબ્દોના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો : **[01]**
(1) ચીર
(2) ચિર

જવાબ : (1) ચીર - રેશમી વસ્ત્ર
(2) ચિર - લાંબા કાળનું

(22) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો : **[01]**
કુણ-

જવાબ : કોણ

(23) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : **[01]**
ઘડિયાળના બે કાંટા ભેગા થયા.

જવાબ : બે - સંખ્યાવાચક વિશેપણ

(24) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો : **[01]**
જીવલો અવારનવાર ઘેર આવતો.

જવાબ : અવારનવાર - રીતિવાચક ક્રિયા વિશેષણ

(25) 'કાર્યક્રમ' શબ્દના ધ્વનિ ઘટક (સ્વર-વ્યંજન) છૂટા પાડો. **[01]**

જવાબ : ક્ + આ + ર્ + ય્ + અ + ક્ + ર્ + અ + મ્

(26) નીચેના વાક્યની પ્રેરક વાક્ય રચના બનાવો : **[01]**
શ્રીમદ્ રાજચંદ્રે રંગુનમાં ઝવેરાતની પેઢી ખોલી.

જવાબ : ભાગીદારે શ્રીમદ્ રાજચંદ્ર પાસે રંગુનમાં ઝવેરાતની પેઢી ખોલાવી.

(27) નીચેની પંક્તિઓનો છંદ ઓળખાવો : **[01]**

મળી આપણ જણ બંને બેન;

સંપી રમીએ તો સુખ ચેન

જવાબ : ચોપાઈ

(28) 'દોહરો' છંદનું બંધારણ જણાવો. **[01]**

જવાબ : માત્રાઃ 24

પ્રથમપંક્તિ - 13 માત્રા

દ્વિતીય પંક્તિ - 11 માત્રા

વિભાગ - D

(29) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યમાં અર્થવિસ્તાર કરો : [04]

કદમ અસ્થિર હો એને કદી રસ્તો નથી જડતો

અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.

જવાબ : પ્રસ્તુત કાવ્યપંક્તિમાં કવિએ દૃઢ મનોબળનું મહત્ત્વ સમજાવ્યું છે.

કવિ કહેવા માગે છે કે જેના પગ પહેલેથી જ ઢીલા હોય અને જેનું મન ઢચુપચુ હોય તેને મંજિલે પહોંચવાનો રસ્તો જડતો નથી. તે રસ્તામાં જ અટવાયા કરે છે અને ભાંગી પડે છે. પરંતુ જેનું મન દૃઢ હોય છે જે મંજિલે જવા માટે બરાબર કમર કસી લે છે, તેની ગતિને હિમાલય પણ અવરોધી શકતો નથી, તેના રસ્તામાં આવતી ગમે તેવી આફતો પણ તેને મૂંઝવી શકતી નથી.

'મન હોય તો માળવે જવાય,' 'રોતો જાય એ મૂઆના સમાચાર લાવે' જેવી કહેવત પણ પ્રસ્તુત પંક્તિના હાર્દને સમર્થન આપે છે. જે થવાનું હોય તે થાય, એવી ખુમારીથી જીવનારો મનુષ્ય જ તેના જીવનમાં ઈચ્છિત પ્રગતિ સાધી શકે છે. આવી વ્યક્તિ ખુમારીથી કહેશે કે -

'અમને નાખો જિંદગીની આગમાં,

આગને પણ ફેરવીશું અમે બાગમાં.'

આપણે પણ દૃઢ મનોબળ કેળવીને જિંદગીની રાહ પર આગળ વધતા રહેવું જોઈએ. અગવડો અને અડચણોથી આપણે જરાય ચલિત ન થઈએ.

અથવા

(29) ઊગે કમળ પંકમાં તદપિ દેવ શિરે ચડે,

નહીં કુળથી કિન્તુ મૂલ મૂલવાય ગુણો વડે.

જવાબ : પ્રસ્તુત કાવ્યપંક્તિ દ્વારા કવિ કમળનું ઉદાહરણ આપતાં કહે છે કે કમળ ભલે કાદવમાં ખીલતું હોય, તોપણ દેવોને ચઢાવાય છે. એ જ પ્રમાણે કોઈપણ વ્યક્તિનું મૂલ્યાંકન તેની જાતિ કે વંશના આધારે નહીં, પરંતુ તેનામાં રહેલા ગુણોને આધારે કરવું જોઈએ.

કમળ કાદવમાં જ ઊગે છે પરંતુ તેનામાં રહેલી સુવાસ અને તેનું સૌંદર્ય તેને ઉચ્ચ સ્થાને લઈ જાય છે. તેને મંદિરમાં રહેલા દેવોનાં મસ્તક પર ચઢવાનું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થાય છે, એ જ રીતે મનુષ્ય પોતાના સદ્‌ગુણો વડે જ સમાજમાં ઉચ્ચ સ્થાને બિરાજી શકે છે. ડૉ. બાબા સાહેબ આંબેડકર એનું જવલંત ઉદાહરણ છે. મનુષ્યનો જન્મ કેવાં કુળમાં થવો તે તેનાં હાથની વાત નથી, પરંતુ સારા ગુણો કેળવવા તે મનુષ્યના હાથની વાત છે. મનુષ્ય વિદ્યાભ્યાસથી સદ્‌ગુણો કેળવી સમાજમાં મોભાનું સ્થાન પ્રાપ્ત કરી શકે છે. અને લોકાદર પામે છે. તેથી જ કહેવાયું છે કે

"जाति न पूछो साधु की, पूछ लीजिए ज्ञान,

मोल करो तलवार का, पड़ा रहने दो म्यान।"

આમ, આપણે જ્ઞાતિ-જાતિના ભેદભાવોથી ઉપર ઊઠી મનુષ્યમાં રહેલા સદ્‌ગુણો અને જ્ઞાનને મહત્ત્વ આપવું જોઈએ.

(30) તમારી શાળામાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે શરૂ કરેલ પુસ્તક બેન્કના ઉદ્‌ઘાટન અંગેનો છાપાજોગ અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો : [04]

જવાબ : વાર્ષિક ઉત્સવના કાર્યક્રમમાં ઉપસ્થિત શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ શાળાના આચાર્યશ્રી સમક્ષ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના લાભાર્થે પુસ્તક બેન્ક શરૂ કરવાની દરખાસ્ત મૂકેલી અને આ માટે તન-મન-ધનથી સહકાર આપવાની તત્પરતા દર્શાવેલી. તેના અનુસંધાનમાં આચાર્યશ્રીએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આર્થિક સહકારથી પુસ્તક બેન્ક શરૂ કરેલા. ધો. ૧ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે દરેક વિષયનાં પાઠ્યપુસ્તકો, નોટબુકો તેમજ સંદર્ભ પુસ્તકો પર્યાપ્ત જથ્થામાં મેળવી પુસ્તક બેન્કનો પ્રારંભ થયેલો. આ બેન્ક માટે શાળા દ્વારા એક રૂમ ફાળવાયો હતો. જેમાં એક કમ્પ્યૂટર ટેબલ - ખુરશી વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ પુસ્તક બેન્કનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ધારાસભ્યના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. પુસ્તક બેન્કનું ઉદ્‌ઘાટન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો, વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શહેરના અગ્રગણ્ય નાગરિકો, ભૂતપૂર્વ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોનું વિતરણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. પુસ્તક બેન્કના નિભાવ માટે ધારાસભ્યે પોતાની ગ્રાન્ટમાંથી રૂ.એક લાખ તેમજ શહેરના નાગરિકોએ પણ રૂ. એક લાખનો ફાળો આપ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી વ્યાસ સાહેબે કરેલ. આભારવિધિ શાળાના આચાર્યશ્રીએ કરી હતી. અલ્પાહાર બાદ કાર્યક્રમ પૂર્ણ થયેલ.

(31) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [04]

શિસ્તના બે પ્રકાર છે : સ્વયંશિસ્ત અને ફરજિયાત શિસ્ત. 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે રુમઝુમ' એ ન્યાય મુજબ વિદ્યાર્થીઓ પર ફરજિયાત શિસ્ત લાદવામાં આવે છે; પરંતુ આજના જમાનામાં આવી શિસ્ત કારગર નીવડી શકે તેમ નથી. સ્વયંશિસ્ત કે સ્વૈચ્છિક શિસ્તના વાતાવરણમાં જ બાળકોનો સાચો વિકાસ થઈ શકે છે. ફરજિયાત પાળવામાં આવતી શિસ્તમાં ભય હોય છે. સ્વયંશિસ્તમાં ભયને કોઈ સ્થાન હોતું નથી. વ્યક્તિ જાતે જ સમજી-વિચારીને શિસ્તનું પાલન કરે છે. આપણામાં સ્વયંશિસ્તની ભાવના કેળવાયેલી હશે તો આપણા દેશની પણ પ્રગતિ થઈ શકશે. શિસ્તના અભાવે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. શાળાઓમાં નુકસાન, હડતાલ, મારામારી વગેરે ગેરશિસ્તનાં જ પરિણામ છે. શિસ્તને સદ્‌વ્યવહાર સાથે ગાઢ સંબંધ છે. જ્યાં વિનય, વિવેક અને જવાબદારીની ભાવના હોય છે ત્યાં શિસ્ત જળવાય છે અને વાતાવરણ સુખદ બને છે.

જવાબ : શીર્ષક : સ્વયંશિસ્ત

શિસ્તના બે પ્રકાર છે : સ્વયંશિસ્ત અને ફરજિયાત શિસ્ત, સ્વયં શિસ્તના વાતાવરણમાં જ બાળકોનો સાચો વિકાસ થઈ શકે છે. આપણામાં સ્વયંશિસ્તની ભાવના કેળવાયેલી હશે તો આપણા દેશની પણ પ્રગતિ થઈ શકશે શિસ્તના અભાવે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. શિસ્તને સદ્‌વ્યવહાર સાથે ગાઢ સંબંધ છે.

(32) ગમે તે એક વિષય પર આપેલાં મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો : [08]

(1) સ્વચ્છતા

મુદ્દાઓ:- પ્રસ્તાવના - શરીરની સ્વચ્છતા - ઘર અને મહોલ્લાની સ્વચ્છતા અંગેના પ્રયત્નો - ગામડાં અને શહેરોની સ્થિતિ - ગાંધીજીના સ્વચ્છતા અંગેના પ્રયત્નો - સ્વચ્છતાની જવાબદારી - વિદેશોમાં સ્વચ્છતા - ઉપસંહાર

'જયાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા' - ગાંધીજી

આપણા જીવનમાં સ્વચ્છતાનું ઘણું મહત્ત્વ છે. જયાં સ્વચ્છતા ત્યાં સુંદરતા. જયાં સ્વચ્છતા ત્યાં પવિત્રતા. જયાં સ્વચ્છતા ત્યાં દિવ્યતા. જયાં સ્વચ્છતા ત્યાં તંદુરસ્તી. જયાં સ્વચ્છતા ત્યાં સમૃદ્ધિ. આ સૂત્રો આપણે જીવનમાં વણી લેવા જોઈએ.

શરીરની તંદુરસ્તી માટે શરીરની સ્વચ્છતા ખૂબ જ જરૂરી છે. આપણે આંખ, કાન, નાક, ચામડી, વાળ, નખ, દાંત વગેરે અવયવોને સ્વચ્છ રાખવાં જોઈએ. સ્નાન કરતી વખતે શરીરનાં બધાં અંગોની સારી રીતે સફાઈ કરવી જોઈએ. આપણા હાથ-પગ સ્વચ્છ હોવાં જોઈએ. સ્વચ્છ શરીર અને સ્વચ્છ કપડાં આપણા મનને સ્વસ્થ રાખે છે. આથી આપણું શરીર તાજગી અનુભવે છે. આપણા ઉત્સાહમાં પણ વધારો થાય છે.

જાહેર આરોગ્ય માટે ઘર અને મહોલ્લાની નિયમિત સફાઈ થવી જરૂરી છે. આપણે આપણાં ઘરનાં બારી - બારણાં, ભોંયતળિયું, છત, દીવાલો વગેરેની નિયમિત સફાઈ કરવી જોઈએ. ઘર - સુંદર હોય અને તેમાં સુંદર રાચરચીલું વસાવેલું હોય, પરંતુ તેને સ્વચ્છ રાખવામાં આવતું ન હોય તો તે સુંદર લાગતું નથી. ઘરની આસપાસનો વિસ્તાર પણ સ્વચ્છ રાખવો જોઈએ. ક્યાંય ગંદકી કે કચરાના ઢગલા ન થવા દેવા જોઈએ, કચરાના ઢગલામાંથી દુર્ગંધ પ્રસરે છે. જંતુઓ ઉત્પન્ન રોગચાળો ફેલાય છે. બધે કચરાપેટીઓની સગવડ હોય છે; તેમાં જ કચરો નાખવો જોઈએ.

આપણો દેશ ગામડાંઓનો બનેલો છે. લોકોમાં કેળવણીના અભાવે ઘણાં ગામડામાં ગંદકીનો પાર નથી. લોકોના ઘરનાં આંગણાં જ ઉકરડાં બની જાય છે. લોકો ખુલ્લામાં કુદરતી હાજતે જાય છે. તેથી ત્યાં માખી અને મચ્છરનો બેશુમાર ઉપદ્રવ થાય છે. લોકો ગમે ત્યાં થૂંકે છે અને પોતાનું નાક સાફ કરે છે. આથી ગામડાના લોકો અનેક રોગોના ભોગ બની જાય છે. શહેરની ચાલીઓ અને પોળોમાં પણ લગભગ આવી જ સ્થિતિ પ્રવર્તે છે.

ગાંધીજીએ સફાઈને ખૂબ મહત્ત્વ આપ્યું હતું. તેમણે આશ્રમવાસીઓને સ્વચ્છતાનાં પાઠ શીખવ્યા હતા. આથી આશ્રમવાસીઓ રોજ સવારે સમૂહમાં સફાઈકામ કરતા. એમની સાથે ગાંધીજી પણ સફાઈકામમાં જોડાતાં. કેટલીક શાળાઓમાં શિક્ષણકાર્યની શરૂઆતમાં સફાઈનો કાર્યક્રમ રાખવામાં આવે છે. 'नई तालीम सफाई से शुरु होती है।' એ બુનિયાદી શિક્ષણનું સૂત્ર છે. વળી, શ્રમ શિબિરો અને સામૂહિક સફાઈ એ આપણી આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવાનો મહાન યજ્ઞ છે. એ યજ્ઞકાર્યમાં સહુ જોડાય એ મહત્ત્વનું છે.

સ્વચ્છતા જાળવવાની જવાબદારી ગામડામાં પંચાયતોની અને શહેરોમાં નગરપાલિકાઓની હોય છે. તેઓ પોતાની જવાબદારી નિભાવે પણ છે. અનેક કર્મચારીઓ સફાઈની આ પ્રવૃતિમાં જોડાયેલા છે. લોકોનો સાથ સહકાર પણ એટલો જ જરૂરી છે. લોકો જાગૃત હોય તો જ સ્વછતા

જાળવી શકાય.

અમુક દેશોમાં સ્વચ્છતા અંગે સરકાર અને પ્રજા ખૂબ સભાન અને તત્પર હોય છે. ત્યાં ક્યાંય ગંદકી જોવા મળતી નથી. માખીમચ્છરનું તો નામોનિશાન પણ હોતું નથી. અમેરિકામાં એકવાર ફળના કરંડિયામાંથી માખી મળી આવી ત્યારે એ સમાચાર T.V. પર પ્રસારિત થયાં હતાં. આ બનાવ અંગે ઊંડી તપાસ પણ કરવામાં આવી હતી. સ્વચ્છતા અને આરોગ્ય અંગે આવી જાગૃતિ હોય ત્યાં જ સ્વાસ્થ્યની યોગ્ય જાળવણી થઈ શકે.

આપણી સરકાર ટી.વી. રેડિયો અને વર્તમાનપત્રો જેવાં પ્રસાર માધ્યમો દ્વારા લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવા માટે ઘણાં પ્રયત્નો કરે છે. આવા કાર્યક્રમોની લોકો પર ઘણી સારી અસર થાય છે. સાથે - સાથે સ્વચ્છતા જાળવવા અંગેના નિયમો ઘડીને સરકારે તેનો કડકાઈથી અમલ પણ કરાવવો જોઈએ. સફાઈ ઝુંબેશ દ્વારા પણ લોકજાગૃતિ લાવી શકાય. ઠેરઠેર સ્વચ્છતા વિશે સુંદર સૂત્રો લખાવીને પણ જાગૃતિનું કાર્ય કરી શકાય.

(2) ધરતીનો છેડો ઘર

મુદ્દાઓ:- પ્રસ્તાવના - ઘર એક આશ્રયસ્થાન - ઘર કોને ન કહેવાય ? - 'ધરતીનો છેડો ઘર' એ ઉક્તિનું રહસ્ય - ઉપસંહાર.

''ઘરેથી નીકળો તો રાખજો સરનામું ખિસ્સામાં,
મળે છે કોણ જાણે કેવા ઝંઝાવાત રસ્તામાં.''

- રશીદ 'મીર'

સવારે દાણાં ચણવા ગયેલાં પંખીઓ સાંજે પોતપોતાનાં માળામાં પાછાં ફરે છે. સવારે નોકરીધંધે ગયેલાં લોકો સાંજે પોતપોતાનાં ઘેર પાછાં ફરે છે. સવારે ખેતરમાં કામ કરવા ગયેલા ખેડૂતો સાંજે ઘેર પાછાં ફરે છે. સવારે ચારાની શોધમાં ધણ અને ગોવાળિયાઓ પણ ઘેર પાછાં ફરે છે. આમ, માનવી હોય કે પશુપંખી, સાંજે તેમને પોતાનાં ઘરે પાછા ફરતા આનંદ થાય છે.

ઘર એ માનવીનું, માળો પંખીનું, ગુફા સિંહની - આ બધાં આશ્રયસ્થાનો છે. દરેક જીવને પોતાના ઘરમાં કે આશ્રયસ્થાનમાં નિરાંતનો અનુભવ થાય છે. તે પોતાનાં બાળકો અને પત્ની સાથે બેસીને પોતાની દિવસભરની પ્રવૃતિઓની તથા સુખ - દુઃખની વાતો કરે છે. સાંજે બાળકો પણ મા- બાપ અને પરિવારજનો સાથે મોકળા મને વાતચીત કરે છે. ઘરનાં વાતાવરણમાં બાળકોને સહજ રીતે કેટલીક તાલીમ મળે છે. તેમનામાં માબાપના સારા સંસ્કારોનું સિંચન થાય છે. ઘર અને શાળા એ બાળકો માટે સંસ્કારની તાલીમશાળા છે. બાળકનો વધુમાં વધુ વિકાસ ઘરમાં થાય છે. ઘરમાં કોઈ સાજું - માંદું થાય ત્યારે ઘરના સભ્યો તેની સેવા કરે છે. સંયુકત કુટુંબમાં મા બાપ, કાકા-કાકી, દાદા - દાદી વગેરે સાથે રહેતાં હોય છે. આથી એ સૌને એકબીજાની હૂંફ મળી રહે છે.

જે ઘરના સભ્યો યંત્રવત્ જીવન જીવતા હોય, એકબીજા પ્રત્યે લાગણી ન હોય, એકબીજાને મદદરૂપ થવાની ભાવના ન હોય તે ઘરને ઘર ન કહી શકાય. જયાં સતત કજિયાકંકાસ થતાં હોય, પરિવારજનો પરસ્પર અવિશ્વાસ રાખતાં હોય, કોઈ કોઈની માન- મર્યાદા જાળવતા ન હોય, સૌ પોતપોતાનાં સ્વાર્થમાં રત હોય તે ઘર નથી, મકાન છે.

Hands make house, hearts make home.

પોતાનું ઘર નાનું હોય કે મોટું, કાચું હોય કે પાકું, પરંતુ માનવીને પોતાના ઘરમાં જ સુખ અને શાંતિનો અનુભવ થાય છે. પોતાના ઘરમાં માનવી સર્વત્ર મુક્ત રીતે હરીફરી શકે છે. માનવી દુનિયાના ગમે તે દેશમાં જાય અને ત્યાં ગમે તેટલી સારી સગવડો ભોગવે, છતાં તેને તેના જીવનમાં કંઈક ખૂટતું હોય તેમ લાગે છે. આથી તે બેચેની અનુભવે છે. જયારે તે પોતાના ઘરમાં આવી પહોંચે છે ત્યારે જ તેને 'હાશ' નો અનુભવ થાય છે. માતાને પોતાના બાળક પ્રત્યે જેવી લાગણી હોય છે, એવી જ લાગણી માનવીને પોતાના ઘર પ્રત્યે હોય છે. ભાંગ્યુંતૂટયું પણ પોતાનું ખોરડું માણસને અતિપ્રિય હોય છે. માટે જ 'ધરતીનો છેડો ઘર' એમ કહેવાય છે.

આ બાબતને વિશાળ અર્થમાં લઈએ તો એવું કહી શકાય કે, વતનની ધૂળમાં આપણને જે મજા આવે છે તે પરદેશની પાકી સડકો પર નથી આવતી, કવિ આદિલ મનસૂરીએ લખ્યું છે :

''વતનની ધૂળથી માથું ભરી લઉ આદિલ,

ફરી આ ધૂળ, ઉમ્રભર મળે ન મળે.''

વતનના ખોરડામાં આપણને જે સુખશાંતિનો અનુભવ થાય છે. એવો અનુભવ પરદેશના આલીશાન બંગલામાં પણ નથી થતો. વતનના રોટલામાં જે મીઠાશ રહેલી છે, તે પરદેશના પકવાનમાં પણ નથી હોતી.

(3) મારો પ્રિય તહેવાર

મુદ્દાઓઃ- પ્રસ્તાવના - આપણા તહેવારો - નવરાત્રીનું ધાર્મિક મહત્ત્વ - નવરાત્રીની ઉજવણી - તહેવાર પ્રિય હોવાનું કારણ - ઉપસંહાર

'उत्सवप्रियाः खलु जनाः' માણસો ખરેખર ઉત્સવપ્રિય હોય છે. દરેક દેશની પ્રજાને પોતાનાં આગવા તહેવારો હોય છે. તેમાંય ભારતના લોકોને તહેવારની ઉજવણી કરવાનું સૌથી વધારે ગમે છે. એકધારા જીવનથી આપણે કંટાળીએ નહીં તે માટે તહેવારોનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રજાસત્તાક દિન, ઉત્તરાયણ, હોળી, ગણેશ ચતુર્થી, સ્વાતંત્ર્યદિન, જન્માષ્ટમી, પર્યૂષણ, નવરાત્રી, દશેરા, દિવાળી, શિવરાત્રી, રામનવમી, નાતાલ, ઈદ વગેરે તહેવારો આપણે વર્ષ દરમિયાન ઉજવીએ છીએ. આટલા બધા તહેવારો દુનિયાના કોઈ દેશમાં ઉજવાતા જોવા નહીં મળે. ધાર્મિક તહેવારો આપણી ધાર્મિક ભાવનાને પોષે છે. સામાજિક તહેવારો આપણા અરસપરસના સંબંધોમાં મીઠાશ લાવે છે. રાષ્ટ્રીય તહેવારો આપણી રાષ્ટ્રીયભાવનાને વિકસાવે છે.

નવરાત્રી એ મારો પ્રિય તહેવાર છે. નવરાત્રીનો તહેવાર આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધી ઊજવાય છે. આ તહેવારની ઉજવણી પાછળ એક ધાર્મિક માન્યતા રહેલી છે. દેવોને રંજાડનાર મહિષાસુરને મારવા માટે અંબામાતાએ તેની સાથે નવ-નવ દિવસ સુધી યુદ્ધ કર્યું હતું. દસમા દિવસે માતાજીના હાથે મહિષાસુરનો વધ થયો. તેની ખુશીમાં નવરાત્રી ઊજવાય છે. મહિષાસુરના વિનાશમાં માનવીની અંદર રહેલાં ષડ્‌રિપુ (છ શત્રુઓ) કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરનો નાશ કરવાનો ગૂઢાર્થ પણ રહેલો છે. નવરાત્રી વિશે બીજી પણ એક માન્યતા પ્રચલિત છે. ત્રેતાયુગમાં ભગવાન શ્રીરામે રાવણ સાથે યુદ્ધ કરી તેનો સહાર કર્યો હતો. તે યુદ્ધ પણ નવ દિવસ ચાલ્યું હતું. રાવણવધની ખુશીમાં આપણે દશેરા (દશહરા) ઊજવીએ છીએ.

આસુરીતત્ત્વો સામે દૈવીતત્ત્વોનો વિજય થયો. આથી લોકો નવ દિવસ સુધી શક્તિની આરાધના કરે છે. કેટલાક લોકો નવેનવ દિવસ નકોરડા ઉપવાસ કરે છે. આઠમના દિવસે માતાજીને નૈવેદ્ય ધરાવે છે. લોકો નોમના દિવસે હવન પણ કરે છે.

નવરાત્રીમાં ઠેર-ઠેર મંડપો બાંધવામાં આવે છે. આ મંડપોમાં માતાજીની સ્થાપના કરવામાં આવે છે. માતાજી સમક્ષ ગરબો, દીવો અને ધૂપ કરવામાં આવે છે. શ્રદ્ધા અને ભક્તિપૂર્વક માતાજીની આરતી કરવામાં આવે છે. આરતીના અંતે પ્રસાદ વિતરણ થાય છે. માતાજીના ગરબા ગવાય છે. ગામડાંઓમાં પરંપરાગત શેરી ગરબાઓનું આયોજન કરવામાં આવે છે.

જો કે શહેરમાં નવરાત્રીના આયોજનમાં વેપારીવૃત્તિ પેસી ગઈ છે. ઠેકઠેકાણે ઓરકેસ્ટ્રાના તાલે ફિલ્મીગીતો પર દાંડિયારાસ થાય છે. યુવાનો, યુવતીઓ, બાળકો પરંપરાગત વેશભૂષા ધારણ કરી ગરબે ઘૂમે છે. રોશનીની ઝાકમઝોળ, વાજિંત્રોના સૂર અને તાલની રમઝટ માણવા લોકોના ટોળા ઉમટે છે. મોડી રાત સુધી દાંડિયાની રમઝટ ચાલે છે. ગરબાના રસિયા યુવાન હૈયાઓ હિલ્લોળે ચઢે છે. ગુજરાતનો ગરબો દેશમાં જ નહીં સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધિ પામ્યો છે.

શહેરોમાં થતા નવરાત્રીના કોમર્શિયલ આયોજનમાં ગરબો જ ભૂલાઈ ગયો છે. મોંઘીદાટ ટિકિટ, ખાણીપીણીના સ્ટોલ, પાર્કિંગ વ્યવસ્થા, ટ્રેડિશનલ ડ્રેસ આ બધું પૈસા કમાવાનું સાધન બન્યું છે. મોડી રાત સુધી વિહરતાં યુવક-યુવતીઓ માબાપ માટે મુશ્કેલીઓ ઊભી કરે છે. ઓરકેસ્ટ્રાની સાઉન્ડ સિસ્ટમ વિદ્યાર્થીઓ, વૃદ્ધો અને બીમાર લોકોની મુશ્કેલીમાં વધારો કરે છે. ભક્તિના નામે થતાં આવા તાયફાઓ બંધ કરી ખરેખર માતાજીની આરાધના કરવી જોઈએ.

(1) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : [04]

(અ) ગદ્યકૃતિ	(બ) સાહિત્યપ્રકાર
(1) છત્રી	(અ) એકાંકી
(2) વાઈરલ ઈન્ફેક્શન	(બ) નવલિકા
(3) રેસનો ઘોડો	(ક) નિબંધ
(4) ભૂલી ગયા પછી	(ડ) લોકકથા
	(ઇ) હાસ્ય નિબંધ

જવાબ : (1)

(અ) ગદ્યકૃતિ	(બ) સાહિત્ય પ્રકાર
(1) છત્રી	(ઈ) હાસ્ય નિબંધ
(2) વાઈરલ ઈન્ફેક્શન	(ક) નિબંધ
(3) રેસનો ઘોડો	(બ) નવલિકા
(4) ભૂલી ગયા પછી	(અ) એકાંકી

(2) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો: [02]

(1) બાળકના રુદનનો ભાર ઊંચકીને કોણ આગળ ચાલ્યું ?

જવાબ : (1) બાળકના રુદનનો ભાર ઊંચકીને કાનજી અને દેવજી આગળ ચાલ્યા.

(2) અંકલેશ્વર શા કારણે લેખકને પ્રિય છે ?

જવાબ : (2) અંકલેશ્વર ભેખડવતી નર્મદાના કારણે લેખકને પ્રિય છે.

(3) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. [06]

(1) મંજુકાકીએ અંકિતની મમ્મી આગળ શી હૈયાવરાળ કાઢી ?

જવાબ : (1) કૃતિ: રેસનો ઘોડો
કર્તા: વર્ષા અડાલજા
સાહિત્ય પ્રકાર: નવલિકા
સંદર્ભ: 'કોઈ વાર થાય છે' માંથી

વિનુભાઈના વધારે પડતા દબાણના કારણે તેમનો દીકરો સૌરભ પોતાની ઉંમરના છોકરાઓ સાથે રમીને નિર્દોષ આનંદ માણી શકતો નહોતો. છોકરાને જાણે જેલમાં પૂરી દીધો હોય તેવું મંજુકાકીને લાગે છે. આથી મંજુકાકીએ અંકિતાના મમ્મી આગળ પોતાની હૈયાવરાળ કાઢતાં કહ્યું કે ઘરમાં પોતે બાપ - દીકરાથી વિખૂટાં પડીને જાણે ઊંબરે ઊભા છે, બાપ એમના દીકરાને રેસના ઘોડાની જેમ દોડાવે છે.

(2) લેખક માલિકના શરીરે કરેલો ક્રૂર કટાક્ષ શાને કહે છે ?

જવાબ : (2) કૃતિ: વાઈરલ ઈન્ફેક્શન
કર્તા: ગુણવંત શાહ
સાહિત્ય પ્રકાર: નિબંધ
સંદર્ભ: 'મરો ત્યાં સુધી જીવો' માંથી

માલિકે (ઈશ્વરે) આપણને સુંદર - સ્વસ્થ શરીર આપ્યું છે. આપણે એને સાચવવા માટે સહેજ પણ પરિશ્રમ કરતા નથી. પરિશ્રમ કર્યા વિના, બેઠાં - બેઠાં, મનગમતું, ખાઈ - પીને જીવન જીવવું એને આપણે સૌ સદ્ભાગ્ય માનીએ છીએ. તેથી હૃદયરોગના હુમલા વખતે પરસેવો વળે એવા દિવસો આવે છે. આ માલિકે કરેલો ક્રૂર કટાક્ષ છે.

(3) જીવલો દાનતનો શુદ્ધ હતો એમ તમે શા પરથી કહી શકો ?

જવાબ : (3) કૃતિઃ ચોપડાંની ઈન્દ્રજાળ

કર્તાઃ ચંદ્રકાન્ત પંડ્યા

સાહિત્ય પ્રકારઃ આત્મકથા ખંડ

સંદર્ભઃ 'બાનો ભીખુ' માંથી

માઠાં વર્ષોમાં જીવલાની સ્થિતિ કફોડી થઈ ગઈ હતી. છતાં વર્ષોવર્ષ લાકડાં, ડાંગર, કઠોળ, ગોળ, કેરી, શાકભાજી, ઢોર માટે ઘાસ ને એવું ને એવું કંઈ ને કંઈ વ્યાજ પેટે ભરતો. પોતાની ખેતીનું વર્ષ ગમે તેવું નબળું ગયું હોય તો પણ 'શાહુકારના છોકરાને આપદા ન પડવી જોઈએ.' એ ભાવનાથી કંઈક તો આપવું જોઈએ એવું જીવલો માનતો હતો. આ પરથી કહી શકાય કે જીવલો દાનતનો શુદ્ધ હતો.

અથવા

(3) ડેગડિયાના મહાજનને સુંદરજી શેઠે શી સલાહ આપી?

જવાબ : (3) કૃતિઃ ભૂખથીય ભૂંડી ભીખ

કર્તાઃ પન્નાલાલ પટેલ

સાહિત્ય પ્રકારઃ નવલકથા - ખંડ

સંદર્ભઃ 'માનવીની ભવાઈ' માંથી

ડેગડિયાના મહાજનને સુંદરજી શેઠે એ સલાહ આપી કે વરસાદ નહીં આવે તો આપણામાંથી જેની જેની પાસે ધાન હશે એય નથી જીવવાનાં; ને વરસાદ આવશે તો આના આ જ માનવી એકનું અનેકગણું પકવી આપવાના છે. આપણે કંઈ હળ હાંકવાના નથી.

(4) નીચેનાં પ્રશ્નોનાં દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો. [08]

(1) આંબા પટેલે ઢેલ ઘોડીને કઈ રીતે ઉછેરી હતી?

જવાબ : (1) કૃતિઃ ઘોડીની સ્વામી ભક્તિ

કર્તાઃ જોરાવરસિંહ જાદવ

સાહિત્ય સ્વરૂપઃ લોકકથા

સંદર્ભઃ 'લોકસાહિત્યની અશ્વકથાઓ' માંથી

ઘોડેસવારીના શોખીન આંબા પટેલ છ મહિનાની ઢેલ ઘોડીને પોતાના ઘરે લઈ આવેલા. પોતાના સગા દીકરાની જેમ તેનું જીવની જેમ જતન કર્યું. ભરવાડના ઝોકમાંથી બે - ત્રણ બકરી લાવીને, બકરીને દોહીને તેનું દૂધ ઘોડીને પાતા. તેમની આટલી કાળજીથી બે વરસમાં તો ઘોડી પર કોઈ પણ સવારી કરી શકે તેવી તૈયાર થઈ ગઈ. આંબા પટેલે તેને હોંશે - હોંશે રેવાલ ચાલ શીખવી. ઢેલ ઘોડી જાણે માના કોઠા (ગર્ભ) માંથી જ બધું શીખીને આવી હોય એમ રેવાલ ચાલમાં એટલી નિષ્ણાત થઈ ગઈ કે તેના પર સવારી કરનાર હાથમાં દૂધની ટબૂડી લઈને બેસે અને ઢેલ ઘોડી પાંચ ગાઉ રેવાલમાં દોડે તોપણ દૂધનું એક ટીપું પણ નીચે ન પડે. આનો યશ આંબા પટેલનાં વહાલ, જતન અને ઉછેરને દેવો ઘટે.

(2) લેખકે વર્ણવેલું હિમાલયનું સૌંદર્ય તમારા શબ્દોમાં લખો.

જવાબ : (2) કૃતિઃ હિમાલયમાં એક સાહસ

કર્તાઃ જવાહરલાલ નહેરુ

સાહિત્ય સ્વરૂપઃ પ્રવાસ વર્ણન

સંદર્ભઃ 'મારી જીવનકથા' માંથી

અનુવાદકઃ મહાદેવભાઈ દેસાઈ

ગોજીલા ઘાટ તરફની સાંકડી ખીણમાં આગળ વધો તો બંને તરફ પર્વતોની હારમાળા ઊભી હતી. તેમનાં શિખરો પર હિમાલયનો તાજ ચળકી રહ્યો હતો. નાના - નાના હિમપ્રપાતો

નહેરુજી અને તેમની ટુકડીનું સ્વાગત કરવા જાણે અતિ મંદ ગતિએ ઊતરી રહ્યા હતા. પવન ઠંડો અને આકરો હતો, પરંતુ દિવસ દરમિયાન સૂર્યનો તડકો માણવા મળે અને હવા પણ નિર્મળ હતી. ત્યાંથી આગળ વધો તો હિમાલયની આસપાસનાં વૃક્ષો અને વનસ્પતિ અદશ્ય થઈ જાય; પછી તો માત્ર ખડક, હિમ અને બરફ, ક્યાંક - ક્યાંક પુષ્પો દેખાય ખરાં. આ જંગલી અને વેરાન પ્રકૃતિ તથા મંદિરો જોઈને સંતોષ થાય. ચઢાણ ચઢો તો નજર સમક્ષ એક વિશાળ હિમસરોવર દેખાય. હિમાચ્છાદિત શિખરોથી વીંટળાયેલું આ ભવ્ય દશ્ય દેવોના મસ્તક પર મુકુટ જેવું લાગતું હતું.

અથવા

(2) 'ગતિભંગ' લઘુકથાના શીર્ષકની યથાર્થતા સમજાવો.

જવાબ : (2)

કૃતિઃ ગતિભંગ

કર્તાઃ મોહનલાલ પટેલ

સાહિત્ય સ્વરૂપઃ લઘુકથા

સંદર્ભઃ 'વિકલ્પ'માંથી

'ગતિભંગ' શીર્ષક સર્વથા ઉચિત છે, કારણ કે અહીં માત્ર ચાલવાની ગતિનો જ ભંગ નથી, પરંતુ પાત્રોના વિચારોની ગતિનો પણ ભંગ છે.

રાજપુર સ્ટેશને ગાડી પકડવા ડુંગર અને તેની પત્ની ઊભા માર્ગે જઈ રહ્યા હતા. ત્યાં અચાનક એ માર્ગે ડુંગરની પત્નીની ચાલવાની ગતિ થંભી ગઈ. તેનાંમાં આગળ ચાલવાની શક્તિ નહોતી, એ માર્ગે તે તેની મૃત બબલીની પગલીની છાપને વારંવાર શોધતી રહી. અંતે માતાને આંગળીની બોર જેવી પોતાની બાળકીની પગલીની છાપ દેખાઈ; તેને મૃત બબલીની યાદ આવી ગઈ. ખેતરે જતાં - આવતાં આગળને આગળ દોડી જતી બબલીની પગલીઓ તેના હૈયામાં વસી ગઈ હતી. ડુંગરને પત્નીની ગતિ ધીમી પડે તો ગાડી ચૂકી જવાની ચિંતા હતી. પતિ - પત્ની બન્ને ત્યાં સ્થિર થઈ ગયાં. છેવટે પતિને જોઈને સાવધ બનેલી પત્નીએ 'લ્યો હેંડો. હવે પગ ઉપાડો ઝટ, ગાડી ચૂકી જઈશું.' કહ્યું. પત્નીના આ શબ્દોમાં લેખકે વેગથી ચાલ્યાં જતાં પાત્રોની મનોવેદનાને વાચા આપી છે. આમ, સમગ્ર લઘુકથા જાણે જીવનની ગતિનો ભંગ સૂચવે છે. વેદનાને વિસરી આગળ ગતિ કરવાનું સૂચવે છે.

વિભાગ - B

(5) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. **[04]**

(અ) પદ્યકૃતિ	(બ) કર્તા
(1) વૈષ્ણવજન	(અ) ગંગાસતી
(2) શીલવંત સાધુને	(બ) રઈશ મણિયાર
(3) માધવને દીઠો છે ક્યાંય?	(ક) નરસિંહ મહેતા
(4) મુક્તક	(ડ) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ
	(ઈ) હરીન્દ્ર દવે

જવાબ : (5)

(અ) પદ્યકૃતિ	(બ) કર્તા
(1) વૈષ્ણવજન	(ક) નરસિંહ મહેતા
(2) શીલવંત સાધુને	(અ) ગંગાસતી
(3) માધવને દીઠો છે ક્યાંય?	(ઈ) હરીન્દ્ર દવે
(4) મુક્તક	(બ) રઈશ મણિયાર

(6) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : [02]

(1) કાવ્યનાયક માને શું ઠારી દેવાનું કહે છે?

જવાબ : (1) કાવ્યનાયક માને ભારવેલો અગ્નિ ઠારી દેવાનું કહે છે.

(2) કાવ્યનાયક અશ્રુઓને કોનાં જેવાં ગણે છે?

જવાબ : (2) કાવ્યનાયક અશ્રુઓને રાંકના રતનસમા ગણે છે.

(7) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : [06]

(1) ઉછરે છે રોજ કાયમથી ફડકામાં 'દીકરી' એમ કવિ શા માટે કહે છે?

જવાબ : (1) કૃતિઃ દીકરી

કર્તાઃ અશોક ચાવડા 'બેદિલ'

સાહિત્ય સ્વરૂપઃ ગઝલ

સંદર્ભઃ 'પગરવ તળાવ' માંથી

જીવનમાં પિતાના ઘરે ઊછરે છે, ત્યારે એના ઉછેરમાં કેટલાંક સામાજિક બંધનો હોય છે. દીકરા જેટલી સ્વતંત્રતા એને મળતી નથી. તે ભય અને બંધનોથી ડરતાં ડરતાં જીવે છે, આથી કવિ કહે છે કે દીકરી ફડકામાં ઊછરે છે.

(2) કવિ આપણને શાંત રહેવાની સલાહ શા માટે આપે છે?

જવાબ : (2) કૃતિઃ બોલીએ ના કાંઈ

કર્તાઃ રાજેન્દ્ર શાહ

સાહિત્ય સ્વરૂપઃ ગીત

સંદર્ભઃ 'શ્રુતિ' માંથી

જીવનમાં દુઃખ કે સંઘર્ષ તો આવવાનાં જ. માણસે તે એકલા જ સહન કરવાં, કેમકે સમાજમાં એવાં લોકો હોય છે જેમને માણસની વ્યથા જાણવામાં જ રસ હોય છે. એટલે એની આગળ વ્યથા કહેવાથી કોઈ અર્થ સરતો નથી. આથી કવિ શાંત રહેવાની શીખ આપે છે.

(3) કેડીએ ચાલતા કવિ શાનો અનુભવ કરી રહ્યાં છે?

જવાબ : (3) કૃતિઃ વતનથી વિદાય થતાં

કર્તાઃ જયંત પાઠક

સાહિત્ય સ્વરૂપઃ સોનેટ

સંદર્ભઃ 'અંતરિક્ષ' માંથી

વતનનું ઘર છોડી કવિ કેડી તરફ આગળ વધે છે. કેડીએ ચાલતા કવિના પગ અવળા પડી રહ્યા છે એટલે કે વતન તરફ વળે છે. મહામહેનતે કવિ આગળ વધે છે ત્યારે કવિની આંખમાં આંસુ ભરાય છે.

અથવા

(3) 'ન ધરા સુધી ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,
અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકનાં મન સુધી.'
- કાવ્યની આ પંક્તિઓનો માત્ર ભાવાર્થ સ્પષ્ટ કરો.

જવાબ : (1) કૃતિઃ દિવસો જુદાઈના જાય છે

કર્તાઃ 'ગની' દહીંવાલા

સાહિત્ય સ્વરૂપઃ ગઝલ

સંઘર્ભઃ 'મહેંક' માંથી

કવિને ધરા સુધી કે ઊંચે આભ સુધી જવામાં રસ નથી. તેમની ઉન્નતિ થાય કે અવનતિ થાય તેની પણ તેમને પરવા નથી. કવિ કહે છે કે અહીં આપણે તો એકબીજાનાં મન સુધી જવું છે. એકબીજાનાં દિલમાં વસવું છે.

(8) નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો : [08]

(1) સારસીના ઊડી જવાથી કવિ ઉપર થયેલી અસર તમારા શબ્દોમાં લખો.

જવાબ : (1) કૃતિઃ એક બપોરે

કર્તાઃ રાવજી પટેલ

સાહિત્ય સ્વરૂપઃ ઊર્મિકાવ્ય

સંદર્ભઃ 'અંગત' માંથી

કૃષિકવિ તરીકે રાવજી પટેલની પ્રતિભાને દૃઢ બનાવતી આ તેમની જાણીતી રચના છે. કવિએ આ રચનામાં ખેડૂતની એક સંવેદનશીલ બપોરનું આલેખન કર્યું છે. ખેતર, શેઢો, સારસી, ભાતું, મહુડીના છાંયે કરાતો આરામ, બળદ, હળ વગેરે તેમના જીવનમાં વણાયેલાં છે. એમાં અચાનક એક બપોરે પોતાના ખેતરના શેઢેથી સારસી ઊડી જતાં કવિ વ્યાકુળ થઈ જાય છે. કવિને ક્યાંય ચેન પડતું નથી આથી કવિ બપોરનું ભાત લઈ આવેલી માને ઢોચકીમાંથી કાઢેલી છાશને પાછી રેડી દેવાનું અને રોટલા પાછા બાંધી દેવાનું કહે છે. હવે તેમને ભૂખ ઊડી ગઈ છે. જમ્યાં પછી ચલમ ફૂંકવામાં જે મજા હતી; તેમાં પણ તેમને કસ જણાતો નથી. કેવળ શૂન્યમનસ્ક બની તેમને મહુડીની છાંયા નીચે પડ્યા રહેવું છે. ભલે આકાશમાંથી તડકો રેલાઈ જાય, ગળા સુધી ઘાસ ઊગી નીકળે તોપણ ના પાડી દે છે. આમ, સારસીના ઊડી જવાથી કવિના મનમાં એક એવી વેદના છવાઈ જાય છે. આસપાસના કોઈ કાર્ય કે વસ્તુમાં તેમને રસ રહેતો નથી.

(2) કવિ શિકારીને કઈ શિખામણ આપે છે ?

જવાબ : (2) કૃતિઃ શિકારીને

કર્તાઃ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'

સાહિત્ય સ્વરૂપઃ ઊર્મિકાવ્ય

સંદર્ભઃ 'કલાપીનો કેકારવ' માંથી

કવિ કલાપી શિકારીને શિખામણ આપે છે કે તું સંહાર કરવાનું છોડી દે. પક્ષીનો શિકાર કરવાની ક્રૂરતા તને શોભતી નથી. આ વિશ્વ સંતોનો આશ્રમ છે. એમાં પંખીઓ, ફૂલો, લતા, ઝરણાં, વૃક્ષ વગેરે અનેક પ્રકૃતિ તત્ત્વોનું સૌંદર્ય સમાયેલું છે. એના તરફ ક્રૂર દૃષ્ટિ રાખવી એ તને શોભતું નથી. પક્ષીનો શિકાર કરવાથી તને કેવળ તેનું મૃત શરીર મળશે. તારે એના સૌંદર્યને માણવું હોય તો ક્યાંક છુપાઈને તેનાં મધુર ગીત સાંભળ. એનાથી પક્ષી તેના પ્રભુ સાથે તારા હૈયામાં વાસ કરશે. સૌંદર્યને વેડફી દેવાથી તેની સુંદરતા નાશ પામે છે. સૌંદર્ય માણવું હોય તો સૌંદર્યને માણવા માટેની દૃષ્ટિ કેળવ. સૌંદર્ય માણવું એ પ્રભુ સાથેનું જોડાણ છે. સૌંદર્યનું જતન કરવાથી, તેનો આદર કરવાથી પ્રભુનો આનંદ માણી શકાય છે. આ વિશ્વમાં ચારે બાજુ આર્દ્રતા છવાયેલી છે. એમાં આપણે પણ સાથ આપીએ તો એમાં આપણું જ કલ્યાણ છે.

અથવા

(2) માધવને મેળવવા માટેની સૂરની તીવ્ર ઉત્કંઠા તમારા શબ્દોમાં લખો.

જવાબ : (2) કૃતિઃ માધવને દીઠો છે ક્યાંય?

કર્તાઃ હરીન્દ્ર દવે

સાહિત્ય સ્વરૂપઃ ઊર્મિગીત

સંદર્ભઃ 'વરસાદની મોસમ છે' માંથી

વાંસળીથી વિખૂટો પડેલો સૂર કૃષ્ણને શોધી રહ્યો છે. કૃષ્ણવિરહમાં તડપતા સૂરે કૃષ્ણની શોધ આદરી છે. એ બાળકૃષ્ણ સાથે જોડાયેલાં તમામ

સજીવ - નિર્જીવ તત્ત્વો પાસે જઈ 'મારા માધવને દીઠો છે ક્યાંય ?' આવો, પ્રશ્ન કરે છે. એને ખાતરી છે કે કૃષ્ણ એને ક્યાંકથી તો મળશે જ. આથી સૌ-પ્રથમ કૃષ્ણની ચરણરજથી પવિત્ર થયેલી મારગની ધૂળને પૂછે છે. ત્યાંથી કોઈ પ્રત્યુત્તર ન મળતા એ યમુનાના વહેણ પાસે જાય છે. ત્યાં પણ યમુનાના વહેણને મૂંગા જોઈ અને રાધાની આંખને ઉદાસ જોઈ નિરાશ થાય છે. પવનની લહેરખી એને વ્યાકુળ કરે છે. બહાવરી રાત્રિનાં પગલાંના સ્પર્શથી રાતરાણીને ઝાકળમાં નહાતી જુએ છે. પણ વાંસળીના સૂરની કૃષ્ણને મેળવવાની ઉત્કંઠા સંતોષાતી નથી. કૃષ્ણના મુગટનું મોરપિચ્છ ઊડતું આવે તો એનાં સુંવાળા રંગ સાચવવાની એને ઈચ્છા થાય છે. અંતે સૂરમાં એક આશાનું કિરણ જાગે છે. સૂરને પોતાની વાંસળીના આભમાં કૃષ્ણના નામનો ચંદ્ર ઊગતો દેખાય છે. ચંદ્રના કિરણોનું તેજ યમુનાના જળમાં રેલાય છે. હવે એને પાતાળમાં હરિવર પરખાય છે. અહીં સૂરની શોધ સમાપ્ત થાય છે; તે કૃષ્ણનું દર્શન પામે છે.

વિભાગ - C

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો :**
- **આપેલાં વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો :**

(9) નીચેનામાંથી બે શબ્દોની સાચી જોડણી શોધીને લખો : **[01]**

(1) કૂતુહલ (કુતૂહલ, કૂતૂહલ, કુતુહલ)

જવાબ : કુતૂહલ

(2) મૂહૂર્ત (મુહૂર્ત, મુહુર્ત, મૂહૂર્ત)

જવાબ : મુહૂર્ત

(10) 'નિસ + ચિંત' શબ્દની સંધિ જોડો : **[01]**

(નિશ્ચિંત, નિશ્ચિત, નીશ્ચિંત)

જવાબ : નિશ્ચિંત

(11) 'કબીરવડ' - શબ્દનો સમાસ ઓળખાવો : **[01]**

(ઉપપદ, બહુવ્રીહિ, તત્પુરુષ)

જવાબ : બહુવ્રીહિ

(12) યોગ્ય જોડકાં જોડો : **[01]**

(અ)	(બ)
(1) કર્તરિ વાક્ય રચના	(અ) અમારાથી જીવલાને ઘેર પહોંચાયું.
(2) કર્મણિ વાક્ય રચના	(બ) ફોગટ થોડું અપાય છે ?
	(ક) મારા પિતાજી ધીરધારનો ધંધો પણ કરતા.

જવાબ :

(અ)	(બ)
(1) કર્તરિ વાક્ય રચના	(ક) મારા પિતાજી ધીરધારનો ધંધો પણ કરતા.
(2) કર્મણિ વાક્ય રચના	(અ) અમારાથી જીવલાને ઘેર પહોંચાયું.

(13) 'ધરતી પર મોતનો વરસાદ વરસી રહ્યો' - વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. **[01]**

(વ્યતિરેક, સજીવારોપણ, રૂપક)

જવાબ : વ્યતિરેક

(14) 'લખાણ' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? **[01]**

(પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એકપણ પ્રત્યય નહીં)

જવાબ : પર પ્રત્યય

(15) નીચેનાં શબ્દોનાં સમાનાર્થી શબ્દ શોધીને લખો: **[01]**

(1) સૂર(સ્વર, દેવ, વાંસળી)

જવાબ : સ્વર

(2) નૈસર્ગિક (કુદરતી, નસીબ, સુગંધ)

જવાબ : કુદરતી

(16) 'દાળચોખા' સંજ્ઞાનો સાચો પ્રકાર લખો. **[01]**

(દ્રવ્યવાચક, જાતિવાચક, સમૂહવાચક)

જવાબ : દ્રવ્યવાચક

● **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો :**

(17) નીચેનાં રૂઢિપ્રયોગનો અર્થ આપો : **[01]**

હૈયું જડાઈ જવું

જવાબ : મનથી જોડાઈ જવું

(18) નીચે આપેલી કહેવતનો અર્થ લખો : **[01]**

નહીં ઘરના, નહીં ઘાટના -

જવાબ : ન આ બાજુના ન તે બાજુના (બન્ને તરફથી મુશ્કેલી)

(19) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : **[01]**

અજમો, કોપરું, ખસખસ, સવા અને સૂંઠના ભૂકામાં ખાંડ ભેળવેલું મિશ્રણ -

જવાબ : પંચાજીરી

(20) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો : **[01]**

દુર્ગંધ x

જવાબ : સુગંધ

(21) બન્ને શબ્દોના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો : **[01]**

કઠોર - કઠોળ

જવાબ : કઠોર - કઠણ

કઠોળ - દ્વિદળ અનાજ

(22) નીચેનાં તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો : **[01]**

ખોળવું

જવાબ : શોધવું

(23) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : **[01]**

ઘાટીલી પગલીની છાપ એ બતાવી રહી હતી.

જવાબ : ઘાટીલી- ગુણવાચક

(24) નીચેનાં વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો : **[01]**

પત્રલેખકની શ્રદ્ધા ચોક્કસ વધુ પડતી હતી.

જવાબ : ચોક્કસ- નિશ્ચયવાચક

(25) 'ધૂમ્ર' શબ્દના ધ્વનિ ઘટક (સ્વર-વ્યંજન) છૂટાં પાડો. **[01]**

જવાબ : ધ્ + ઊ + મ્ + ર્ + અ

(26) નીચેના વાક્યની પ્રેરક વાક્યરચના બનાવો : **[01]**

ગામમાં કોઈ માંદું પડે તો દાકતરને સજા કરતા.

જવાબ : ગામમાં કોઈ માંદું પડે તો દાકતરને સજા કરાવતાં.

(27) નીચેની પંક્તિઓનો છંદ ઓળખાવો : **[01]**

'ઉદ્ગ્રીવ દૃષ્ટિ કરતા નભ શૂન્ય ભાસે'

જવાબ : વસંતતિલકા

(28) 'અનુષ્ટુપ' છંદનું બંધારણ જણાવો. **[01]**

જવાબ : અક્ષર - 32

દરેક ચરણનો 5મો અને 6ઠો અક્ષર અનુક્રમે લઘુ-ગુરુ હોય.

વિભાગ - D

(29) **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યમાં અર્થવિસ્તાર કરો :** **[04]**

ઊંચી નીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ,
ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ.

જવાબ : પ્રસ્તુત પંકિત દ્વારા કવિ આપણને આ સૃષ્ટિ પરિવર્તનશીલ હોવાનું સત્ય સમજાવે છે.

જીવનની ઘટમાળ ઊંચીનીચી ફર્યા જ કરે છે. જીવનરૂપી સાગરમાં ક્યારેક સુખરૂપી ભરતી આવે છે તો ક્યારેક દુ:ખરૂપી ઓટ પણ આવે છે. જેમ સાગરમાં ભરતી પછી ઓટ નિશ્ચિંતપણે આવે છે તેમ આપણા જીવનમાં પણ સુખ પછી દુ:ખ અને દુ:ખ પછી સુખ ચોક્કસપણે આવે છે. આમ, આપણું જીવન પણ સુખદુ:ખથી ભરેલું છે. મીરાંબાઈ કહે છે તેમ કોઈ દિવસ ખાવાને શીરો ને પૂરી મળે તો કોઈ દિવસ ભૂખ્યા પણ રહેવું પડે. રાત - દિવસ, તડકો - છાંયડો, અમાસ - પૂનમની જેમ સુખ-દુ:ખ એ માનવજીવનનો નિશ્ચિત ક્રમ છે.

સુખ-દુ:ખ કંઈ કાયમ ટકતાં નથી. 'આ દિવસો પણ વહી જવાના છે.' તારીખિયાં પર લખેલા આ સુવિચાર અનુસાર આપણે સુખમાં છકી ન જવું અને દુ:ખમાં હિંમત ન હારવી. બન્ને પરિસ્થિતિમાં આપણે સમાન વ્યવહાર કરવો જોઈએ. કોઈ કવિએ ખરું જ કહ્યું છે કે,

'એવાં ઉછળે છે જિંદગીનાં મોજાં,
કોઈ દિન ઈદ તો કોઈ દિન રોજા.'

અથવા

(29) ત્રણ વાનાં મુજને મળ્યાં : હૈયું મસ્તક ને હાથ,
બહુ દઈ દીધું નાથ ! જા, ચોથું નથી માગવું.

જવાબ: પ્રસ્તુત કાવ્યપંકિત દ્વારા કવિ ઉમાશંકર જોશી મનુષ્યની ખુદ્દારી દર્શાવે છે.

અહીં કવિ સંતોષની ભાવના પ્રગટ કરે છે. ઈશ્વરે મનુષ્યને મુખ્ય ત્રણ અંગ - હૈયું, મસ્તક અને હાથ આપ્યાં છે. માનવીને ખુમારીપૂર્વક જીવન જીવવા માટે આ અંગો પર્યાપ્ત છે. આથી વિશેષ કાંઈ પણ પ્રભુ પાસે માગવાની જરૂર રહેતી નથી. ઈશ્વરે માનવીને સંવેદનશીલ હૈયું આપ્યું, મસ્તક (મગજ - બુદ્ધિ) આપ્યું. અને મનમાં સકારાત્મક વિચારીને અમલમાં મૂકવા માટે મજબૂત હાથ આપ્યાં. હૈયામાં લાગણી, પ્રેમ અને કામ કરવાની લગન હોય, મસ્તકમાં સકારાત્મક વિચારો આવતા હોય અને હાથ દ્વારા પરિશ્રમ કરવાની વૃત્તિ હોય તો માનવી દુનિયામાં કોઈપણ કામ આત્મવિશ્વાસ અને દઢ નિષ્ઠાથી પાર પાડી શકે છે. ભગવાને આ ત્રણ અંગો આપીને જાણે દુનિયાનું સુખ ખોબે - ખોબે આપી દીધું છે. આ પંકિત દ્વારા કવિ પરમસંતોષ પ્રગટ કરે છે અને કહે છે. જા, ચોથું નથી માગવું. ખુમારીપૂર્વક કહેલાં આ શબ્દો કવિનો સંતોષ અને આત્મનિર્ભરતાની ભાવનાને પણ પ્રગટ કરે છે.

(30) તમારી શાળાનો વિદ્યાર્થી કે વિદ્યાર્થિની ધો.10માં ગુજરાત બોર્ડમાં પ્રથમ સ્થાને આવ્યા છે તેનાં સન્માન સમારંભનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો : [04]

ભાવનગર

તા. 5/6/2020

એસ.એસ.સી.ની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર યશ રાવનો સન્માન સમારંભ તા. 4/6/2020 ના રોજ શાળાના પ્રાર્થનાખંડમાં શિક્ષણમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

શિક્ષણમંત્રી સાથે અતિથિવિશેષ તરીકે શહેરનાં બન્ને ધારાસભ્યોએ પ્રોત્સાહક હાજરી આપી હતી. પ્રાર્થનાથી પ્રારંભાયેલા આ પ્રસંગે મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છો દ્વારા શાળાના ટ્રસ્ટીઓએ કર્યું હતું. શિક્ષણમંત્રીના વરદ હસ્તે યશ રાવને પ્રમાણપત્ર અને ઈનામની રકમનો ચેક અર્પણ કરી તેનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે શાળાના સંચાલકશ્રીએ યશની સફળતાને

બિરદાવી યશને લેપટોપ આપી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતીના શિક્ષક પટ્ટણી સરે કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ, વાલીઓ, સુજ્ઞ નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ શાળાના સુપરવાઈઝરશ્રી તરુણભાઈ વ્યાસે કરી હતી. અલ્પાહાર સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

(31) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો : [04]

યુવાન માણસોમાં ઘણુંખરું મનમાં આવે તે કહી દેવાની ટેવ હોય છે. જેથી કરી લુચ્ચાઈમાં પાકા થયેલા માણસોનો તેઓ બિચારા ભોગ થઈ પડે છે. કોઈ લુચ્ચો માણસ તેમને કહેશે કે હું તમારો મિત્ર છું તો ખરે જ તેને ખરો મિત્ર ગણવા લાગે. ક્ષણિક મિત્રતાના વચનથી તેમાં વગર વિચારે બેહદ વિશ્વાસ રાખે તેથી પોતાને હંમેશા નુકસાન થાય; એટલું જ નહીં પણ ઘણીવખત વિનાશકારક પરિણામ નીપજે. આથી મોઢે બોલીને દર્શાવેલી મિત્રતાથી સાવધ રહેવું. તેવા મિત્ર આવે ત્યારે તેમને ઘણી સલુકાઈથી મળવું. પણ તેમના બોલવામાં કાંઈ ભરોસો રાખવો નહીં. પહેલી જ મુલાકાતમાં અથવા થોડીક ઓળખાણમાં લોકો મિત્ર થઈ જાય છે એવું કદી ધારતા નહીં. ખરી મિત્રતા તો હળવે હળવે થાય છે. અન્યોન્યનું જ્ઞાન થયા વગર તે મિત્રતા વૃદ્ધિ પામીને કદી પક્વ થતી નથી.

જવાબ : શીર્ષક : સાચા મિત્રની પરખ

કેટલાક ભોળા યુવાનો 'હું તમારો મિત્ર છું.' એમ કહેનાર અજાણ્યા માણસને પણ ખરો મિત્ર ગણી લે છે, એવો વધુ પડતો વિશ્વાસ નુકસાનકારક નીવડે છે. વાસ્તવમાં મિત્રતા ધીમે ધીમે જ કેળવાય છે. અને અન્યોન્યના ગુણોની પરખ વગર દૃઢ થતી નથી.

(32) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો : [08]

(1) વર્ષાઋતુ:

મુદ્દાઓ:- પ્રસ્તાવના - વર્ષાનું સ્વાગત - અષાઢ મહિનામાં મેઘરાજાની સવારી - શ્રાવણ મહિનામાં મેઘરાજાની ઝરમર - વાતાવરણ રમણીય અને કમનીય - ઉપસંહાર

'તમે મન મૂકી વરસો,ઝાપટું આપણને નહીં ફાવે,
અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે.'

- ખલીલ ધનતેજવી

કવિઓએ અને કુદરતપ્રેમીઓએ જેને ઋતુઓની મહારાણી કહી છે તે વર્ષાઋતુ સૃષ્ટિનું સૌભાગ્ય, માનવજીવનની સંગિની, જીવમાત્રનો આધાર, દેશની ભાગ્યવિધાત્રી અને સૌની એ અન્નપૂર્ણા છે. Rain is Queen of All Seasons.

ઉનાળાના આકરા અને અસહ્ય તાપ પછી સમયસર વર્ષાનાં વધામણાં થતાં જ પ્રકૃતિમાં પ્રાણ પૂરાઈ જાય છે. નદી, સરોવર, કૂવા, વાવ, તળાવો, ઝરણાં, નાળાં ને જળાશયો પાણીથી છલકાઈ જાય છે. ઉનાળામાં નિષ્પ્રાણ બનેલી ધરતી વરસાદમાં નાહીને લીલીછમ્મ બની જાય છે. સમગ્ર કુદરતમાં નવી તાજગી પ્રસરી જાય છે. વનોની વનસ્પતિ, વૃક્ષો નવપલ્લવિત થઈ વર્ષાના તોફાની પવન સાથે ડોલી ઊઠે છે. ધરતીએ જાણે લીલી ચૂંદડી ધારણ કરી હોય કે ધરતી પર જાણે નીલમના ગાલીચા પથરાઈ ગયાં હોય એવી શોભા ચોતરફ પથરાઈ જાય છે.

'એવાં ઝીણા-ઝીણા વરસે મેહ કે ભીંજે મારી

ચૂંદલડી,

એવો ઊતર્યો કૌમાર્યનો નેહ કે ભીંજે મારી ચૂંદલડી'

અષાઠ મહિનો વર્ષારાણીના આગમનનો મહિનો છે. આ મહિનામાં જ ધોધમાર વરસાદ વરસે છે. જીવમાત્ર જેની કાગડોળે રાહ જુએ છે. એ મેહુલો મન મૂકીને ત્યારે જ વરસે છે, જયારે લોકો ગાય છે કે,

'આવ રે મેહુલા આવ, મેહુલા અષાઢના રે'

સમગ્ર જીવસૃષ્ટિમાં નવો સંચાર થાય છે. વીજળીના કડાકા - ભડાકા સાથે આકાશનું હેત વરસે છે ત્યારે મેઘાણીજી પણ ગાય છે કે,

'આષાઢી સાંજના અંબર ગાજે,

અંબર ગાજે, મેઘાડંબર ગાજે, અષાઢી સાંજના..'

અષાઢ મહિનામાં મેઘરાજની ઓપનિંગ ધમાકેદાર થાય છે. ખેડૂતો વાવણીનો પ્રારંભ કરે છે. આકાશમાંથી વરસતા કાચા સોના જેવો વરસાદ જોઈને જ ઝવેરચંદ મેઘાણીએ લખ્યું હશે કે,

'મોર બની થનગાટ કરે, મન મોર બની થનગાટ કરે,

ઘનઘોર ઝરે ચહુ ઓર મારું મન મોર બની થનગાટ કરે .'

સાવન કે શ્રાવણ મહિનામાં વરસાદનું જોર થોડું નરમ પડે છે. નદી - નાળાંઓ છલકાઈ ગયાં છે. ધરતીમાતાએ જાણે લીલી ઓઢણી ધારણ કરી લીધી છે. લોકો ઉત્સાહમાં આવી રક્ષાબંધન, સાતમ- આઠમ જેવા તહેવારો મનાવે છે. વિરહી હ્રદયમાં પણ પ્રિય મિલનની ઉત્કંઠા જાગે છે કે,

'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં,

જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ.'

શ્રાવણ મહિનામાં કવિહ્રદય જેવું ખીલે છે તેવું એક પણ મહિનામાં ખીલતું નથી અને ગાઈ ઊઠે છે કે

'ભલભલાં આ મોસમે મૂંઝાય છે

ભાગ્યશાળી હોય એ જ ભીંજાય છે.

જોઈએ આ ઝરમર પછી શું થાય છે,

જીવ આજ કયારનો હરખાય છે.'

શ્રાવણના સરવડાંઓ સમાપ્ત થયાં પછી પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠે છે. જંગલો, ખેતરો, વાડીઓ વગેરે સમગ્ર વનસ્પતિસૃષ્ટિ લીલીછમ્મ બની છે. ધરતીમાતાનું આ રૂપ સમગ્ર વાતાવરણને રમણીય અને કમનીય બનાવે છે. વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે. સાવનના આ મહિનાનો શોર કવિ રમેશ પારેખને પણ મન મૂકીને વરસાવે છે.

'આકળ વિકળ આંખ કાન વરસાદ ભીંજવે

હાલક ડોલક ભાનસાન વરસાદ ભીંજવે.

અહી આપણે બે અને વરસાદ ભીંજવે,

મને ભીંજવે તું, તને વરસાદ ભીંજવે.'

વર્ષાૠતુ મારી પ્રિય ૠતુ છે. બાળપણમાં કાગળની હોડી તરાવવાની હોય કે માટીના રમકડાં બનાવવાનાં હોય કે પછી સાઈકલ લઈને રોડ પર ભરાયેલા ખાડાઓમાંથી પસાર થવાનું હોય મૂળ તો વરસાદમાં ભીંજાવાનું કોઈ બહાનું હતું. વર્ષાૠતુનો નિબંધ આજે શાળાના ઓરડાની ચાર દીવાલો વચ્ચે ભણાવાય છે ત્યારે યાદ આવી જાય છે -

'वह कागज की कश्ती वह बारिश का पानी....

અંતે તો એટલું જ કહીશ કે

'ભલભલા આ મોસમે મૂંઝાય છે

ભાગ્યશાળી હોય એ જ ભીંજાય છે.'

(2) **મારાં શૈશવનાં સંસ્મરણો :**

મુદ્દાઓઃ- પ્રસ્તાવના - બાળપણની ટેવો - બાલમંદિરનાં સંસ્મરણો - પ્રાથમિકશાળાનાં સંસ્મરણો - રજાનાં સંસ્મરણો - ઉપસંહાર.

'મને શિશુ તણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહે ભરી'

હું મારા શૈશવને યાદ કરું છું ત્યારે સંસ્કૃત ભાષાના મહાન નાટ્યકાર ભવભૂતિની આ પ્રસિદ્ધ પંક્તિ મને યાદ આવી જાય છે - 'ते हि नो दिवसाः गताः' એ દિવસો તો હવે સદાને માટે ગયા જ. માનવજીવનનો સુવર્ણકાળ એટલે બાળપણ. આ એવી અવસ્થા છે જેમાં આપણાં દરેક તોફાનોને માફ કરવામાં આવે છે. ન આર્થિક ઉપાર્જન કે ઘર ચલાવવાની ચિંતા, ન સામાજિક જવાબદારીઓ.

હું મારા બાળપણની વાત કરું તો હું બાળપણમાં ખૂબ જ રમતિયાળ અને તોફાની હતો. ઘણી બધી કુટેવો હતી. મારી મનપસંદ વસ્તુઓ કે રમકડાં મેળવવા હું એવી જીદ કરતો કે મારાં માતા - પિતા જ નહીં, નાનાં - મોટાં ભાઈ - બહેન પણ શરણાગતિ સ્વીકારી મારી જીદ પૂરી કરી આપતા. મને યાદ છે. કપડાં, ફટાકડા, રમકડાં વગેરે મારા ભાગે વધારે અને સારા આવતાં. આજે એ બધું યાદ કરું છું ત્યારે આનંદની લાગણી અનુભવું છું.

હું ત્રણ કે ચાર વર્ષનો હોઈશ ત્યારે મને બાલમંદિરમાં મૂકવામાં આવ્યો. બાલમંદિરમાં જયાં સુધી મારાં મમ્મી સાથે હોય ત્યાં સુધી જ હું રહેતો. ઘરે જવા માટેનું હાજર હથિયાર - મોટેથી રડવાનું હતું. રડવાથી જ બધી જીદો પૂરી થતી. હા, બાલમંદિરનાં સ્મરણો અદ્‌ભુત હતાં, જેને આજે પણ વાગોળું છું. ક્રિયા દ્વારા કેળવણી અને ઈન્દ્રિયોની ખરી કેળવણી બાલમંદિરમાં જ મળી. સમૂહજીવનની તાલીમનો પહેલો પાઠ પણ ત્યાં મળ્યો. એકંદરે બાળમંદિરના દિવસો સોનેરી હતા.

હું પાંચ વર્ષનો થયો ત્યારે શ્રીફળ અને સાકરના પડા સાથે મને પ્રાથમિક શાળાના પહેલા ધોરણમાં દાખલ કર્યો પરંતુ બાળમંદિર જેવું વાતાવરણ ન મળ્યું. અહીં ભણવું પડતું, રમકડાં અને વિવિધ નાસ્તા ન હતાં. પ્રેમાળ શિક્ષકો અને નાચ - ગાન - સંગીત ઓછું થયું. કંટાળાજનક ગણિત - વિજ્ઞાન જેવા વિષયો પરાણે ભણવા પડતાં. હા, શાળાના સમય બાદ દફતરનો ઘરમાં ઘા કરી શેરીરમતો મોડી રાત સુધી ચાલતી. અહીં જ હું વાંચતા - લખતા શીખ્યો. આજે પણ એ શિક્ષકોના ચહેરા મને બરાબર યાદ છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં વેકશન જ મારો પ્રિય વિષય હતો. જાહેર રજાઓ, રવિવારની તો કાગડોળે રાહ જોતો. રજાના દિવસોમાં મિત્રો સાથે સીમમાં બોર - જામફળ - કાતરાં - આંબલી - ઓળાની મોજ માણવા નીકળી પડતાં. રજામાં સાઈકલ લઈ મિત્રો સાથે દૂર - દૂર નીકળી જતાં. ક્રિકેટ એમાંય શેરી ક્રિકેટ આખી સોસાયટીના ઝઘડાનું કારણ હતી. સિઝન અનુસાર ભમરડા, મોઈદાંડિયો - પિચકારી - પતંગબાજી થતી રહેતી. શેરીરમતોમાં મારપીટ પણ થતી. ઉનાળાના વેકેશનમાં પરિવાર સાથે આબુ- અંબાજી કે મામાના ઘરે જવાનો લહાવો મળતો. દિવાળી તો અમારી શેરીમાં ઘરઆંગણે જ થતી. તહેવારની સાચી મજા તો ઘરે જ આવે. દસમા ધોરણમાં આવ્યા પછી આ મારો સુવર્ણકાળ સમાપ્ત થયો.

બાળપણમાં ખટમધુરાં સ્મરણો જીવનભર યાદ રહે છે. બાળગોઠિયાઓ જીવનભરના મિત્રો બની જાય છે. અભ્યાસમાં પણ આ મિત્રોની ખૂબ જ મદદ મળી છે. કયારેક મારપીટ તોફાન - મસ્તી

ચાલ્યાં કરે પરંતું અંતે તો બધાંએ સાથે જ રહેવાનું અને રમવાનું હોય છે. વીતી ગયેલું આ બાળપણ પાછું આવતું નથી એનું ખૂબ જ દુઃખ છે. એ મસ્તીખોર સ્વભાવ અને જીદ્દી સ્વભાવ ક્યાં ચાલ્યા ગયા ખબર નથી. બોર્ડની પરીક્ષાના ભયાવહ વાતાવરણમાં ઘરમાં પૂરાઈને વાંચ - વાંચ કરવું પડે છે.

બાળપણ વિશે કોઈએ ખરું જ ગાયું છે, કે

'वह कागज की कश्ती वह बारिश का पानी....'

ખરેખર કાગળની હોડી અને વરસાદમાં નહાવાની મજા ચાલી ગઈ છે.

(3) વૃક્ષ ઉગાડો, પર્યાવરણ બચાવો.

મુદ્દાઓ:- પ્રસ્તાવના - વૃક્ષોની ઉપયોગિતા - વસ્તી વધારા સાથે ઊભા થયેલા પ્રદૂષણના પ્રશ્નો - પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ - ઉપસંહાર

'આવી આવી વરસાદની ઋતુ,
સૌ સાથે મળી વૃક્ષો વાવીએ.'

ભારતીય સંસ્કૃતિ જીવમાત્રમાં શિવદર્શન કરે છે. 'છોડમાં રણછોડ છે.' આ સૂત્ર પ્રમાણે વૃક્ષ સજીવ જ નહીં, ઘણાં સજીવોનું આશ્રયસ્થાન છે. એક વૃક્ષ પડે છે ત્યારે ઘણાં જીવો બેઘર બને છે. હિન્દુ ધર્મમાં તો વડ-પીપળાની પૂજા કરવામાં આવે છે. ફકત પ્રાણવાયુની ઉપલબ્ધતાની દષ્ટિએ જોઈએ તો વૃક્ષો જીવમાત્રનાં પ્રાણદાતા છે.

વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. પ્રકાશસંશ્લેષણ દ્વારા લીલાં પાંદડાં હવાને શુદ્ધ રાખે છે. વૃક્ષ રણને આગળ વધતું અટકાવે છે. વૃક્ષ જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષ શીતળ છાયામાં પશુ - પંખી, કીડી - મંકોડા જેવાં જીવજંતુઓ અને મનુષ્ય વિશ્રામ મેળવે છે. વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો જલાઉ અને ઈમારતી લાકડું પૂરું પાડે છે. વૃક્ષ ફળ - ફૂલ ઉપરાંત ઔષધિ આપે છે.

ઈ.સ 2011 ની વસ્તીગણતરી પ્રમાણે ભારતની વસ્તીગીચતા દર ચોરસ કિલોમીટરે 328 હતી. વિશ્વની કુલ વસ્તીની 17.5% વસ્તી ભારતમાં છે. વસ્તીવૃદ્ધિનો દર 17.64% હતો. કેટલાંક વર્ષો પૂર્વે આપણા દેશમાં ગાઢ જંગલો હતાં. આજે દેશનો 24.39% ભૌગોલિક વિસ્તાર જંગલ આચ્છાદિત છે. આપણું લક્ષ્ય કુલ ભૌગોલિક વિસ્તાર 33% વિસ્તારને જંગલ આચ્છાદિત કરવાનું છે. વસ્તીવધારાના કારણે શહેરીકરણ વધતાં જંગલો કપાઈ રહ્યાં છે. વસ્તીવધારાના કારણે ખાસ કરીને વસ્તીની ગીચતાને કારણે પ્રદૂષણ વધ્યું છે. રોડ - રસ્તાઓ, ઔદ્યૌગિક વસાહતો, માનવ વસાહતો બનાવવા ખેતીલાયક જમીન અને જંગલોને સાફ કરવામાં આવી રહ્યાં છે. આમ, વસ્તીવધારો જ પ્રદૂષણનું મુખ્ય કારણ છે.

પ્રદૂષણના પ્રશ્નનો એકમાત્ર ઉકેલ વસ્તીવધારાને કાબૂમાં રાખવાનો છે. વસ્તીવધારો થતા જળ, વાયુ, જમીન અને સમગ્ર પર્યાવરણનું પ્રદૂષણ વધ્યું છે. વસ્તીમાં વૃદ્ધિ થતાં જળ, જમીન અને કુદરતી સંસાધનનો બેફામ ઉપયોગ થાય છે. ઔદ્યૌગિક કારખાનાંઓની ચીમનીઓ રાત - દિવસ ઝેરી ગેસ છોડે છે. વાહનવ્યવહાર વધતાં હવાનું પ્રદૂષણ વધે છે. પીવાલાયક પાણીનો વેડફાટ વધે છે. આમ, પ્રદૂષણ ઘટાડવા અને સમગ્ર પર્યાવરણને જાળવી રાખવા વસ્તીવધારાને અટકાવવો એ જ એકમાત્ર ઉકેલ છે.

5 જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી માત્ર વૃક્ષો વાવીને જ નહીં, પરંતુ વૃક્ષોની જાળવણી કરીને વૃક્ષોનો ઉછેર કરીને કરવી જોઈએ. પર્યાવરણ જાળવી રાખવા વૃક્ષો વાવવાં પૂરતાં નથી, જંગલો કપાતાં અટકાવવાં પણ એટલાં જ જરૂરી છે. દેશને 100% સાક્ષર બનાવી વસ્તીવધારાને અટકાવવો એ જ પર્યાવરણ દિવસની સાચી ઉજવણી છે.